RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 24-06-2026 I VOL : 12 I Issue : 99 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

સુવિચાર

જીવન એક સફર છે, સ્પર્ધા નહીં. ધીરજ રાખો, સમય બદલાય છે.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

ગાંધીનગરમાં હાઈપ્રોફાઈલ બેઠક: નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ગૃહ વિભાગ....

4

શી જિનપિંગના દિલ્હી પ્રવાસ પહેલા ભારત તેમના કટ્ટર હરીફની કરશે યજમાની

6

નવાઝુદ્દીન સાથે ઈન્ટિમેટ સીનમાં અસહજ થઈ ગઈ હતી અભિનેત્રી

7

27 કરોડનો પંત 15 કરોડમાં દિલ્હી કેપિટલ્સમાં પાછો ફર્યો

## એક નજર...

### અભિનેત્રી મેઘા શુક્લાની ફિટનેસ પર ફિદા થયા ફેન્સ



અભિનેત્રી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે અને અવારનવાર તેની કિલર તસવીરો શેર કરીને ચાહકોને દિવાના બનાવે છે. હાલમાં જ, મેઘા શુક્લાએ બોલ્ડ પોઝ આપતી તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, જેણે ઈન્ટરનેટ પર હલચલ મચાવી દીધી છે. આ તસવીરોમાં તેનો ફિટ અને હોટ અંદાજ જોઈને ચાહકો ચોંકી ગયા છે.

## NEWS TRACK

### કતારના LNG પ્લાન્ટમાં બ્લાસ્ટ: 12 ભારતીયોના મોત, 66 ઈજાગ્રસ્ત; 70 કિમી દૂર સુધી બારી-બારણાં ધ્રૂજ્યા

કતારના પ્રખ્યાત રાસ લફાન લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) કોમ્પ્લેક્સમાં આવેલા બારઝાન ગેસ સપ્લાય પ્લાન્ટમાં એક ભીષણ વિસ્ફોટ થયો હતો. આ ભયાનક દુર્ઘટનામાં 12 ભારતીય નાગરિકો સહિત કુલ 13 લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે અન્ય 66 લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ બ્લાસ્ટ એટલો શક્તિશાળી હતો કે તેનો આંચકો 70 કિલોમીટર દૂર કતારની રાજધાની દોહા સુધી અનુભવાયો હતો. આ ઘટના અંગે કતારના ઊર્જા મંત્રી અને 'કતાર એનર્જી'ના ચીફ એક્ઝિક્યુટિવ સાદ અલ-કાબીએ પત્રકારો સાથે વાતચીત કરતા સત્તાવાર પુષ્ટિ કરી છે. તેમણે આ ઘટનાને એક 'ટેકનિકલ અકસ્માત' ગણાવ્યો છે અને મૃતકોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે અને ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરી દેવાઈ છે. મંત્રી સાદ અલ-કાબીએ ભાવુક થઈને નિવેદન આપ્યું હતું કે, હું આજે મારી જાતને એક એવા સ્થાને ઊભેલી જોઈ રહ્યો છું, જ્યાં મારે કંઈક એવું કરવું પડી રહ્યું છે જેની મેં હંમેશા આશા રાખી હતી કે ક્યારેય ન કરવું પડે.

### મિડલ ઈસ્ટ યુદ્ધ વચ્ચે ભારતનો માસ્ટર સ્ટ્રોક, UAEને બ્રહ્મોસ આપશે અને ઈઝરાયલ સાથે પણ ડીલ!

તાજેતરના વર્ષોમાં ભારતે તેની સંરક્ષણ નીતિ અને નિકાસ ક્ષમતામાં નોંધપાત્ર પરિવર્તન જોયું છે. જેમાં UAE સાથે સંભવિત બ્રહ્મોસ મિસાઈલ ડીલ અને ઈઝરાયલ સાથે શસ્ત્ર ઉત્પાદન ભાગીદારી તાજેતરના ઉદાહરણો છે. ઈરાન-ઈઝરાયલ સંઘર્ષે મિડલ ઈસ્ટમાં સુરક્ષા ચિંતાઓ વધારી છે, જેના કારણે ઘણાં દેશો નવા અને વિશ્વસનીય શસ્ત્ર સપ્લાયર્સ શોધવા તરફ દોરી ગયા છે. ભારત આ જ સ્થાને મજબૂત રીતે ઊભું છે. એક સમયે આયાતકાર રહેતું ભારત હવે નિકાસકાર તરીકે ઉભરી રહ્યું છે. આમ, મિડલ ઈસ્ટ યુદ્ધ બાદ ભારતીય ડિફેન્સ માટે નવા દ્વાર ખૂલ્યા છે. ઈરાન-ઈઝરાયલ તણાવ અને યુદ્ધે સમગ્ર પ્રદેશમાં સુરક્ષાની સ્થિતિ બદલી નાખી છે. UAE અને અન્ય ગલ્ફ દેશોએ અનુભવ્યુ છે કે, યુએસ શસ્ત્રો પર આંધળો આધાર રાખવો પૂરતો નથી. તેમને ઝડપી, સચોટ અને વિશ્વસનીય સિસ્ટમોની જરૂર છે જે પ્રાદેશિક જોખમોનો સામનો કરી શકે. બ્રહ્મોસ મિસાઈલ અને આકાશતીર એર ડિફેન્સ સિસ્ટમ આ જરૂરિયાતોને ચોક્કસપણે પૂર્ણ કરે છે.

### અનેક લોકો જીવ બચાવવા નીચે કૂદ્યા

# 12 દિવસના વિલંબ બાદ મુંબઈમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી....

લખનઉ

યુપીની રાજધાની લખનઉમાં સોમવારે બપોરે 2:15 વાગ્યે એક બિલ્ડિંગમાં આગ લાગી ગઈ. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 15 લોકોના મોત થઈ ચૂક્યા છે. જેમાં 3 મહિલાઓ અને 12 પુરુષો સામેલ છે. મૃતકોમાં મોટાભાગના વિદ્યાર્થીઓ છે. જે બિલ્ડિંગમાં આગ લાગી, તે અલીગંજ વિસ્તારમાં આવેલી છે. બેઝમેન્ટ, ગ્રાઉન્ડ અને પ્રથમ માળ પર પેટ શોપ અને ક્લિનિક છે. બીજા માળ પર 'લર્નિંગ સ્પેસ' નામની લાઈબ્રેરી (કોચિંગ) અને 'હેડ હોપર સ્ટુડિયો' છે, જેમાં 3D આર્ટ પ્રોડક્શન અને ગેમ એસેટ આઉટસોર્સિંગનું કામ થાય છે. માહિતી મુજબ, આગ ફેલાયા બાદ બીજા માળ પર ચાલી રહેલા કોચિંગ ક્લાસના વિદ્યાર્થીઓએ પોતાની જાતને બાથરૂમમાં બંધ કરી લીધી હતી. જીવ બચાવવા માટે જયંત નામનો એક વિદ્યાર્થી પહેલા માળ પરથી નીચે




કૂદી પડ્યો હતો, જ્યારે 5 લોકો તારના સહારે લટકીને નીચે ઉતર્યા હતા. હજુ સુધી આગ લાગવાનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી, પરંતુ બેઝમેન્ટમાં લગાવેલા ACમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હોવાની આશંકા સેવાઈ રહી છે. ફાયર બ્રિગેડની આશરે 10 ગાડીઓએ આગ પર કાબૂ મેળવી લીધો છે. SDRF અને NDRFની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ફાઈટર્સે બિલ્ડિંગની પાછળની દીવાલ તોડી હતી, જેમાંથી મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. બિલ્ડિંગમાં ઈમરજન્સી એક્ઝિટની કોઈ વ્યવસ્થા ન હતી.

## ભારત તરફ આવી રહેલા 11 જહાજે હોર્મુઝ પાર કર્યું

નવી દિલ્હી

હોર્મુઝ જળમાર્ગમાં અવરજવર ફરી શરૂ થઈ છે. 17 જૂનથી અત્યાર સુધીમાં 11 ભારતીય જહાજોએ આ માર્ગ સુરક્ષિત રીતે પાર કર્યો છે, જ્યારે 10 જહાજો હજુ રાહ જોઈ રહ્યા છે.

હોર્મુઝમાં તણાવ હોવા છતાં ભારતની ઉર્જા અને ખાદ્ય સુરક્ષા પર કોઈ નકારાત્મક અસર પડી નથી. હોર્મુઝ બંને તરફથી ખુલતા સ્થિતિ સામાન્ય હોર્મુઝ એ મધ્ય પૂર્વનો અત્યંત મહત્વનો દરિયાઈ માર્ગ છે, જ્યાંથી વિશ્વનું લગભગ 20-25% ક્રૂડ ઓઈલ અને પ્રાકૃતિક ગેસ પસાર થાય છે. ભારત પોતાની કુલ તેલની જરૂરિયાતના 80-85% આ જ રૂટથી આયાત કરે છે. તાજેતરમાં તણાવને કારણે અહીં અવરજવર પ્રભાવિત થઈ હતી, પરંતુ હવે સ્થિતિ સામાન્ય થઈ રહી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે પુષ્ટિ કરી છે કે, બે ભારતીય જહાજો આ બાજુથી ફારસની ખાડીમાં સફળતાપૂર્વક પ્રવેશી ચૂક્યા છે, જ્યારે ભારતીય ધ્વજ ધરાવતા અન્ય 10 જહાજો હજુ પણ તે વિસ્તારમાં હાજર છે. એમઓયુ પર હસ્તાક્ષર થયા બાદથી ભારત તરફ આવી રહેલા 11 જહાજો હોર્મુઝ જળમાર્ગ પાર કરી ચૂક્યા છે.

# રામમંદિર દાન ચોરીનો રિપોર્ટ SITએ સરકારને સોંપ્યો

### પ્રારંભિક અનુમાનો અનુસાર, આ ચોરી 200 કરોડ રૂપિયાથી વધુની હોઈ શકે છે

અયોધ્યા

અયોધ્યા રામ મંદિર દાન ચોરી કેસમાં SITએ પોતાનો તપાસ રિપોર્ટ યુપી સરકારને સોંપી દીધો છે. મંગળવારે સવારે SIT ની ટીમ અપર મુખ્ય સચિવ (ગૃહ) સંજય પ્રસાદની ઓફિસે પહોંચી અને તેમને રિપોર્ટ સોંપ્યો. ટીમે જણાવ્યું કે આ હાલમાં પ્રારંભિક રિપોર્ટ છે. અમારી જે પણ ફાઈન્ડિંગ્સ હતી, તે આપી દીધી છે. રિપોર્ટ લગભગ 150 પાનાનો હોવાનું કહેવાય છે. તેમાં 150 લોકોની પૂછપરછની વિગતો છે. સૂત્રો અનુસાર, ટીમે આ મામલે FIR નોંધવા અને ટ્રસ્ટનું ફરીથી ગઠન કરવાની ભલામણ કરી છે. એવી પણ ભલામણ કરવામાં આવી છે કે કોઈ વરિષ્ઠ અધિકારીને મંદિરના CEO તરીકે નિયુક્ત કરવામાં આવે.

વિગતવાર તપાસ માટે વધુ સમય આપવામાં આવે. સૂત્રો અનુસાર, SIT એ રિપોર્ટમાં છેલ્લા 5 વર્ષના ચઢાવાનો ઓડિટ કરાવવાની પણ ભલામણ કરી છે. આ ઉપરાંત, ચઢાવામાં અનિયમિતતા રોકવા માટે ઘણા સૂચનો આપવામાં આવ્યા છે, જેમ કે કર્મચારીઓની નવી ભરતી. હવે આ રિપોર્ટ પર સીએમ યોગી અંતિમ નિર્ણય લેશે. SIT એટલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમમાં લખનઉ કમિશનર વિજય વિશ્વાસ પંત (IAS), IG લખનઉ રેન્જ કિરણ શિવકુમાર અને યુપી ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટ્સ સર્વિસના વિશેષ સચિવ (નાણાં) નીલરતન કુમારનો સમાવેશ થાય છે. ટીમે રામ મંદિરની 6 દિવસ સુધી તપાસ કરી હતી. રામ મંદિર ટ્રસ્ટની ભલામણ પર સીએમ યોગીએ 14 મેના રોજ SITની રચના કરી હતી.

# કરજણમાં ખાખી-ખાદીની મિલીભગત: ધારાસભ્ય અક્ષય પટેલ અને કથિત ગુંડા ઘુઘા ભરવાડની 'ભૂમાફિયાશાહી'એ નર્મદાની કૂખ ઉજ્જડ કરી!

## 150 ડમ્પર અને 'બાજ' મશીનોની ગુંડાગર્દી: દર મહિને લાખોની વસૂલી કરતો ધારાસભ્યનો પુત્ર ઋષિ પટેલ; તંત્ર લાંચના નશામાં ચૂર!











કરજણ તાલુકાના સભ્ય ઘુઘો ભરવાડ


કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ

બરોડા/કરજણ

સત્તાના નશામાં ચૂર નેતાઓ અને ગુનાહિત માનસિકતા ધરાવતા ચમચાઓ જ્યારે કાયદાને પોતાના જોડાની નોક પર રાખે ત્યારે કેવો વિનાશ સર્જાય, તેનો જીવતો-જાગતો પુરાવો એટલે કરજણ તાલુકો! કોંગ્રેસમાંથી ભાજપના 'વોશિંગ મશીન'માં ધોવાઈને પવિત્ર થઈ ગયેલા કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ અને ક્રિમિનલ માઈન્ડસેટ ધરાવતા કરજણ નગરપાલિકાના વોર્ડ નંબર ૬ ના સદસ્ય ઘુઘા ભરવાડ તેમજ ગોકુલ ભરવાડે સમગ્ર પિંગરવાડા અને ઘનધારા ગામને લૂંટવા માટે માફિયા સામ્રાજ્ય ઊભું કર્યું છે. સરકારી તિજોરીને કરોડોનો ચૂનો લગાડીને આ ટોળકી ગુજરાત સરકારના કાયદાના લીરેલીરા ઉડાવી રહી છે.

### કુદરત પર બળાત્કાર: નર્મદા નદીના પટમાં 200 ફૂટના ઘાતક ખાડા!

પિંગરવાડા ગામમાં કોઈના બાપની મિલકત હોય તેમ ૧૨૦ થી ૧૫૦ ડમ્પર, ૧૬ હિટાચી અને ૨૦ થી વધુ જેસીબી મશીનો રાત-દિવસ જમીનનું સીનું ચીરી રહ્યા છે. મંજૂરી કરતાં ૧૦ ગણું વધારે ખોદકામ કરી આખા ગામને વેરવિખેર કરી નાખ્યું છે. હદ તો ત્યાં વટાવી દીધી કે પવિત્ર નર્મદા નદીના પટમાં કોઈ પણ પરમિશન વગર ઘાતક 'બાજ' મશીનો ઉતારીને ૨૦૦-૨૦૦ ફૂટ ઊંડા ખાડા પાડી દેવાયા છે. ગાયો માટેની ગોચર જમીનો પણ આ ભૂખ્યા વરુઓએ ચાવી ખાધી છે. ઘનધારા ગામના એક જાગૃત પ્રજાપતિ યુવકે આ પાપ સામે મુખ્યમંત્રી ઓફિસ સુધી લેખિતમાં પુરાવા આપ્યા, છતાં ગાંધીનગરનું તંત્ર કાનમાં તેલ નાખીને સૂતું છે!

### 'બાપજી' અને 'રાધે કૃષ્ણ'ના નામે ખુલ્લી ખંડણી અને રોયલ્ટી ચોરી

### આ આખા કૌભાંડનું નેટવર્ક એટલું ગંદુ છે કે જાણીને ભલભલાના રુંવાડા ઊભા થઈ જાય:

વસૂલી ભાઈ ઋષિ પટેલ: ધારાસભ્ય અક્ષય પટેલ અને તેના કાકાના દીકરા દીક્ષિત પટેલની આશરે ૧૨૦ જેટલી આઇવા ગાડીઓ બિનધિસ્ત દોડે છે. આ ગાડીઓ પર કોઈ પોલીસ હાથ ન નાખે તે માટે 'બાપજી' અને 'રાધે કૃષ્ણ' ના સિમ્બોલ લગાડવામાં આવ્યા છે. આ ગાડીઓ પાસ કરાવવા માટે ધારાસભ્યનો પુત્ર ઋષિ પટેલ દર મહિને ગાડી દીઠ ૪૦,૦૦૦ રૂપિયાની કાળી વસૂલી (હપ્તો) ઉઘરાવે છે!

૨૨ ટનની રોયલ્ટી, માલ ૫૦ ટન: સરકારી કાગળ પર માત્ર ૨૨ ટનની રોયલ્ટી ભરીને ગાડીઓમાં ૫૦-૫૦ ટન માલ ઓવરલોડ ભરી આખા ગુજરાતના હાઈવે તોડી નાખવામાં આવી રહ્યા છે અને કરોડોની ટેક્સ ચોરી થાય છે.

### કાળી કમાણીમાંથી કરોડોના બંગલા અને બેનામી લક્ઝરી કારો

જે જનતાના મતોથી જીત્યા, તે જ જનતાની જમીનો વેચીને આ નેતાઓ માલામાલ થઈ ગયા છે. ધારાસભ્યના પુત્રએ ૩ થી ૪ કરોડની નવીનકોર લક્ઝરી કાર ખરીદી છે, જ્યારે ક્રિમિનલ ઘુઘા ભરવાડે ૨ થી ૩ કરોડના બંગલા અને ગાડીઓ વસાવી લીધી છે. પોતે કાયદાની પકડમાં ન આવે તે માટે ધારાસભ્ય અક્ષય પટેલે કરણ ગામના જયદત અને મોસિન પઠાણ જેવા ડમી માણસોના નામે બેનામી મિલકતોનો પહાડ ખડકી દીધો છે.

### ભ્રષ્ટ અધિકારીઓ: "મારી પાસે સ્ટાફ નથી, હું શું કરું?"

### આ કૌભાંડ કેમ ચાલે છે? કારણ કે રક્ષક જ ભક્ષક બન્યા છે.

એસડીએમ શિવમ બારીયા લાંચના કરોડો રૂપિયા ખિસ્સામાં મૂકીને પોતાની તમામ નૈતિક જવાબદારી ભૂલી ગયા છે. જનતા જ્યારે સવાલ પૂછે છે ત્યારે શરમ વગર એવું બહાનું કાઢે છે કે, 'મારી પાસે સ્ટાફ નથી, હું શું કરું!' બીજી તરફ, ખાણ ખનીજ વિભાગના ફ્લાઈંગ સ્ક્વોડના ચાવડા સાહેબ કાળી કમાણીના હપ્તા પહોંચી ગયા બાદ હવે જનતા કે મીડિયાના ફોન ઉપાડવાની પણ હિંમત કરી શકતા નથી.

### 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો લલકાર: જનતા હવે સીએમ ઓફિસ ઘેરશે!

આ ભ્રષ્ટ ટોળકી સીધેસીધી રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રતિષ્ઠાને ચેલેન્જ ફેંકી રહી છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' કરજણની જનતાને આહવાન કરે છે કે, પોતાની ધરતી અને નર્મદા મૈયાને બચાવવા માટે ગાંધીનગર કૂચ કરો અને સીએમ ઓફિસનો ઘેરાવ કરો.

અમે સરકારને ચેતવણી આપીએ છીએ કે જો આ અક્ષય પટેલ, ઋષિ પટેલ અને ઘુઘા ભરવાડ જેવા માફિયાઓ પર તાત્કાલિક બુલડોઝર નહીં ફરે અને જેલના સળિયા પાછળ નહીં ધકેલાય, તો 'પાક્કો ગુજરાત ન્યૂઝ' જનતા વતી હાઈકોર્ટમાં ગ્રીન પિટિશન ઠોકશે અને આ આખી ભ્રષ્ટ ટોળકીના વસ્ત્રો ઉતારીને જ જંપશે!

મુખ્યમંત્રી સાહેબ, આ ભ્રષ્ટાચારીઓ વિરુદ્ધ સખત એક્શન લેવાશે કે પછી તમારી સરકાર પણ આ 'વોશિંગ મશીન'ના નેતાઓ સામે ઘૂંટણ ટેકી દેશે? જનતા જવાબ માંગે છે!

**સીએમ ઓફિસના નાક નીચે કરોડોની રોયલ્ટી ચોરી: 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો ખુલ્લો પડકાર – જો જેલભેગા નહીં કરાય તો હાઈકોર્ટમાં ખેંચી જઈશું!**

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# સુરત પાલિકાની શાળાઓમાં પ્રવેશ વધારવાના અભિયાન વચ્ચે સમિતિના અધ્યક્ષ ખાનગી સ્કૂલના મંચ પર પહોંચ્યા

નડિયાદ/ખેડા

સુરત પાલિકા સહિત સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધે, વાલીઓનો વિશ્વાસ મજબૂત બને અને શિક્ષણ સમિતિની શાળાને વધુ પ્રાધાન્ય મળે તે માટે રાજ્યભરમાં પ્રવેશોત્સવની ઉજવણી થઈ રહી છે. પરંતુ સુરતમાં આ જ પ્રવેશોત્સવ દરમિયાન શિક્ષણ સમિતિના અધ્યક્ષની હાજરી ચર્ચાનો વિષય બની છે. પાલિકા સંચાલિત શાળાઓમાં નવા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવ્યા બાદ તેઓ ગાંધીનગરથી આવેલા અધિકારી સાથે ખાનગી અંગ્રેજી માધ્યમની શાળાના કાર્યક્રમમાં પહોંચ્યા હતા. એક તરફ અન્ય પદાધિકારીઓ અને અધિકારીઓ સરકારી શાળાઓમાં પ્રવેશોત્સવને સફળ બનાવવા માટે દોડધામ કરી રહ્યા હતા, ત્યારે શિક્ષણ સમિતિના સર્વોચ્ચ પદાધિકારીની ખાનગી શાળામાં હાજરીએ તેમની પ્રાથમિકતા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. સરકારી શાળાઓમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ લે, વાલીઓનો સરકારી શિક્ષણ પ્રત્યે વિશ્વાસ વધે અને પાલિકા સંચાલિત શાળાઓની છબી મજબૂત બને તે માટે આખું તંત્ર મેદાનમાં ઉતર્યું હતું. મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, કોર્પોરેટરો, અધિકારીઓ અને શિક્ષણ સમિતિના સભ્યો અલગ-અલગ શાળાઓમાં જઈ બાળકોને આંગળી પકડીને પ્રવેશ અપાવી રહ્યા હતા. બીજી તરફ શિક્ષણ સમિતિના અધ્યક્ષે કેટલીક શાળાઓમાં હાજરી આપ્યા બાદ ગાંધીનગરથી આવેલા એક ઉચ્ચ અધિકારી સાથે સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ અને સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ અંગ્રેજી માધ્યમની શાળાના પ્રવેશોત્સવમાં હાજરી આપી હતી. આ ઘટનાએ અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. જે વ્યક્તિ સમગ્ર શહેરની પાલિકા સંચાલિત શાળાઓનું નેતૃત્વ કરે છે અને સરકારી શિક્ષણને પ્રોત્સાહન આપવાની જવાબદારી ધરાવે છે, તે જ વ્યક્તિ પ્રવેશોત્સવ જેવા મહત્વપૂર્ણ અભિયાન દરમિયાન ખાનગી શાળાના કાર્યક્રમમાં હાજરી આપે તો તેનાથી કયો સંદેશ જાય છે તે અંગે શિક્ષણ વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે.

## નિવૃત્ત એસ.ટી. બસોને આધુનિક- સુસજ્જ મોબાઈલ ક્લાસરૂમમાં ફેરવીને રણશાળા વાહનો તૈયાર કરાયા

# કંડમ ST બસમાંથી બની સ્માર્ટ સ્કૂલ : એક બસમાં 20થી વધુ બાળકો ભણશે.., શાળા પ્રવેશોત્સવે હર્ષ સંઘવીએ કરી પ્રશંસા

અમદાવાદ

રાજ્યમાં શાળા પ્રવેશોત્સવની શરૂઆત સાથે શિક્ષણ ક્ષેત્રે એક અનોખી પહેલ સામે આવી છે. વડનગર ખાતેથી મુખ્યમંત્રી દ્વારા શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ એસટી નિગમની કંડમ હાલતમાં રહેલી બસને આધુનિક શાળામાં પરિવર્તિત કરવાની પહેલને અભિનંદન આપતાં જણાવ્યું કે, આ ગુજરાતમાં વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાનું ઉત્તમ ઉદાહરણ છે.

હર્ષ સંઘવીએ જણાવ્યું કે 'રણ શાળા' એક યુનિક મોડલ છે, જેમાં સોલર એનર્જીના ઉપયોગથી બસની અંદર 20થી વધુ બાળકો માટે અભ્યાસની સુવિધા ઉભી કરવામાં આવી છે. બસને માત્ર વર્ગખંડ તરીકે નહીં પરંતુ બાળકો રમતા-રમતા શીખી શકે તે રીતે ડિઝાઈન કરવામાં આવી છે. શિક્ષણને વધુ રસપ્રદ અને સર્જનાત્મક બનાવવા માટે વિવિધ શૈક્ષણિક સાધનો પણ તેમાં સામેલ કરવામાં આવ્યા છે.

તેમણે વધુમાં કહ્યું કે ગુજરાત એસટીનો આ પ્રયાસ રાજ્ય માટે ગૌરવની બાબત છે. તૈયાર કરાયેલી આ વિશેષ બસ હવે શિક્ષણ વિભાગને સોંપવામાં આવશે જેથી તેનો ઉપયોગ દૂરદરાજ અને જરૂરિયાતવાળા વિસ્તારોમાં થઈ શકે. ભવિષ્યમાં આવી વધુ બસો તૈયાર કરીને શિક્ષણના વ્યાપને વિસ્તૃત કરવાની પણ રાજ્ય સરકારની યોજના હોવાનું તેમણે જણાવ્યું.

શાળા પ્રવેશોત્સવના માધ્યમથી રાજ્ય સરકાર શિક્ષણને દરેક બાળક સુધી પહોંચાડવા પ્રતિબદ્ધ હોવાનું નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું.

નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આ ૨૮ રણ શાળા આજે ગાંધીનગરથી સુરેન્દ્રનગર, પાટણ, કચ્છ અને મોરબી જિલ્લાના અગરિયા વિસ્તારો માટે પ્રયાણ કરશે. આ રણશાળા એ એક ખૂબ જ યુનિક મોડલ છે. બસની અંદર ૨૦ થી વધુ બાળકો માટે સોલર એનર્જીના માધ્યમથી ટીવી અને ડીશ ટીવીની વ્યવસ્થા છે જેથી ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતા ઓનલાઈન ક્લાસીસનો પણ આ બધા જ બાળકો લાભ લઈ શકશે.

રણની અંદર જે પરિવાર અગરિયા તરીકે કામ કરી રહ્યા છે તેમના બાળકોને ભણવા માટે ક્યાંકને ક્યાંક દૂર જવું ન પડે તે માટે પ્રત્યેક બાલકોને આ બસમાં ક્લાસ થકી આવનારા દિવસોમાં ભણતર આપવામાં આવશે.

તેમણે કહ્યું કે, આ બસો જે બિન ઉપયોગી હાલતમાં હતી એ જ બસ આજે શાળાનો ઉત્તમ ક્લાસ હોય એ પ્રકારની વ્યવસ્થાઓ આ બસની અંદર કરવામાં આવી છે. આગામી સમયમાં પણ આ પ્રકારની વધુ બસો શિક્ષણ આપવાના હેતુથી તૈયાર કરવામાં આવશે જેથી છેવાડાનો એકપણ બાળક શિક્ષણથી વંચિત રહી ન જાય તેમ, તેમણે ઉમેર્યું હતું.




# જામનગરમાં ચાર માસના ગલુડિયા પર લાકડી વડે હુમલો, ઘટના CCTVમાં કેદ, વીડિયો વાઈરલ થતાં પશુપ્રેમીઓમાં રોષ

જામનગર

Jamnagar News: જામનગર શહેરમાં પશુઓ પ્રત્યે ક્રૂરતાનો વધુ એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. શહેરના સરુ સેકન્ડ રોડ વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટની પાછળના ભાગમાં અજાણ્યા શખસ દ્વારા માત્ર ચાર માસના ગલૂડિયાને લાકડાના ધોકાથી નિર્દયતાપૂર્વક માર મારવામાં આવ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં પશુપ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો છે. પ્રાપ્ત વિગતો મુજબ, એક શખસે પોતાના હાથમાં લાકડાનો ધોકો લઈને નાનકડા ગલૂડિયા પર બેરહેમીથી હુમલો કર્યો હતો. આ સમગ્ર ઘટના આસપાસના મકાનમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. વીડિયોમાં ગલૂડિયાને માર મારવામાં આવતો હોવાના દ્રશ્યો જોવા મળે છે. વીડિયોમાં અન્ય શ્વાન પણ ભયભીત થઈને ભાગતા જોવા મળે છે. ઘટનાને કારણે વિસ્તારમાં રહેતા પશુપ્રેમીઓ અને ડોગ લવર્સમાં ભારે કચવાટ જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયામાં પણ લોકો દ્વારા આ કૃત્યની આકરી નિંદા કરવામાં આવી રહી છે અને જવાબદાર વ્યક્તિ સામે કડક કાર્યવાહી કરવાની માગ ઉઠી છે.

## રાજવીરસિંહની હાલત નાજુક, ચાર હુમલાખોરો ફરાર

# નંદેસરીમાં જૂની અદાવતમાં યુવક પર જીવલેણ હુમલો કરાયો

વડોદરા/નંદેસરી

વડોદરા નજીક આવેલા નંદેસરી વિસ્તારમાં જૂની અદાવતનો ખાર રાખીને એક યુવક પર ઘાતકી હુમલો કરવામાં આવ્યો હોવાની સળગતી ઘટના સામે આવી છે. રાજેન્દ્રસિંહ મંગળસિંહ ગોહિલના માણસોએ પૂર્વ આયોજિત કાવતરું રચીને રાજવીરસિંહ નામના યુવકને નિશાન બનાવ્યો હતો. હુમલાખોરોએ રાજવીરસિંહ પર તીક્ષ્ણ હથિયારો વડે તૂટી પડીને તેમના હાથ અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. લોહીલુહાણ હાલતમાં યુવકને ઘટનાસ્થળે જ છોડીને તમામ આરોપીઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા.

આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા રાજવીરસિંહને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની એસએસજી (SSG) હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, અતિશય લોહી વહી જવાને કારણે અને ગંભીર ઈજાઓને લીધે હાલ તેમની તબિયત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

ભરબજારમાં બનેલી આ સનસનાટીભરી ઘટનાની જાણ થતાં જ નંદેસરી પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે અને ત્યારબાદ એસએસજી હોસ્પિટલે દોડી ગયો હતો. પોલીસે હોસ્પિટલ પહોંચીને ભોગ બનનાર યુવકના પરિવારજનોની પ્રાથમિક પૂછપરછ હાથ ધરી હતી.

## 792 આવાસ ખાલી કરાવવા કોર્પોરેશને ઉગામ્યું આખરી હથિયાર

# મનપાની દાદાગીરી સામે જનતાનો આક્રોશ : રાજકોટમાં નળ કનેક્શન કાપવા ગયેલી ટીમ સામે વૃદ્ધ ખાડામાં સૂઈ ગયા!

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા (મનપા) ની જોહુકમી અને તંત્રના જોરજુલમ સામે આજે સ્થાનિક જનતાનો પિત્તો ફાટ્યો હતો. મનપા દ્વારા જ્યારે ગરીબ અને મધ્યમ વર્ગના આવાસ ખાલી કરાવવા માટે અત્યંત ક્રૂર ગણાતું 'નળ કનેક્શન કાપવાનું હથિયાર' ઉગામવામાં આવ્યું, ત્યારે તંત્રના પાપે જનતા રસ્તા પર આવી ગઈ હતી. એક મજબૂર વૃદ્ધ તો તંત્રના અન્યાય સામે વિરોધ નોંધાવવા સીધા ખાડામાં જ સૂઈ ગયા હતા! આ હૃદયદ્રાવક અને રોષે ભરાયેલા દ્રશ્યોએ આખા રાજકોટમાં ભારે ચર્ચા જગાવી છે. રાજકોટના અતિ ચર્ચાસ્પદ બનેલા 792 આવાસને ખાલી કરાવવા માટે મનપા લાંબા સમયથી એડીચોટીનું જોર લગાવી રહી છે. પરંતુ વૈકલ્પિક વ્યવસ્થા કે યોગ્ય ન્યાય ન મળતા સ્થાનિકો ઘર ખાલી કરવા તૈયાર નથી. આખરે જનતાને નમાવવા અને આવાસ ખાલી કરાવવા



માટે મનપાના અધિકારીઓ કાફલા સાથે નળ કનેક્શન કાપવા પહોંચ્યા હતા. પીવાનું પાણી બંધ કરીને લોકોને તરસ્યા મારી ઘર ખાલી કરાવવાની આ અમાનવીય નીતિ સામે સ્થાનિકોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો.

મનપાની ટીમ જેવી નળ કનેક્શન કાપવા માટે ખોદકામ કરવા લાગી, કે તુરંત જ એક સ્થાનિક વૃદ્ધ ભારે આક્રોશ અને લાચારી સાથે સીધા ખોદેલા ખાડામાં જઈને સૂઈ ગયા હતા. તેમણે તંત્રને પડકાર ફેંકતા કહ્યું કે, 'ગમે તે થાય, પાણી કપાવા નહીં દઉં. કનેક્શન કાપવું હોય તો પહેલા મારા પર જેસીબી ફેરવી દો!'

આ દ્રશ્ય જોતાં જ મનપાના અધિકારીઓના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. મહિલાઓ અને સ્થાનિકોએ સૂત્રોચ્ચાર કરીને મનપા હાય-હાયના નારા લગાવ્યા હતા અને વાતાવરણ અત્યંત તંગ બની ગયું હતું.

સ્થાનિકોનો ઉગ્ર અને ઘાતક વિરોધ જોઈને આખરે રાજકોટના મેયરે આ મામલે મધ્યસ્થી કરવી પડી હતી. જનતાનો ભારે રોષ જોઈને આખરે તંત્ર બેકફૂટ પર આવ્યું છે. મેયરે સ્થાનિકોની રજૂઆત સાંભળીને કેટલીક આકરી શરતોને આધીન છેક દિવાળી સુધીનો સમય આપવાની જાહેરાત કરી છે. દિવાળી સુધી આવાસ ખાલી કરવા માટે મહોલત મળતા હાલ પૂરતો મામલો થાળે પડ્યો છે.

# જામનગર નજીક મોખાણા ગામની સીમમાં દીપડો દેખાતાં ગ્રામજનોમાં ભયનો માહોલ : ફોરેસ્ટ વિભાગે હાથ ધરી શોધખોળ

જામનગર

જામનગર તાલુકાના નવા મોખાણા ગામની સીમ વિસ્તારમાં ગઈકાલે મોડી રાત્રે દીપડો દેખાતા સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. રાત્રિના આશરે 12.45 વાગ્યે વાડી વિસ્તારમાં એક સ્થળે દીપડો બેસેલો નજરે પડતા સ્થાનિકોએ તાત્કાલિક સાવચેતીના પગલાં લીધા હતા.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, દીપડો થોડો સમય સુધી વાડી વિસ્તારમાં જોવા મળ્યો હતો. ઘટનાસ્થળે હાજર એક સ્થાનિક વ્યક્તિએ પોતાના મોબાઈલ ફોનમાં દીપડાનો વીડિયો પણ કેદ કર્યો હતો, જે બાદ સમગ્ર વિસ્તારમાં ચિંતાનું વાતાવરણ સર્જાયું હતું.

ઘટનાની જાણ સ્થાનિક આગેવાનો તથા ગ્રામજનોએ વન વિભાગને કરતાં ફોરેસ્ટ વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને દીપડાની હાજરી અંગે તપાસ શરૂ કરી હતી. વન વિભાગ દ્વારા આસપાસના વિસ્તારમાં સઘન શોધખોળ હાથ ધરવામાં આવી છે તેમજ દીપડાની હિલચાલ અંગે માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પંચકોશી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. પોલીસ અને વન વિભાગ દ્વારા સંયુક્ત રીતે સ્થાનિક નાગરિકોને સતર્ક રહેવા, રાત્રિના સમયે એકલા બહાર ન નીકળવા તેમજ પોતાના પશુધન અને ઢોરઢાંખરને સુરક્ષિત સ્થળે રાખવા સૂચના આપવામાં આવી છે.

## પેન્શન કાર્ડ વેરિફિકેશન માટે

# APK ઇન્સ્ટોલ કરવી ઠગે ચાંદખેડાના વૃદ્ધને લૂંટ્યા : ખાતામાંથી રૂપિયા 39 લાખ ઉપાડી લીધા

અમદાવાદ

અમદાવાદમાં સાયબર ગુનેગારો હવે સિનિયર સિટિઝન્સ અને નિવૃત્ત કર્મચારીઓને ટાર્ગેટ બનાવી રહ્યા છે. ત્યારે શહેરના ચાંદખેડા વિસ્તારમાં બેન્ક અધિકારીની ખોટી ઓળખ આપીને એક 70 વર્ષીય નિવૃત્ત વૃદ્ધ સાથે લાખો રૂપિયાની ડિજિટલ લૂંટ ચલાવવામાં આવી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. ઠગે વૃદ્ધની ઉંમર અને ટેકનોલોજીની ઓછી જાણકારીનો ગેરલાભ ઉઠાવી, પેન્શન કાર્ડ વેરિફિકેશનના બહાને એપીકે (APK) ફાઈલ ઈન્સ્ટોલ કરાવીને તેમના બેન્ક ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ 39.70 લાખ રૂપિયા સાફ કરી દીધા હતા.

મળતી માહિતી અનુસાર, ચાંદખેડામાં રહેતા 70 વર્ષીય ચિરાગ સુતરિયા નિવૃત્ત જીવન જીવે છે. તેણે જીવનભરની કમાણી અને બચતના નાણાં સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં ઓ.ડી. (Overdraft) તથા એફ.ડી. (Fixed Deposit) એકાઉન્ટમાં રાખ્યા હતા. ગત 18મી જૂનના રોજ સાંજે ચિરાગના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. ફોન કરનાર શખસે સેન્ટ્રલ બેન્કમાંથી બોલતો હોવાનું કહીને વિશ્વાસમાં લીધા હતા અને જણાવ્યું હતું કે તેનું પેન્શન કાર્ડ વેરિફિકેશન કરવાનું બાકી છે. આ પ્રક્રિયા માટે ઠગે ચિરાગના વોટ્સએપ પર 'PENSION CARD VERIFICATION.apk' નામની એક ફાઈલ મોકલી હતી અને તેને ઈન્સ્ટોલ કરવા કહ્યું હતું.

ચિરાગે બેન્ક અધિકારી સમજીને જેવી આ ફાઈલ ડાઉનલોડ કરી, કે તુરંત જ તેમના મોબાઈલ સ્ક્રીન અને આખા ફોનનો રિમોટ એક્સેસ સાયબર ઠગના હાથમાં જતો રહ્યો હતો.

ત્યારબાદ ચિરાગ કશું સમજે તે પહેલાં જ ઠગે તેના મોબાઈલમાંથી નેટ બેન્કિંગના આઈડી, પાસવર્ડ અને બેન્ક તરફથી આવતા ઓટીપી (OTP) ગુપ્ત રીતે મેળવી લીધા હતા. ઠગે ચિરાગના સેન્ટ્રલ બેન્કના ખાતામાંથી ટુકડે-ટુકડે કરીને કુલ 39,70,000 રૂપિયા અલગ-અલગ 'રેઝરપે' (Razorpay) એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર કરી લીધા હતા.

# પાસ આંદોલનના બાકી કેસો પરત ખેંચવા બાંભણિયાની રજૂઆત

અમદાવાદ

પાટીદાર અનામત આંદોલન દરમિયાન નોંધાયેલા બાકી પોલીસ કેસો પરત ખેંચવાની માંગ સાથે પાટીદાર નેતા દિનેશ બાંભણિયાએ રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી છે. બાંભણિયાના જણાવ્યા મુજબ, સુરત અને સુરત જિલ્લામાં નોંધાયેલા 24 જેટલા પોલીસ કેસો હજુ સુધી પરત ખેંચવામાં આવ્યા નથી, જ્યારે સમગ્ર ગુજરાતમાં આશરે 90 કેસો પરત ખેંચવાના બાકી છે. તેમણે જણાવ્યું હતું કે પાટીદાર અનામત આંદોલન દરમિયાન નોંધાયેલા મોટાભાગના કેસો રાજ્ય સરકારે અગાઉ પરત ખેંચી લીધા છે, પરંતુ કેટલાક કેસો હજુ કાયદાકીય અને ન્યાયિક પ્રક્રિયાઓ વચ્ચે અટવાયેલા છે. આવા કેસો અંગે સરકાર સમક્ષ ફરી રજૂઆત કરવામાં આવી છે. દિનેશ બાંભણિયાએ જણાવ્યું કે સુરતમાં 26થી વધુ કેસો પરત ખેંચવાની પ્રક્રિયા બાકી છે, જેમાંથી 24 કેસો સુરત અને સુરત જિલ્લાના છે.

## રથયાત્રાના દિવસે જ કાળમુખો ખેલ

# અમદાવાદમાં 9 વર્ષ પહેલાં નદીમાં ધક્કો મારી પત્નીની હત્યા કરનાર પાપી પતિ આખરે જેલભેગો!

અમદાવાદ

કહેવાય છે કે પાપ ગમે તેટલું ઊંડું ધરબાયેલું હોય, પણ એક દિવસ એ બહાર આવીને જ રહે છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વર્ષ ૨૦૧૭ના એક વણઉકેલાયેલા કેસનો એવો ચોંકાવનારો પર્દાફાશ કર્યો છે, જેને સાંભળીને ભલભલા કાળજા કમ્પી ઉઠશે. આજથી ૯ વર્ષ પહેલાં સાબરમતી નદીમાંથી મળેલી કોમલ સોલંકી નામની મહિલાની લાશ કોઈ અકસ્માત નહીં, પરંતુ તેના જ સગા પતિ મિનેશ સોલંકીએ રચેલું એક ભયાનક મર્ડર પ્લાનિંગ હતું!

ઘટનાની વિગતો એવી છે કે, મિનેશ સોલંકી અને કોમલના લગ્ન થયાના માત્ર ૪ મહિના જ થયા હતા. પરંતુ મિનેશના મનમાં કંઈક અલગ જ રાક્ષસી પ્લાન ચાલી રહ્યો હતો. લગ્નજીવનના ટૂંકા ગાળામાં જ તેણે પોતાની પત્ની કોમલને રસ્તામાંથી હટાવવાનો એટલે કે તેની હત્યા કરવાનો કારસો ઘડી કાઢ્યો હતો.

હત્યારા પતિ મિનેશે પત્નીની હત્યા કરવા માટે ૨૫ જૂન ૨૦૧૭ એટલે કે અષાઢી બીજ–રથયાત્રાના પવિત્ર દિવસની પસંદગી કરી. તે કોમલને રથયાત્રા જોવા અને ફરવાના બહાને ઘરેથી લઈને નીકળ્યો હતો. આખો દિવસ કોમલને અમદાવાદની અલગ-અલગ જગ્યાઓ પર ફેરવીને તે વિશ્વાસ જીતતો રહ્યો. આખરે મોડી સાંજે તે કોમલને સાબરમતી રિવરફ્રન્ટ પર લઈ ગયો હતો.

રિવરફ્રન્ટના શાંત માહોલમાં મિનેશ પત્ની કોમલ સાથે પ્રેમથી વાતો કરી રહ્યો હતો. કોમલને અંદાજો પણ નહોતો કે જેની સાથે તે સાત ફેરા ફરી છે, તે જ તેનો કાળ બનવાનો છે. વાતો કરતાં કરતાં જ અચાનક મોકો જોઈને મિનેશે કોમલને ઊંચકીને સીધી સાબરમતી નદીના ઊંડા પાણીમાં ફેંકી દીધી હતી. કોમલ પાણીમાં ડૂબી ગઈ અને મિનેશ ત્યાંથી ચૂપચાપ સરકી ગયો.

પોતાના પર કોઈને શંકા ન જાય તે માટે મિનેશે શાતિર ગુનેગારની જેમ કાવતરું રચ્યું. પત્નીની હત્યા કર્યા બાદ તે સીધો કાલુપુર પોલીસ સ્ટેશન પહોંચ્યો અને ત્યાં પત્ની કોમલ ગુમ થઈ હોવાની ખોટી ફરિયાદ નોંધાવી દીધી.

# સુરતની હોટલમાં યુવક-યુવતીએ ઝેર ગટગટાવી જીવન ટૂંકાવ્યું, બે વર્ષ પહેલા જ કર્યા હતા કોર્ટ મેરેજ; કારણ ચોંકાવનારુ

સુરત

સુરતના સરથાણા ખાતે સીમાડામાં બાપા સીતારામ ચોક પાસે હોટેલના એક રૂમમાં આજે બપોરે એક દંપતિએ સાથે ઝેરી દવા ગટગટાવીને આપઘાતનો પ્રયાસ કરતા ત્યાં દોડધામ થઈ જવા પામી હતી. જેમાં પત્નીનું કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે પતિની હાલત અત્યંત ગંભીર હોવાથી તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યારે પતિનું પણ આજે (23મી જૂન) મોત થયું છે.

મળતી માહિતી અનુસાર, સરથાણામાં સીમાડા ખાતે બાપા સીતારામ ચોક ખાતે સિલ્વર બિઝનેસ હબમાં આવેલી હોટલના રૂમમાં સોમવારે (22મી જૂન) બપોરે એક યુવાન અને એક યુવતી ઝેરી દવા પી ગયા હતા. આ અંગે ત્યાના સ્ટાફ અને બંને પરિવાર તથા પોલીસને જાણ થતા રૂમમાં દોડી આવ્યા હતા. યુવતીને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કરી હતી. જ્યારે યુવાનને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જતા દાખલ કર્યો હતો. પતિનું પણ આજે (23મી જૂન) મોત થયું છે.

સરથાણા પોલીસની તપાસ દરમિયાન બંને પતિ-પત્ની હોવાનું જણાયું હતું. જેમાં 23 વર્ષીય માનસી ઉમરેટિયા અને 24 વર્ષીય અભય ત્રાડા હોવાની ઓળખ થઈ હતી. તેમના પરિચિત વ્યક્તિના જણાવ્યાનુસાર, બંને એકબીજાને પ્રેમ કરતા હોવાથી બે વર્ષ પહેલા કોર્ટ મેરેજ કર્યા હતા. બાદમાં એકાદ વર્ષ પહેલા બંનેના પરિવારજનો સંમતિ મળતા સગાઈ કરી હતી અને આગામી સમયમાં સામાજિક રીતે પણ બંનેના ધામધૂમથી લગ્ન કરવાના હતા. જ્યારે આગામી સમયમાં લગ્ન યોજવા માટે છોકરીના પરિવારજનો તારીખ આપતા ન હતા.

## રાજકારણ અને સામાજિક આંદોલનો ગરમાયા

# ખેડૂતોના સમર્થનમાં આવ્યા પદ્મિનીબા વાળા : અદાણી-અંબાણી અને પોલીસ પ્રશાસન પર કર્યા આકરા પ્રહાર...!

અમદાવાદ

ગુજરાતમાં ખેડૂતોના વિવિધ મુદ્દાઓ અને વિરોધ પ્રદર્શનોને લઈને રાજકારણ અને સામાજિક આંદોલનો ગરમાયા છે. તેવામાં હવે ક્ષત્રિય અગ્રણી પદ્મિનીબા વાળા ખેડૂતોના સમર્થનમાં મેદાને આવ્યા છે.

ખેડૂતોની ન્યાયની લડાઈમાં સૂર પુરાવતા પદ્મિનીબા વાળાએ કોર્પોરેટ ગૃહો અને પોલીસ તંત્ર સામે અત્યંત આકરા પ્રહારો કર્યા છે, જેને પગલે રાજ્યભરમાં ચર્ચા જાગી છે.

ખેડૂતોના આંદોલન અને વિરોધ વચ્ચે પદ્મિનીબા વાળાએ મીડિયા સમક્ષ પ્રતિક્રિયા આપતા પોલીસ પ્રશાસનની




કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કડક શબ્દોમાં આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, પોલીસ અત્યારે જનતા કે ખેડૂતોનું રક્ષણ કરવાને બદલે અદાણી અને અંબાણી જેવા મોટા ઉદ્યોગપતિઓની દલાલ બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે.

તેમણે ઉમેર્યું કે, પોતાની જમીન અને હક માટે લડતા ધરતીપુત્રોનો અવાજ દબાવવા માટે પોલીસ તંત્રનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે, જે કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવાય નહીં.

પદ્મિનીબાએ અદાણી અને અંબાણી જૂથ પર આકરા પ્રહાર કરતા કહ્યું કે, વિકાસના નામે ખેડૂતોનું શોષણ થઈ રહ્યું છે. મૂડીપતિઓના ફાયદા માટે ગરીબ અને મધ્યમ વર્ગના ખેડૂતોને હેરાન કરવામાં આવી રહ્યા છે. જો ખેડૂત બચશે તો જ દેશ બચશે, પરંતુ સરકાર અને વહીવટી તંત્ર માત્ર મોટા ઉદ્યોગપતિઓની જ ચિંતા કરી રહ્યું હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

અમદાવાદ અને ગુજરાતના અન્ય વિસ્તારોમાં ચાલી રહેલા ખેડૂતોના આ વિરોધ પ્રદર્શનને પદ્મિનીબા વાળાએ પોતાનું જાહેર સમર્થન જાહેર કર્યું છે. તેમણે ચીમકી ઉચ્ચારી છે કે જો ખેડૂતોની માગણીઓ સંતોષવામાં નહીં આવે અને તેમના પર દમન ગુજારવાનું બંધ નહીં થાય, તો આગામી સમયમાં આ આંદોલન વધુ ઉગ્ર બનશે અને તેઓ પોતે ખેડૂતો સાથે ખભેખભો મિલાવીને રસ્તા પર ઉતરશે.

## અમદાવાદમાં ફરી કારમાંથી લાશ મળતા સનસનાટી

# મીઠાખળી અંડરપાસ પાસે રહસ્યમય સંજોગોમાં મૃતદેહ મળતા પોલીસ દોડતી થઈ!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં જાણે ગુનાખોરી અને રહસ્યમય મોતના કિસ્સાઓ વધી રહ્યા હોય તેમ, ફરી એકવાર ચકચાર મચાવનારી ઘટના સામે આવી છે. શહેરના પોશ અને વ્યસ્ત ગણાતા મીઠાખળી અંડરપાસ પાસે રોડ પર પાર્ક કરેલી એક બંધ કારમાંથી એક અજાણ્યા પુરુષની લાશ મળી આવતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ભારે ચકચાર મચાઈ ગઈ છે. કારમાંથી મૃતદેહ મળવાની આ સતત બીજી ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઘટનાની વિગત એવી છે કે, મીઠાખળી અંડરપાસ નજીક રસ્તાની સાઈડમાં એક કાર છેલ્લા કેટલાક સમયથી શંકાસ્પદ હાલતમાં પાર્ક કરેલી હતી. આ બંધ કારની આસપાસથી અચાનક તીવ્ર દુર્ગંધ આવવાનું શરૂ થતાં સ્થાનિક રાહદારીઓ અને દુકાનદારોને શંકા ગઈ હતી. લોકોએ કારની નજીક જઈને કાચમાંથી અંદર જોવાનો પ્રયાસ કરતા અંદર એક પુરુષની લાશ પડી હોવાનું માલૂમ પડ્યું હતું. સ્થાનિકોએ તાત્કાલિક આ અંગે પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. માહિતી મળતાની સાથે જ સ્થાનીક પોલીસ અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે કારનો દરવાજો ખોલીને મૃતદેહને બહાર કાઢ્યો હતો અને પ્રાથમિક પંચનામું કરીને લાશને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી હતી.

પાક્કો ગુજરાત

બુધવાર | 24 જૂન 2026 | અમદાવાદ

# અંબાજી મંદિરના 'ત્રણ હજાર'ના પગારદારો પાસે કરોડોની માયામય મિલકત : તપાસનો ધમધમાટ શરૂ

## ભટ્ટજી મહારાજના ખાસ ગણાતા સેવકો કાવડિયા કર્મચારીઓની મિલકતોની તપાસ કરવા માટે અમદાવાદ ઈન્કમટેક્સ કમિશનરને લેખિત ફરિયાદ

ગાંધીનગર

ભક્તિના બજારમાં ભ્રષ્ટાચારની ગંધ: અયોધ્યા રામ મંદિરના કથિત કૌભાંડનો હવાલો આપી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના આઉટસોર્સિંગ કર્મીઓ અને કાવડિયા સેવકોની તટસ્થ તપાસની ઉગ્ર માંગ પગારના નામે 'પાવલી' અને વૈભવ 'રાજાશાહી': આઈટી વિભાગ સમક્ષ ચોંકાવનારી અરજી અંબાજી

વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અને અપરંપાર શ્રદ્ધાના કેન્દ્ર સમાન શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ ફરી એકવાર વિવાદોના ભૂરિંગમાં ફસાયું છે. આ વખતે વિવાદ કોઈ નીતિ-નિયમનો નથી, પરંતુ મંદિરની અંદર જ સેવાના નામે ચાલતી 'આર્થિક લીલા'નો છે. અંબાજી મંદિરમાં પરંપરાગત રીતે પૂજા-આરતી કરતા ભટ્ટજી મહારાજના ખાસ ગણાતા સેવકો (કાવડિયા) કર્મચારીઓની મિલકતોની તપાસ કરવા માટે અમદાવાદ ઈન્કમટેક્સ વિભાગના કમિશનરને એક લેખિત ફરિયાદ મોકલાતાં સમગ્ર પંથકના રાજકારણ અને વહીવટી તંત્રમાં ભૂકંપ આવી ગયો છે.

દાંતા તાલુકાના ગંગવા ગામના જાગૃત નાગરિક સીધો આક્ષેપ કર્યો છે કે મંદિરમાં ચાલતા આ ખેલ પાછળ મોટું આર્થિક કૌભાંડ છુપાયેલું હોઈ શકે છે. જે કર્મચારીઓનો સત્તાવાર પગાર સામાન્ય મધ્યમવર્ગીય પરિવાર જેટલો પણ નથી, તેઓ આજે કરોડોની મિલકતોના માલિક કેવી રીતે બની બેઠા? તે સૌથી મોટો સવાલ છે. મંદિરમાં બે અલગ-અલગ કેટેગરીમાં થતી કમાણી અને પગારની આ મુજબ છે: સહાયક પૂજારી (કાવડિયા સેવકો) રૂ. ૩,૦૦૦/- થી રૂ. ૫,૦૦૦/- લાખો અને કરોડોની બેનામી મિલકત આઉટસોર્સિંગ કર્મચારીઓ રૂ. ૧૫૦૦૦/- થી રૂ. ૧૮,૦૦૦/રૂપિયા આવક અને સ્થાવર મિલકતો ભટ્ટજી મહારાજ દ્વારા જ આ કાવડિયાઓની નિમણૂંક કરવામાં આવે છે અને તેમને માસિક માત્ર ૩ થી ૫ હજાર રૂપિયા જ ચૂકવાય છે. આટલી ઓછી રકમમાં ઘર ચલાવવું મુશ્કેલ હોય, ત્યાં આ લોકો પાસે વૈભવી ગાડીઓ, બંગલા કે કરોડોના રોકાણો ક્યાંથી આવ્યા? તે તપાસનો વિષય છે. અરજદારે છેલ્લે આઈટી કમિશનર સમક્ષ નમ્ર પણ ઉગ્ર વિનંતી કરી છે કે આસ્થાના કેન્દ્ર સમાન આ પવિત્ર જગ્યાને ભ્રષ્ટાચાર મુક્ત કરવા માટે ઉચ્ચ કક્ષાએથી એક સ્પેશિયલ ટીમ બનાવીને આ તમામ શંકાસ્પદ કર્મચારીઓની મિલકતોની તટસ્થ તપાસ (Income Tax Investigation) કરાવવામાં આવે. અને જો આવકવેરા વિભાગ આ મામલે ઊંડી તપાસ કરશે, તો માત્ર સામાન્ય સેવકો જ નહીં, પરંતુ તેમની પાછળ દોરી સંચાર કરતા અનેક મોટા માથાઓ પણ સકંજામાં આવી શકે છે તેમ સૂત્રો જણાવી રહ્યા છે.



### વડોદરાનું કરોડોનું જમીન કૌભાંડ

# ફરિયાદને અઠવાડિયું થયું છતાં મુખ્ય કિંગપિન ભાવેશ અમીન અને અમિત શાહ પોલીસ પકડથી દૂર.!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં અબજો રૂપિયાની કિંમતી જમીનો પચાવી પાડતા ભૂમાફિયાઓનો આતંક અને ખાખીની ઢીલી નીતિ ફરી એકવાર બેનકાબ થઈ છે. માંજલપુર વિસ્તારની કરોડોની કિંમત ધરાવતી વિવાદાસ્પદ 'ટેન્સાઈલ સ્ટીલ કંપની'ની જમીનના મહા-કૌભાંડમાં મોટો વળાંક આવ્યો છે. આ હાઈપ્રોફાઈલ જમીન કૌભાંડમાં ફરિયાદ નોંધાયાને આખું અઠવાડિયું વીતી ગયું હોવા છતાં, કૌભાંડના અસલી માસ્ટરમાઈન્ડ હજુ પણ પોલીસના નાક નીચેથી ફરાર છે!

ઘટનાની વિગત એવી છે કે, ટેન્સાઈલ સ્ટીલ કંપનીની કિંમતી જમીન હડપ કરવા માટે આખું બોગસ લીઝ ડીડ (નકલી દસ્તાવેજ) ઊભું કરવાનું મસમોટું કાવતરું રચાયું હતું. કંપનીના જ જાગૃત ડાયરેક્ટર સંજય પટેલે આ મામલે કાયદાકીય લડત લડીને પોલીસ ફરિયાદ નોંધાવી હતી.




ફરિયાદ બાદ પોલીસે તુરંત એક્શનમાં આવીને પાંચ આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. પરંતુ નવાઈની વાત એ છે કે, આ પકડાયેલા પાંચેય આરોપીઓને કોર્ટમાંથી જામીન પણ મળી ગયા છે અને તેઓ બહાર આવી ગયા છે, જ્યારે અસલી ખેલાડીઓ હજુ જેલની બહાર જ જલસા કરી રહ્યા છે.

આ કરોડોના જમીન કૌભાંડના મુખ્ય વિલન અને કિંગપિન ગણાતા ભાવેશ અમીન અને કંપનીના પૂર્વ ડાયરેક્ટર અમિત શાહ હજુ સુધી પોલીસ પકડથી જોજનો દૂર છે. આ શાતિર સૂત્રધારો પોલીસને ખુલ્લી ચેલેન્જ આપીને ભૂગર્ભમાં ઉતરી ગયા છે. વડોદરાના વેપારી અને રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે, શું આ મોટા ગજાના માફિયાઓને ભૂગર્ભમાં ઉતારવા માટે કોઈ 'મોટા માથા'ની કથિત મદદ મળી રહી છે? કે પછી પોલીસ જાણીજોઈને સોફ્ટ કોર્નર રાખી રહી છે?

પોલીસ તંત્ર અત્યારે એવો દાવો કરી રહ્યું છે કે આરોપીઓને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવીને ચક્રો ગતિમાન કરાયા છે.

### વોન્ટેડ બુટલેગર બડલી સામે

# પોલીસ વેરિફિકેશન વગર મકાન ભાડે આપવા બદલ વધુ 3 ગુના દાખલ

રાજકોટ

જેતપુર સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલા વોન્ટેડ આરોપીને પકડવા માટે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ રેન્જ ડી.આઈ.જી. નિલિપ્ત રાય, એસ.પી. વિજય સિંહ ગુર્જર અને ડી.વાય.એસ.પી. રોહિતસિંહ ડોડીયાની સૂચનાથી જેતપુર સીટી પોલીસના પી.આઈ. એ.ડી. પરમાર તથા તેમની ટીમે વોન્ટેડ આરોપીના રહેણાંક મકાને તપાસ હાથ ધરી હતી.

ગત તા.૨૧ના રોજ રાજકોટ રેન્જ પોલીસે આ કેસમાં જેતપુરના બે શખ્સો વસીમ ઈકબાલભાઈ સોલંકી તથા વિશેષ ભુપેષભાઈ પરમારને રૂ.૧,૫૦,૦૦૦ ના વિદેશી દારૂ અને અન્ય વસ્તુઓ મળી કુલ રૂ.૪,૬૫,૦૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. આ ઈંગ્લીશ દારૂનો જથ્થો સપ્લાય કરનાર મુખ્ય આરોપી અનિલ ઉર્ફે ડબલી મનસુખભાઈ બારૈયા (રહે. બાપુની વાડી, જેતપુર) ફરાર હોવાથી પોલીસ તેની શોધખોળ કરી રહી છે.

# ગારીયાધાર તાલુકાના વેળાવદર ગામે પ્રાથમિક અને માધ્યમિક શાળામાં યોજાયો પ્રવેશોત્સવ..!

વેળાવદર

ગારીયાધાર તાલુકાના વેળાવદર ગામે પ્રાથમિક અને માધ્યમિક શાળાનો પ્રવેશોત્સવ તા. 23 જૂનના રોજ યોજાઈ ગયો.

ગુજરાત સરકારના ઉપક્રમે દર વર્ષે યોજાતા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત આજે ગારીયાધાર તાલુકાના વેળાવદરની પ્રાથમિક અને માધ્યમિક શાળામાં નાયબ તાલુકા વિકાસ અધિકારી રાજુભાઈ ભટ્ટના મુખ્ય મહેમાન પદે અને જિલ્લા ભાજપના અગ્રણી ભરતભાઈ



ધામેલીયાના અતિથિ વિશેષ પદે યોજાઈ ગયો.

કાર્યક્રમને સંબોધિત કરતા ભરતભાઈ ધામેલીયાએ કહ્યું કે વિદ્યાર્થીઓના જીવન અને કલ્યાણ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. કોઈને કોઈ રીતે તે પથદર્શક બનીને સૌના ઉજવળ ભવિષ્ય માટે ચિંતા સેવે છે. તેથી જ આ પ્રકારના કાર્યક્રમ યોજાઈ રહ્યાં છે.

શિક્ષણ ચિંતક તખુભાઈ સાંડસુરે કહ્યુ કે નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિ અને રચનાત્મકતા એ ગુજરાતને પ્રવેશોત્સવ જેવો ઉત્તમ કાર્યક્રમ આપ્યો છે. તેના માધ્યમથી અનેક લોકો સુધી શિક્ષણની જ્યોત નું અજવાળું પથરાઈ રહ્યું છે. આજે હવે આ કાર્યક્રમ એ સિલ્વર જ્યુબેલી તરફ ગતિ કરી રહ્યો છે. ત્યારે વિદ્યાર્થીઓને ગુણવત્તા યુક્ત શિક્ષણ માટે કમર કસવી પડશે. કાર્યક્રમમાં પ્રાથમિક શાળાના આચાર્ય અશોકભાઈ જોગાણી, કન્યાશાળાના આચાર્ય હિંમતગીરી અને માધ્યમિક શાળાના આચાર્ય કૌશિકભાઈ ઠાકર ઉપસ્થિત રહ્યાં હતા. બી.આર.સી સોલંકી તથા તાલુકા પંચાયત સદસ્ય કપિલભાઈ ખિમસુરિયા કનુભાઈ સાંડસુર, અનકભાઈ બોરિચા, કિશોરભાઈ કવા, ચંપૂભાઈ, સતારભાઈ, રણછોડભાઈ,નાજભાઈ સાંડસુર તથા વિશાળ સંખ્યામાં ગ્રામજનો,વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# પોલીસ બેડામાં ચકચાર : માણસા પોલીસ સ્ટેશનના યુવા પોલીસકર્મીનો આપઘાત..

ગાંધીનગર/માણસા

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવતા પોલીસ વિભાગમાંથી એક અત્યંત દુઃખદ અને ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. ગાંધીનગર જિલ્લાના માણસા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક યુવા પોલીસકર્મીએ અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા સમગ્ર પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, માણસા પોલીસ મથકમાં ફરજ બજાવતા આ યુવા પોલીસ કર્મચારીએ અચાનક આવું આત્યંતિક પગલું ભરી લેતા સાથી કર્મચારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા છે. પ્રાથમિક વિગતો મુજબ, યુવા પોલીસકર્મીએ કયા કારણોસર આપઘાત કર્યો છે તેનું ચોક્કસ કારણ હજી સુધી જાણી શકાયું નથી. પોલીસને ઘટનાસ્થળેથી કોઈ સુસાઈડ નોટ મળી છે કે કેમ તે અંગે પણ હજુ સુધી સત્તાવાર ખુલાસો કરવામાં આવ્યો નથી. આ કાળજું કંપાવી દેનારી ઘટનાને પગલે મૃતક પોલીસકર્મીના પરિવારજનો પર જાણે આભ તૂટી પડ્યું છે. હોનહાર અને યુવાન પુત્રના અકાળ અવસાનથી પરિવારમાં ભારે આક્રંદ અને શોકનો માહોલ છવાઈ ગયો છે.

# આણંદના પૂર્વ RAC કેતકી વ્યાસ વિરુદ્ધ ACBની લાલ આંખ, 3.56 કરોડની અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ!


## કાયદેસરની આવક કરતાં 68.84% વધુ સંપત્તિ વસાવી હોવાનો ઘટસ્ફોટ : અમદાવાદ એસીબીની ટીમ દ્વારા સપાટો

અમદાવાદ/આણંદ

ગુજરાતના વહીવટી તંત્રમાં કાળા કમાણી કરીને બેઠેલા મલાઈદાર અધિકારીઓ વિરુદ્ધ એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ વધુ એક મોટી સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. આણંદના પૂર્વ નિવાસી અધિક કલેક્ટર (RAC) કેતકી વ્યાસ વિરુદ્ધ કરોડો રૂપિયાની અપ્રમાણસર મિલકત (Disproportionate Assets) વસાવવા બદલ ગુનો નોંધીને કાયદેસરની તપાસનો સપાટો બોલાવવામાં આવ્યો છે.

કાયદેસરની આવક કરતાં ૬૮.૮૪% વધુ સંપત્તિ મળી આવી!

એ.સી.બી. (ACB) દ્વારા



મળેલી સત્તાવાર અને ચોંકાવનારી માહિતી મુજબ, વર્ગ-૧ ના અધિકારી કેતકી વ્યાસે પોતાની નોકરી દરમિયાન કાયદેસરના સ્ત્રોતોમાંથી થયેલી આવકની તુલનામાં અધધધ રૂપિયા ૩.૫૬ કરોડ (૩,૫૬,૪૬,૩૯૧) જેટલી વધુ સંપત્તિ એકત્રિત કરી હોવાનું તપાસમાં ખુલ્યું હતું. આ સંપત્તિ તેમની કાયદેસરની આવક કરતા ૬૮.૮૪% જેટલી વધુ હોવાનું સામે આવતા જ એસીબીના ઉચ્ચ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

આણંદ ખાતે ફરજ બજાવી ચૂકેલા આ પૂર્વ અધિક કલેક્ટર વિરુદ્ધ લાંબા સમયથી ચાલી રહેલી તપાસના અંતે, પુરાવાઓ એકત્રિત કરીને અમદાવાદ એસીબી દ્વારા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ (Prevention of Corruption Act) ની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સરકારી પદનો દુરુપયોગ કરીને જનતાના પરસેવાના નાણાંથી પોતાની તિજોરીઓ ભરનારા આ ભ્રષ્ટ અધિકારી વિરુદ્ધ હવે કડક કાનૂની ગાળિયો કસવામાં આવ્યો છે.

પૂર્વ અધિક કલેક્ટર કેતકી વ્યાસ વિરુદ્ધ એસીબીની આ કડક કાર્યવાહીના સમાચાર વાયુવેગે પ્રસરતા જ સમગ્ર રાજ્યના વહીવટી આલમમાં અને ખાસ કરીને ભ્રષ્ટ નીતિ ધરાવતા સરકારી બાબુઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. એસીબી દ્વારા આગામી દિવસોમાં આ મિલકતોના દસ્તાવેજો, બેંક લોકર્સ અને અન્ય આર્થિક વ્યવહારોની વધુ ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવશે.

### દેવગઢ બારીઆના કાપડી ફાટક ફળિયામાં નવી વીજ લાઈન નાખવાની કામગીરી શરૂ

દેવગઢ બારીઆ, જાબીર શુક્લા

દેવગઢ બારીઆ નગરના વોર્ડ નં. 2 ખાતે આવેલા કાપડી ફાટક ફળિયા વિસ્તારમાં લાંબા સમયથી ચાલી રહેલી વારંવાર વીજળી ખોરવાવાની સમસ્યાના નિરાકરણ માટે નવી વીજ લાઈન નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી. વિસ્તારના રહેવાસીઓ દ્વારા કરવામાં આવેલી રજૂઆતો તેમજ વીજ વિભાગના અધિકારીઓના સહકારથી આ કામગીરી હાથ ધરવામાં આવી છે. નવી વીજ લાઈન કાર્યરત થતાં વિસ્તારમાં વારંવાર લાઈટ જવાની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી. આ કામગીરી નાયબ કાર્યપાલક ઈજનેર સાવન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહી છે. વીજ પુરવઠો વધુ સુદ્રઢ બને અને સ્થાનિક નાગરિકોને સતત અને ગુણવત્તાસભર સેવા મળી રહે તે હેતુથી વિભાગ દ્વારા જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા સ્થાનિક લોકોએ વીજ વિભાગ તથા સંબંધિત અધિકારીઓનો આ કામગીરી બદલ આભાર વ્યક્ત કર્યો છે.

# ભારત પર મંડરાયો મોટો ખતરો : ગોડઝિલા અલ નીનોના કારણે ચોમાસું નબળું પડવાની આશંકા

અમદાવાદ

ભારત સહિત સમગ્ર દક્ષિણ એશિયા માટે આગામી દિવસો ભારે ચિંતાજનક સાબિત થઈ શકે છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસા (NASA) દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની સેટેલાઇટ તસવીરોએ વૈજ્ઞાનિકો અને હવામાન નિષ્ણાતોના હોશ ઉડાવી દીધા છે. સમુદ્રની સપાટી પર વધી રહેલી અસાધારણ ગરમીના કારણે ગોડઝિલા અલ નીનો (Godzilla El Nio) સક્રિય થઈ રહ્યો છે, જે ભારતમાં ચોમાસાને વેરવિખેર કરી શકે છે.

નાસાની જેટ પ્રોપલ્શન લેબોરેટરી (JPL) ના અહેવાલ મુજબ, હાલમાં પશ્ચિમી પ્રશાંત મહાસાગરમાં જે પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે, તે છેલ્લે વર્ષ 1997માં જોવા મળી હતી. આ ભયાનક બદલાવને કારણે દક્ષિણ એશિયાના દેશોમાં એકતરફ ભયંકર દુષ્કાળ અને બીજી તરફ અણધાર્યા પૂરનો બેવડો ખતરો મંડરાઈ રહ્યો છે.



જ્યારે પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં ઘણું વધારે વધી જાય અને તે લાંબા સમય સુધી ચાલુ રહે, ત્યારે તે અત્યંત શક્તિશાળી રૂપ ધારણ કરે છે, જેને વૈજ્ઞાનિક ભાષામાં ગોડઝિલા અલ નીનો કહેવામાં આવે છે.

આ સ્થિતિ સીધી રીતે ભારતીય ચોમાસાની સિસ્ટમને નબળી પાડે છે.

નબળું ચોમાસું: સમુદ્રમાં વધી રહેલી ગરમીના કારણે ભારતમાં આવતા ચોમાસાના પવનો નબળા પડી શકે છે, જેનાથી વરસાદની અછત સર્જાશે.

કૃષિ ક્ષેત્રે મોટો ફટકો: જો ચોમાસું નબળું રહેશે તો ગુજરાત સહિત દેશભરના ખેડૂતોના ખરીફ પાક (જેમ કે કપાસ, મગફળી અને ડાંગર) પર સંકટ આવી શકે છે.

પાણીની કટોકટી: દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાવાના કારણે જળાશયોમાં પાણીનું સ્તર ઘટશે, જે પીવાના અને સિંચાઈના પાણીની મોટી સમસ્યા ઊભી કરી શકે છે.

પાક્કો ગુજરાત વિશેષ નોંધ

હવામાન નિષ્ણાતોના મતે, આ માત્ર સામાન્ય અલ નીનો નથી પરંતુ તેની તીવ્રતા ઘણી વધારે છે. જો આગામી મહિનાઓમાં આ સ્થિતિ પર કાબૂ નહીં આવે અથવા કુદરતી રીતે કોઈ મોટો બદલાવ નહીં થાય, તો સરકારે અત્યારથી જ પાણીના સંગ્રહ અને દુષ્કાળ સામે લડવાની આગોતરી તૈયારીઓ કરવી પડશે.

### 'વ્હીપ'નો અનાદર કરવા બદલ કાર્યવાહી

# AAP પાર્ટીએ દાહોદમાં 3 તાલુકા પંચાયતના સભ્યોને સસ્પેન્ડ કર્યા

ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ રાજકીય પક્ષોમાં શિસ્તભંગના અનેક કિસ્સાઓ જોવા મળ્યા હતા. ત્યારે હવે દાહોદ જિલ્લામાં આમ આદમી પાર્ટી (AAP) દ્વારા પક્ષવિરોધી પ્રવૃત્તિઓ અને ગેરશિસ્ત સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. પક્ષના સત્તાવાર આદેશ એટલે કે 'વ્હીપ'નો અનાદર કરવા બદલ ત્રણ ચૂંટાયેલા પ્રતિનિધિઓ સામે શિક્ષાત્મક પગલાં ભરીને રાજકીય ગરમાવો લાવી દીધો છે.

ગત 25 મે 2026ના રોજ યોજાયેલી તાલુકા પંચાયતોના




પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી દરમિયાન આમ આદમી પાર્ટીના મેન્ડેટ પર જીતેલા આ સભ્યોને પક્ષ તરફથી વ્હીપ આપવામાં આવ્યો હતો. જો કે, આ ત્રણેય સભ્યો પક્ષના આદેશની અવગણના કરીને મતદાન પ્રક્રિયા દરમિયાન ગેરહાજર રહ્યા હતા. પક્ષના મોવડીમંડળના જણાવ્યા અનુસાર આ સભ્યો પક્ષવિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ હતા, જેના કારણે પક્ષની પ્રતિષ્ઠાને મોટું નુકસાન પહોંચ્યું છે.

આ ગંભીર શિસ્તભંગની ઘટનાને પગલે ગુજરાત પ્રદેશ આમ આદમી પાર્ટીના પ્રમુખે તાત્કાલિક કડક પગલાં લેવાની સૂચના આપી હતી. જે બાદ દાહોદ જિલ્લા AAPના પ્રમુખ દ્વારા 22 જૂન 2026ના રોજ સત્તાવાર સસ્પેન્ડ પત્ર જાહેર કરવામાં આવ્યો છે. આ પત્ર દ્વારા ત્રણેય સભ્યોને પક્ષના પ્રાથમિક સભ્યપદ તેમજ તમામ પ્રકારની સાંગઠનિક જવાબદારીઓમાંથી આગામી 6 વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

આ ઉપરાંત પક્ષના તમામ પદાધિકારીઓને કડક સૂચના અપાઈ છે કે, સસ્પેન્ડ કરાયેલા આ ત્રણેય સભ્યોને પક્ષના તમામ સત્તાવાર તાલુકા સ્તરના અને સોશિયલ મીડિયા (વોટ્સએપ) ગ્રૂપોમાંથી તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવે.

# ગાંધીનગરમાં હાઈપ્રોફાઈલ બેઠક : હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ગૃહ વિભાગ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઈ..!

■ રાજ્યની સુરક્ષા વ્યવસ્થા, જનસેવા અને સુશાસનને વધુ મજબૂત બનાવવા માટે લેવાયા મહત્વપૂર્ણ નિર્ણયો; ગુનેગારોમાં ફફડાટ

ગાંધીનગર

ગુજરાત રાજ્યની સુરક્ષા, શાંતિ અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિને વધુ સુદ્રઢ બનાવવાના આશય સાથે પાટનગર ગાંધીનગર ખાતે એક અત્યંત મહત્વપૂર્ણ અને હાઈપ્રોફાઈલ સમીક્ષા બેઠક યોજાઈ ગઈ. માનનીય નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં ગૃહ વિભાગના ઉચ્ચ સચિવો સહિત રાજ્યના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ (DGP સહિતના કમિશનરો) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં રાજ્યની સુરક્ષા વ્યવસ્થા, જનસેવા અને સુશાસનને વધુ મજબૂત બનાવવા અંગે અત્યંત વિસ્તૃત અને ગંભીર ચર્ચાઓ




કરવામાં આવી હતી. બેઠકની શરૂઆતમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના વર્તમાન સુરક્ષા ચિત્રની સમીક્ષા કરી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ગુજરાત હંમેશા શાંતિ અને સલામતી માટે દેશભરમાં જાણીતું છે, ત્યારે આ છબી વધુ મજબૂત થવી જોઈએ. સંગઠિત ગુનાખોરી, ડ્રગ્સ માફિયાઓ, વ્યાજખોરો અને સોશિયલ મીડિયા પર અસામાજિક પ્રવૃત્તિઓ કરનારા તત્વો સામે 'ઝીરો ટોલરન્સ' ની નીતિ અપનાવીને કડક આકરી કાર્યવાહી કરવાના આદેશો પોલીસ વડાઓને આપવામાં આવ્યા છે. ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકોની સુરક્ષાને સર્વોચ્ચ અગ્રિમતા આપવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

હર્ષ સંઘવીએ અધિકારીઓને સંબોધતા જણાવ્યું કે, પોલીસનો અભિગમ પ્રજાલક્ષી હોવો જોઈએ. સામાન્ય નાગરિક જ્યારે પોતાની ફરિયાદ લઈને પોલીસ સ્ટેશન આવે ત્યારે તેને ત્વરિત ન્યાય અને સન્માન મળે તે સુશાસનની પ્રથમ શરત છે.

## તંત્રી લેખ...

# વ્યથિત નાગરિકનો અવાજ સાંભળે તો બંદૂકનો આશરો લેવાની જરૂર ન પડે!

કોઈપણ લોકશાહી માટે સૌથી ચિંતાજનક અને ઘાતક પરિસ્થિતિ એ નથી કે જ્યારે કોઈ નાગરિક સરકારની નીતિઓની ટીકા કરે છે, પરંતુ ખરી ડરામણી સ્થિતિ એ છે જ્યારે દેશના સામાન્ય નાગરિકને એવો અવિશ્વાસ થઈ જાય કે શાસન-પ્રશાસન દ્વારા તેનો અવાજ ક્યારેય સાંભળવામાં જ નહીં આવે! તે જ ક્ષણે, સિસ્ટમ અને જનતા વચ્ચેનો સંવાદ તૂટી જાય છે અને તેની જગ્યા લે છે આક્રોશ, અવિશ્વાસ અને અંતે લોહિયાળ ટકરાવ! બિહારના ભોજપુર જિલ્લાના બિલૌટી ગામમાં ૨૮ વર્ષના ભણેલા-ગણેલા યુવાન ભરત ભૂષણ તિવારીનું થયેલું એન્કાઉન્ટર આ તૂટેલા સંવાદ અને કાયદાના નામે ચાલતી કથિત દાદાગીરીનો જીવતો-જાગતો પુરાવો છે.




કોણ હતો ભરત તિવારી અને કેમ થયું એન્કાઉન્ટર?

B.Sc. સુધીનો અભ્યાસ કરનાર ૨૮ વર્ષનો ભરત તિવારી કોઈ રીઢો ગુનેગાર નહોતો. તેનો કોઈ ભૂતકાળનો ક્રિમિનલ રેકોર્ડ નહોતો કે ન તો તેની સામે કોઈ FIR હતી. તે તો પોતાના વિસ્તારમાં ગંગા નદીના ધોવાણ અને વિસ્થાપનથી પીડાતા ગરીબ પરિવારોના હક માટે લડતો એક સોશિયલ એક્ટિવિસ્ટ હતો. તે સોશિયલ મીડિયા પર વીડિયો મૂકીને સરકારના ખોટા વાયદાઓ ઉઘાડા પાડતો હતો, એટલે જ સ્થાનિક ગરીબો તેને પોતાના 'મસીહા' માનતા હતા.

પોલીસનો દાવો છે કે ભરતે ગેરકાયદેસર પિસ્તોલથી પોલીસ પર ફાયરિંગ કર્યું અને આત્મસમર્પણ ન કર્યું એટલે સ્વબચાવમાં તેના પગમાં ગોળી મારવી પડી. પરંતુ, પરિવાર અને સમર્થકોનો આરોપ કંઈક જુદો જ અને ચોંકાવનારો છે. ફેસબુક લાઈવ વીડિયોમાં ભરતે પિસ્તોલ ફેંકીને, પોલીસ પર ભરોસો મૂકીને સરેન્ડર કર્યું હોવા છતાં તેને ગોળીઓથી વીંધી નાખવામાં આવ્યો! આ આક્રોશ એટલો વધ્યો કે આખરે મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ નિવૃત્ત હાઈકોર્ટ જજ દ્વારા ન્યાયિક તપાસનો આદેશ આપવો પડ્યો.

'અદાલતો તાળીઓના ગડગડાટમાં દબાઈ ગઈ'

સંસદસભ્ય મનોજ ઝાએ આ ઘટના પર બહુ માર્મિક પ્રહાર કર્યો છે કે, 'એન્કાઉન્ટર ક્યારેય માત્ર એક વ્યક્તિનું નથી થતું, એન્કાઉન્ટર સત્યનું થાય છે! ગુનાના મૂળ સુધી પહોંચવાને બદલે એન્કાઉન્ટર કરીને આખા નેટવર્ક પર પડદો પાડી દેવાય છે.'

છેલ્લા ૯ વર્ષમાં એકલા ઉત્તરપ્રદેશમાં ૧૭,૦૪૩ એન્કાઉન્ટર થયા, જેમાં ૨૮૯ લોકોના મોત થયા અને ૧૨,૦૦૦થી વધુ લોકોના પગ વીંધી નખાયા. રોજ ના ૫ એન્કાઉન્ટર! આ બધા માત્ર 'આરોપી' હતા, અદાલતે તેમને દોષિત જાહેર કર્યા નહોતા. દુઃખની વાત એ છે કે જ્યારે પણ એન્કાઉન્ટર થાય છે, ત્યારે જનતા તાળીઓ પાડે છે. જનતાના આ જ તાળીઓના ગડગડાટે પોલીસ તંત્રને એવો વહેમ આપી દીધો છે કે 'હવે અદાલતોની કોઈ જરૂર નથી, ન્યાય તો અમે જ કરીશું!' આ માનસિકતા લોકશાહીનું ગળું ઘોંટનારી છે.

ગંગાનું ધોવાણ અને સિસ્ટમનું આંધળું મૌન

લેખક અને 'ધરતી' સામયિકના સંપાદક શૈલેન્દ્ર ચૌહાણ આ ઘટનાના મૂળ મુદ્દા તરફ આંગળી ચીંધતા લખે છે કે, આ આખી ઘટનાનું સૌથી ઉપેક્ષિત પાસું ગંગા નદીનું ધોવાણ છે. દર વર્ષે નદીઓ હજારો પરિવારોની જમીન અને આજીવિકા છીનવી લે છે. જેમના માટે જમીન માત્ર મિલકત નથી પણ તેમનો ઈતિહાસ અને અસ્તિત્વ છે, તેમની પીડા સરકારી ફાઈલોની ભાષા ક્યારેય સમજી શકતી નથી. જ્યારે આ પીડિતોની ફરિયાદો સાંભળવામાં નથી આવતી, ત્યારે જ સામાજિક અસંતોષ જન્મે છે. શું આપણું વહીવટી માળખું એટલું સંવેદનશીલ છે કે કોઈ યુવાનને પોતાની વાત રજૂ કરવા માટે આવા ખતરનાક કે હથિયાર ઉઠાવવા જેવા પગલાં લેતા અટકાવી શકે? જો જવાબ 'ના' હોય, તો દોષ માત્ર એ યુવાનનો નથી, આ આખી નકામી અને બહેરી સિસ્ટમનો છે.

લોકશાહીની શક્તિ સંવેદનશીલતામાં છે, બંદૂકની ગોળીમાં નહીં!

આધુનિક લોકશાહીમાં પોલીસ માત્ર દમન ગુજારવાનું સાધન નથી, પણ કટોકટી વ્યવસ્થાપનની એજન્સી છે. જો દરેક વિરોધ કે મડાગાંઠનો અંત માત્ર ગોળીબારથી જ આવતો હોય, તો રાજ્ય અને સમાજ વચ્ચેનો વિશ્વાસ કાયમ માટે ખતમ થઈ જશે. લોકશાહી ફક્ત દર પાંચ વર્ષે મતદાન કરવા પૂરતી સીમિત નથી, તે નાગરિક અને સરકાર વચ્ચેના સતત સંવાદની વ્યવસ્થા છે. ભરત તિવારી હવે ક્યારેય પાછો નહીં આવે. પરંતુ જો તેના મૃત્યુ પછી પણ ગંગાના ધોવાણથી તબાહ થયેલા પરિવારોના આક્રંદનો અવાજ ગાંધીનગર કે દિલ્હીના એરકંડિશન્ડ રૂમો સુધી નહીં પહોંચે, જો પોલીસ સુધારા માત્ર કાગળ પર જ રહેશે, તો આ માત્ર એક ૨૮ વર્ષના યુવાનનું મોત નહીં હોય - આ દેશની લોકશાહી સંવેદનશીલતાનો સત્તાવાર પરાજય હશે! એક સભ્ય રાષ્ટ્ર તેની સૈન્ય કે પોલીસ શક્તિથી નહીં, પરંતુ પોતાના નાગરિકોને સાંભળવાની ક્ષમતાથી વ્યાખ્યાયિત થાય છે. જે વ્યવસ્થા સમયસર પોતાના સૌથી લાચાર અને વ્યથિત નાગરિકનો અવાજ સાંભળી લે છે, તેને ક્યારેય કોઈની સામે બંદૂક ઉઠાવવાની કે કોઈની બંદૂકનો સામનો કરવાની જરૂર પડતી જ નથી!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# લોકોની ઝુબાન, પૈસો અને વખત બધું જ બોલે છે... પણ અંતે તો માત્ર 'કર્મ' જ ગુંજે છે!

પાક્કો ગુજરાત ચિંતન ડેસ્ક:

માનવ જીવનની ઘટમાળ પણ કેવી અજીબ છે! માણસ જ્યારે આ દુનિયાના રંગમંચ પર આવે છે, ત્યારે તે સંબંધો, સંપત્તિ અને સત્તાના મોહમાં એવો અંધ બની જાય છે કે તે ભૂલી જાય છે કે આ બધું જ ક્ષણભંગુર છે. આજે આપણી આસપાસ જે વૈભવ, જે અહંકાર અને જે વાણીનો વિલાસ જોવા મળે છે, તેને જોતાં એક સનાતન સત્ય વારંવાર સામે આવે છે: 'લોકોની ઝુબાન, પૈસો અને વખત... આ બધું જ સમય આવ્યે બોલે છે, પણ જ્યારે આયખું પૂરું થાય ને ત્યારે આખા બ્રહ્માંડમાં માત્ર માણસનું 'કર્મ' જ ગુંજે છે.'

ચાલો, આ ત્રણ વાતોને આજના આધુનિક સમાજ અને આપણા જીવનના અરીસામાં વિગતવાર સમજીએ.

## 1. લોકોની ઝુબાન: આજે પ્રશંસા, કાલે નિંદા

માણસ પોતાની આસપાસના લોકોની વાહ-વાહ સાંભળવા માટે આખી જિંદગી ઘસાઈ જાય છે. લોકોની ઝુબાન બહુ વિચિત્ર છે. તમારી પાસે સત્તા હોય, પદ હોય કે પૈસો હોય, ત્યારે આ જ ઝુબાન તમારા વખાણ કરતા થાકશે નહીં. તમારી હા માં હા મિલાવશે. પરંતુ, જેવો તમારો સમય બદલાશે કે તરત જ આ જ લોકોની ઝુબાન બદલાઈ જશે. લોકોની વાણી બદલાતા વાર નથી લાગતી. એટલે જ, લોકો શું કહેશે કે લોકો શું બોલે છે, તેના આધારે ક્યારેય તમારા જીવનના નિર્ણયો ન લો. લોકોની ઝુબાન માત્ર અનુકૂળતા જોઈને બોલે છે, સત્ય જોઈને નહીં.

## 2. પૈસાનો પાવર: અહંકારનો અવાજ

આજના કળિયુગમાં પૈસો સૌથી મોટો લાઉડસ્પીકર બની ગયો છે. જેની પાસે તિજોરીઓ ભરી છે, તેનો અવાજ આપોઆપ મોટો થઈ જાય છે. પૈસો બોલે ત્યારે કાયદો, વ્યવસ્થા અને ક્યારેક સંબંધો પણ શાંત થઈ જાય છે. પૈસાના જોરે માણસ ગમે તે ખરીદી શકવાનો અહંકાર પાળે છે. તે વિચારે છે કે લક્ષ્મીના જોરે તે જગત આખું જીતી લેશે. પણ ઈતિહાસ સાક્ષી છે કે, પૈસાનો અવાજ માત્ર બજાર સુધી જ સીમિત હોય છે, સ્મશાન સુધી નહીં. સિકંદર પણ જ્યારે ગયો ત્યારે તેના બંને હાથ ખાલી હતા. પૈસો જીવન જીવવા માટે જરૂરી છે, પણ તેને તમારા અહંકારની ભાષા ન બનાવો.

## 3. વખત (સમય) નું ચક્ર: રાજાને રંક બનાવતી તાકાત

સમય સૌથી બળવાન છે. વખત જ્યારે બોલે છે ત્યારે મોટા-મોટા સૂરમાઓની બોલતી બંધ થઈ જાય છે. આજે જે સત્તાના સિંહાસન પર બેઠા છે, કાલે તેઓ ધૂળ ચાટતા થઈ જાય છે અને આજે જે રસ્તા પર છે, તે કાલે આસમાને પહોંચી જાય છે. વખત ક્યારેય કોઈનો સગો થયો નથી. જ્યારે માણસનો સારો સમય હોય ત્યારે તેણે નમ્ર બનવું જોઈએ, કારણ કે સમય બદલાતા એક પળ પણ નથી લાગતી. વખત જ્યારે ન્યાય કરવા બેસે છે, ત્યારે પૃથ્વી પરની કોઈ તાકાત તમને બચાવી શકતી નથી.

પણ... અંતે તો 'કર્મ' જ ગુંજે છે!

જ્યારે લોકોની ઝુબાન થાકી જાય, પૈસો સાથ છોડી દે અને વખતનું ચક્ર પૂરું થઈ જાય, ત્યારે માત્ર એક જ વસ્તુ જીવતી રહે છે–માણસનું કર્મ.

કર્મ એ બ્રહ્માંડનો એવો પડઘો છે જેને કોઈ ભૂંસી શકતું નથી. તમે કોઈ ગરીબના આંસુ લૂછ્યા હશે, કોઈ લાચારની મદદ કરી હશે, તમારી ફરજ ઈમાનદારીથી બજાવી હશે, તો એ સત્કર્મ તમારી ગેરહાજરીમાં પણ સમાજમાં સુવાસ ફેલાવતું રહેશે. તેનાથી વિપરીત, જો તમે સત્તા કે પૈસાના નશામાં કોઈની સાથે અન્યાય કર્યો હશે, ભ્રષ્ટાચાર કર્યો હશે કે કોઈનું દિલ દુભાવ્યું હશે, તો એ કુકર્મનો કાળો ડાઘ સાત પેઢી સુધી પીછો નહીં છોડે.

## 'પાક્કો ગુજરાત' નો સંદેશ:

આ દુનિયા એક પડઘાની દુનિયા છે. તમે જેવું કર્મ કરશો, તેવું જ વળતર તમને પાછું મળશે. પૈસો અને પાવર આજે છે ને કાલે નથી, લોકો આજે વખાણ કરશે ને કાલે ભૂલી જશે. તેથી, ક્ષણિક વાહ-વાહ પાછળ દોડવા કરતાં તમારા કર્મને એટલું શુદ્ધ અને પવિત્ર બનાવો કે જ્યારે તમે આ દુનિયામાંથી વિદાય લો, ત્યારે તમારી પાછળ તમારું નામ અને તમારા કાર્યો એક સદી સુધી સમાજમાં પ્રેરણા બનીને ગુંજતા રહે.

યાદ રાખો: વાણી મોહિત કરી શકે છે, પૈસો ખરીદી શકે છે, સમય બદલી શકે છે... પણ માત્ર 'કર્મ' જ માણસને અમર બનાવી શકે છે!

# ટ્રમ્પની સ્થિતિ ત્રિશંકુ: કરારનો અમલ થશે કે નહીં?

અખાતમાં ઘડિયાળના કાંટા થંભી ગયા છે, કારણ કે અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલો વચગાળાનો કરાર અંતિમ કરારમાં પરિવર્તિત થશે કે કેમ તે જોવાનું બાકી છે. ઈઝરાયલ દ્વારા ઈરાન સામે બિનજરૂરી યુદ્ધ ચલાવ્યા પછી, યુએસ રાષ્ટ્રપતિને ઈરાન સાથે વચગાળાનો કરાર કરવાની ફરજ પડી. હાલમાં, આ કરાર નાજુક લાગે છે. ટ્રમ્પની સ્થિતિ ઈક્ષ્વાકુ વંશના રાજા ત્રિશંકુ જેવી થઈ છે જેઓ સ્વર્ગ અને પૃથ્વી વચ્ચે લટકતા રહ્યા હતા. લેબનોન કરારનો ભાગ હોવા છતાં, ઈઝરાયલ દ્વારા લેબનોન પર હુમલો નહિ થાય એની કોઈ ખાતરી નથી અને ઈરાને કહ્યું છે કે જ્યાં સુધી લેબનોન પર આક્રમણો અટકશે નહિ ત્યાં સુધી કરારનો કોઈ અર્થ નથી. એ પ્રશ્ન ઉઠાવે છે કે શું અમેરિકા અને ઈરાન આગામી ૬૦ દિવસોમાં વાતચીત દ્વારા બાકી રહેલા મુદ્દાઓનું નિરાકરણ લાવી શકશે? અમેરિકા-ઈરાન યુદ્ધની આસપાસના વણઉકેલાયેલા રહસ્યને કારણે ટ્રમ્પને ઈરાન સામે યુદ્ધ કરવાની જરૂર લાગી. ઈરાન ઘણાં વર્ષોથી યુરેનિયમનું સંવર્ધન કરી રહ્યું હતું અને એવું માનવામાં આવતું હતું કે તે પરમાણુ શસ્ત્રો વિકસાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આનાથી ઈઝરાયલ અને ગલ્ફ દેશો ચિંતિત થયા. ઈરાનના પરમાણુ શસ્ત્રોના વિકાસની ધારણા રાખીને, અમેરિકાએ ઈરાન પર પ્રતિબંધો ફટકાર્યા. આનાથી ઈરાન માટે અન્ય દેશો સાથે વેપાર કરવાનું મુશ્કેલ બન્યું. અમેરિકા સૌથી મોટી આર્થિક શક્તિ હોવાથી, કોઈ પણ દેશ તેના પ્રતિબંધોને અવગણીને ઈરાન સાથે વેપાર કરવાની હિંમત કરી શક્યો નહીં. ઈરાન ચીન સિવાયના અન્ય દેશોને જ તેલ વેચી શકતો હતો જે યુએસ પ્રતિબંધોથી પ્રભાવિત નહોતા. તે તેના કેટલાક તેલને ગુપ્ત રીતે પણ વેચી રહ્યું હતું. જોકે તેની અર્થવ્યવસ્થા સતત નબળી પડી રહી હતી, છતાં તે પરમાણુ શસ્ત્રો વિકસાવવાના તેના ઈરાદાને છોડી દેવા તૈયાર ન હતું. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે અમેરિકાએ ઈરાન પર હુમલો ઈઝરાયલના ઈશારે કર્યો હતો. ટ્રમ્પ એ વાતથી પણ ગુસ્સે હતા કે ઈરાને તીવ્ર દબાણ છતાં પણ તેના પરમાણુ કાર્યક્રમને આગળ ધપાવવાનું ચાલુ રાખ્યું. અમેરિકા અને ઈઝરાયલે ઈરાનને નિશાન બનાવતાની સાથે જ ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી શિપિંગ બંધ કરી દીધું. વધુમાં, તેણે ગલ્ફ દેશોમાં અમેરિકન બેઝને નિશાન બનાવવાનું શરૂ કર્યું. ગલ્ફ દેશો તેમની સુરક્ષા માટે અમેરિકા પર આધાર રાખે છે. તેમના પર હુમલો કરીને, ઈરાને મેસેજ આપ્યો કે તેઓ યુએસ લશ્કરી રક્ષણ હેઠળ સુરક્ષિત નથી. ઈરાન પાસે મિસાઈલો અને સસ્તા છતાં ઘાતક ડ્રોનનો ભંડાર છે. આ જ કારણે તેણે યુએસ હુમલાઓનો બદલો લેવાનું ચાલુ રાખ્યું. ઈરાન સામે હુમલાઓ પર અબજો ડોલર ખર્ચવા છતાં, અમેરિકા તેની લશ્કરી ક્ષમતાઓને નબળી પાડી શક્યું નહીં. યુએસ રાષ્ટ્રપતિને બીજી એક સમસ્યાનો સામનો કરવો પડયો તે એ હતો કે ઈરાન સામે લાંબા ગાળાના યુદ્ધને ચાલુ રાખવા માટે, તેમણે કોંગ્રેસની પરવાનગી લેવી પડે, જે મેળવવી અત્યંત મુશ્કેલ હતી. કદાચ આ જ કારણ છે કે તેમને સમાધાન કરવાની ફરજ પડી. જ્યારે તેઓ આ કરારને વિજય કહી રહ્યા છે, ત્યારે ઈરાન પણ આવો જ દાવો કરી રહ્યું છે. તે સાચું છે કે ઈરાને પરમાણુ શસ્ત્રો ન વિકસાવવાનું વચન આપ્યું છે, પરંતુ શું ઈઝરાયલ તેના પર વિશ્વાસ કરી શકે છે? અમેરિકા ચિંતિત છે કે ઈરાન ગુપ્ત રીતે પરમાણુ શસ્ત્રો વિકસાવવા માગે છે, પરંતુ બધા જાણે છે કે પાકિસ્તાને પણ ગુપ્ત રીતે પરમાણુ શસ્ત્રો વિકસાવ્યા છે, અને અમેરિકાએ ક્યારેય તેના પર પ્રતિબંધો લાદ્યા નથી. તેણે પાકિસ્તાનને અસંખ્ય આતંકવાદી જૂથોને આશ્રય આપવા બદલ સજા પણ આપી નથી, કારણ કે અમેરિકા બેવડાં ધોરણો દર્શાવવામાં નિપુણ છે, તેથી વિશ્વમાં તેની છબી અને પ્રતિષ્ઠા સતત ઘટી રહી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ, જેમણે એક સમયે પાકિસ્તાનને દેશદ્રોહી ગણાવ્યું હતું, તે હવે તેની સાથે મિત્રતા વધારવામાં રોકાયેલા છે. વધુમાં, તેમણે તેને અમેરિકા અને ઈરાન વચ્ચે કરાર કરવામાં મધ્યસ્થી કરવાની તક આપી. જોકે કેટલાક અન્ય દેશોએ પણ આ કરારમાં ભૂમિકા ભજવી હતી, પરંતુ ઈરાન સાથે સોદો કરવામાં અમેરિકાએ જે રીતે પાકિસ્તાનને ટેકો આપ્યો તેનાથી તે પોતાને શાંતિના સમર્થક તરીકે દર્શાવવા માટે સક્ષમ બન્યું છે, ભલે બધા જાણે છે કે તે એક બેજવાબદાર રાષ્ટ્ર છે અને અમેરિકા અને ઈરાન વચ્ચે સોદો કરવાની ક્ષમતાનો અભાવ છે.

# બ્રિટિશ રાજકારણમાં ભૂકંપ : 10 વર્ષમાં 6 વડાપ્રધાન બદલાયા

બ્રિટનના વધુ એક વડાપ્રધાને પોતાના રાજીનામાની જાહેરાત કરી દીધી છે. કીર સ્ટ્રારમરે ડાઉનિંગ સ્ટ્રીટની બહાર પ્રેસ કોન્ફરન્સ યોજીને પોતાના પદ છોડવાની જાહેરાત કરી હતી. આ સાથે જ બ્રિટનમાં છેલ્લાં એક દાયકમાં છઠ્ઠા વડા પ્રધાને રાજીનામું આપ્યું હતું અથવા તો તેમનું પદ ગયું હતું. હવે સાતમા વડા પ્રધાનની રાહ જોવાઈ રહી છે. બ્રિટનના રાજકીય ઈતિહાસમાં આધુનિક સદીમાં આ પહેલો એવો દાયકો છે જેમાં બ્રિટનમાં રાજકીય ભૂકંપ આવ્યો છે અને તેના આંતરિક રાજકારણના વળતાપાણી શરૂ થયા છે.

ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાન માટે દુનિયાભરમાં એવી છબી છે કે, ત્યાં કોઈપણ વડા પ્રધાન પોતાની સત્તાના પાંચ વર્ષ પૂર્ણ કરી શકતા નથી. હવે આ રાજકીય સ્થિતિ ધીમે ધીમે બ્રિટનની થઈ રહી હોવાનું જણાઈ રહ્યું છે. જાણકારોના મતે બ્રિટન દ્વારા એક દાયકા પહેલાં બ્રેક્ઝિટ માટેનો જે નિર્ણય લેવામાં આવ્યો ત્યારથી તેની રાજકીય, આર્થિક અને સામાજિક પડતીની શરૂઆત થઈ હોય તેમ ચર્ચાઈ રહ્યું છે. જાણકારોના મતે છેલ્લાં ઘણા સમયથી સ્ટારમર સરકારમાં આંતરિક વિખવાદ વધી ગયા હતા. તેના પગલે સ્ટારમર ઉપર રાજકીય દબાણ વધી ગયું હતું. જાણકારો તો એવું પણ માને છે કે, છેલ્લાં બે દિવસ દરમિયાન તેમણે તમામ ટોચના મંત્રીઓ, રાજકીય સલાહકારો, ઉદ્યોગપતિઓ, લેબર પાર્ટીની આલાકમાન, ટ્રેડ યુનિયનોના વડાઓ અને અન્ય લોકો સાથે મુલાકાતો કરી હતી. કોઈપણ સંજોગોમાં તેઓ સરકાર ચલાવી શકે અથવા બચાવી શકે તે સ્થિતિમાં હતા નહીં અને તેના પગલે તેમણે રાજીનામું આપ્યું. ઉલ્લેખનીય છે કે, સોમવારે બ્રિટિશ પીએમ કીર સ્ટારમરે પ્રેસ કોન્ફરન્સમાં ખૂબ જ ભાવુક થઈને પોતાના પદનો ત્યાગ કરવાની જાહેરાત કરી હતી જેથી નવા પીએમની પસંદગી અને જાહેરાત કરી શકાય. જાણકારોના મતે લેબર પાર્ટીમાં જ છેલ્લાં ઘણા સમયથી સ્ટારમર વિરુદ્ધ નારાજગી વધી ગઈ હતી. પક્ષમાં જ બે ભાગ પડી ગયા હતા. ઘણા મંત્રીઓ અને સાંસદો ઈચ્છતા હતા કે, સ્ટારમર સત્તા ઉપર રહે જ્યારે બીજો પક્ષ તેના વિરોધમાં હતો. પક્ષની આંતરિક વિસંગતતાના પગલે બ્રિટનના રાજકારણ ઉપર તેની મોટી અસર પડી રહી હતી. તેમાંય ૧૦૦ જેટલા સાંસદો દ્વારા સંસદમાં જ સ્ટારમર સામે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

મહત્ત્વની વાત એ છે કે, સ્ટારમરને આ બાબતનો અંદાજ હતો. તેમણે રાજીનામુ આપવા દરમિયાન પોતાની પીડા પણ વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, મારા પક્ષને લાગે છે કે, હું તેમના દળનો નેતા બનવા માટે કે આ દેશને આગળ લઈ જવા માટે નેતૃત્વ પૂરું પાડી શકું તેમ નથી. આગામી ચૂંટણીમાં પણ હું તેમનું સફળ નેતૃત્વ કરી શકું તેવું તેમને લાગતું નથી. હું તેમની લાગણીનો સ્વીકાર કરું છું. મારી કામગીરી અને મારા નેતૃત્વ અંગે મારી પાર્ટીને સવાલો કરવામાં આવ્યા હતા અને તેના જવાબો મેં સાંભળ્યા છે. હું આ તમામ જવાબોનો સ્વીકાર કરું છું. મેં અત્યાર સુધી આ પદ ઉપર રહીને જે નિર્ણયો કર્યા છે તે મારા પ્રથમ પ્રેમ એવા મારા દેશને આગળ વધારવા માટે લીધા હતા. કદાચ પક્ષનું તેને સમર્થન નથી. તેના પગલે જ હું લેબર પાર્ટીના પક્ષના નેતા તરીકે અને દેશના પીએમ પદેથી પણ રાજીનામું આપું છું. જાણકારોના મતે સ્ટારમર હાલમાં તો દેશના પીએમ પદે ચાલુ રહેશે. તેમની જગ્યાએ એકાદ-બે દિવસ કે પછી અઠવાડિયામાં નવા વડા પ્રધાનની જાહેરાત કરાશે ત્યાં સુધી સત્તા તેમની પાસે રહેશે. બીજી તરફ એવો પણ મત છે કે, સ્ટારમરના સ્થાને સત્તા સંભાળી શકે તેવી વ્યક્તિની પસંદગી પહેલેથી કરી લેવાઈ છે. સ્ટારમરને માત્ર ખસેડવાના હતા અને તે કામગીરી પૂરી થઈ ગઈ છે. મહત્ત્વની વાત એ છે કે, બ્રિટન અત્યારે આર્થિક રીતે પછટાડ ભોગવી રહ્યો છે, તેનું અર્થતંત્ર ડગમગી ગયું છે, તેના ઉપર દેવાઓનો ખડકલો થઈ ગયો છે અને બીજી તરફ જિયોપોલિટિક્સમાં પણ અત્યંત પરિવર્તન દેખાઈ રહ્યું છે ત્યારે બ્રિટનમાં વડા પ્રધાન બદલવામાં આવે તે આંચકાજનક છે.

ડેવિડ કેમરૂન : આ પડતીની શરૂઆત ડેવિડ કેમરૂનના કાર્યકાળમાં શરૂ થઈ હતી. જૂન ૨૦૧૬માં કેમરૂને બ્રેક્ઝિટ માટે મતદાન કર્યું હતું. જેમાં ૫૨-૪૮ની સરેરાશથી બ્રિટન હવે યુરોપીયન યૂનિયન છોડી દેશે તેવું નક્કી થયું હતું. તેના સાથે જ વિશ્વ રાજકારણ અને બ્રિટનના આંતરિક રાજકારણમાં ભૂકંપ આવ્યો હતો. બીજા વિશ્વયુદ્ધ બાદ બ્રિટન આ નિર્ણયને પગલે પોતાના સૌથી મોટા રાજકીય સંકટ તરફ ધકેલાઈ ગયો હોવાનું મનાય છે. આ



સમસ્યાના પગલે ડેવિડ કેમરૂને રાજીનામુ આપ્યું અને તેમના ઉત્તરાધિકારી તરીકે થેસેરા મેની પસંદગી કરવામાં આવી હતી.

થેરેસા મે : થેરેસા મે સત્તામાં આવ્યા ત્યારે તેઓ માનતા હતા કે, બ્રેક્ઝિટ માટે જે નિર્ણય લેવાયો છે તે યોગ્ય છે. તેના સમર્થનને ધ્યાનમાં રાખીને જ તેમણે રાજકારણની દિશા બદલવાનો પ્રયાસ કર્યો. તેમણે સત્તામાં આવતા જ વહેલી ચૂંટણીની જાહેરાત કરી. જુલાઈ ૨૦૧૬માં જ તેમણે ચૂંટણી યોજવાવી અને બહુમત સાથે સત્તામાં આવ્યા. તેઓ જુલાઈ ૨૦૧૯ સુધી સત્તામાં રહ્યા. બ્રિટનના ઈતિહાસમાં માર્ગરેટ થેચર બાદ થેરેસા બીજા મહિલા વડા પ્રધાન હતા. જો કે, બ્રિટિશ સંસદમાં બ્રેક્ઝિટ કેવી રીતે કરવામાં આવશે તેના દસ્તાવેજો, કામગીરી અને સંસાધનોની વહેંચણી બાબતે રજૂ કરાયેલા દસ્તાવેજોની ચર્ચામાં મડાગાંઠ સર્જાઈ હતી. સંસદમાં ઊભી થયેલી આ સમસ્યાએ તેમની પ્રતિષ્ઠા પણ છીનવી લીધી હતી. આ મડાગાંઠ ઉકેલાઈ નહીં અને તેમણે રાજીનામુ આપવું પડયું. બોરિસ જોન્સન : બોરિસ જોન્સન પણ બ્રેક્ઝિટના સમર્થક હતા. તેમના નેતૃત્વમાં જ બ્રિટનનું યુરોપ છોડો નામનું અભિયાન શરૂ થયું હતું. થેરેસા મે પછી સફળ નેતા સાબિત થવામાં તેમણે કન્ઝર્વેટિવ પાર્ટીની આંતરિક સ્પર્ધા તો જીતી લીધી હતી અને તેમણે પણ વહેલી ચૂંટણીની હાકલ કરી.

તેમણે ગેટ બ્રેક્ઝિટ ડન નામનું સૂત્ર આપીને ચૂંટણીનું બ્યૂગલ ફૂંકી દીધું. જાણકારોના મતે ૧૯૮૭માં માર્ગરેટ થેચરના નેતૃત્વમાં જે ભવ્ય જનાદેશ મળ્યો હતો ત્યારબાદ જોન્સનના નેતૃત્વમાં પક્ષને મળ્યો હતો. ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ બ્રેક્ઝિટ સફળ રહ્યું. તેમણે અલગ વેપાર અને અન્ય સોદાઓના કરાર કરીને ઔપચારિક રીતે બ્રિટનને યુરોપથી અલગ કરી દીધું. જોન્સને સત્તામાં રહેવા દરમિયાન વિવિધ પાર્ટીઓનું આયોજન કર્યું હતું જેના કારણે લોકો નારાજ હતા. તેમાંય કોરોના દરમિયાન પણ તેમણે આવી પાર્ટીઓ ચાલુ રાખી અને પાર્ટી ગેટ વિવાદને પગલે તેમની સામે આક્રોશ વધવા લાગ્યો અને જુલાઈ ૨૦૨૨માં તેમણે સત્તા ગુમાવવી પડી. લિઝ ટ્રસ : લિઝ ટ્રસ પણ જોન્સનના અનુગામી તરીકે આવ્યા. આ રેસમાં રિશિ સુનાક પણ તેમની સાથે સ્પર્ધામાં હતા. જો કે તેમને હરાવીને લિઝ ટ્રસ સત્તા ઉપર આવ્યા. તેમના અવિચારી બેજટ અને વધતા જતા દેવાને પગલેજનતા નારાજ થવા લાગી હતી. તેમની નાણાકિય નીતિઓએ બજારમાં ભૂકંપ લાવી દીધો હતો. તેના કારણે બજારમાં ઉધારી વધવા લાગી હતી. ખાસ કરીને કોવિડ મહામારી બાદ બ્રિટિશ અર્થતંત્ર મોંઘવારી, બેકારી, દેવામાંથી બહાર આવવા મથતું હતું ત્યાં લિઝ ટ્રસે અવિચારી નીતિઓ અમલમાં મૂકી હતી. તેના પગલે પ્રજાનો રોષ ભભૂકિ ઉઠયો અને ઓક્ટોબર ૨૦૨૨માં તેમણે રાજીનામું આપી દીધું. તેઓ માત્ર ૪૪ દિવસ જ સત્તા ઉપર રહી શક્યા હતા. રિશિ સુનક : ટ્રસના ગયા બાદ ઓક્ટોબર ૨૦૨૨માં ભારતીય મૂળના રિશિ સૂનકને સત્તા સોંપવામાં આવી. એક સમયે તેઓ બોરિસ જોન્સનની કેબિનેટના નાણામંત્રી હતા. બ્રિટનનું અર્થતંત્ર ખોરંભે ચડયું હતં ત્યારે તેમણે સત્તા સંભાળી. તેમણે પૂરોગામીઓની જેમ જ બ્રિટનને પાટે ચડાવવાની વાત કરી હતી. તેમણે ગેરકાયદે ઈમિગ્રેશનમાં સુધારાથી શરૂ કરીને સ્વાસ્થ્ય સેવાઓમાં પરિવર્તન સહિત પાંચ સુધારા જાહેર કર્યા હતા. ફેબ્રુઆરી ૨૦૨૩માં સુનકે ઉત્તર આયર્લેન્ડ અને યુરોપ સાથે કેટલાક કરાર પણ કર્યા. તેમની નીતિઓએ ખાસ અસર જન્માવી નહીં અને તેમના બાકીના વાયદા પણ પ્રજાને ખાસ પસંદ આવ્યા નહોતા. તેના પગલે જુલાઈ ૨૦૨૪માં વહેલી ચૂંટણીની હાકલ કરવામાં તેમણે પણ સત્તા ગુમાવવાનો વારો આવ્યો.

1979થી 2007 સુધીમાં બ્રિટનમાં માત્ર ત્રણ વડા પ્રધાન સત્તામાં હતા બ્રિટનના રાજકારણની કરૂણતા ગણો કે નિયતી પણ તેમાં વ્યાપક પરિવર્તન આવ્યું છે. એક સમયે સમગ્ર દુનિયા ઉપર રાજ કરનારા દેશની રાજકીય હાલત જ કફોડી થઈ ગઈ છે. બ્રિટનમાં એક સમય એવો પણ હતો ત્યાં દાયકાઓ સુધી એક જ વડા પ્રધાન સત્તા ઉપર રહેતા હતા અને હવે દરે દોઢ-બે વર્ષે વડા પ્રધાન બદલાઈ જાય છે. બ્રિટનનો એક યુગ એવો પણ હતો જેમાં ૧૯૭૯થી ૨૦૦૭ સુધી માત્ર ત્રણ વડા પ્રધાન સત્તા ઉપર હતા. માર્ગરેટ થેચર, જોન મેજર અને ટોની બ્લેર દ્વારા ૨૮ વર્ષ સુધી એકાધારી સત્તા સંભાળવામાં આવી હતી. ધીમે ધીમે બ્રિટનના રાજકારણમાં પરિવર્તન આવ્યું. જાણકારો માને છે કે, બ્રેક્ઝિટની જાહેરાતની સાથે જ બ્રિટનના રાજકારણમાં પલિતો ચંપાઈ ગયો હતો. ત્યારબાદ યુરોપથી અલગ થયેલા બ્રિટનના રાજકારણમાં, અર્થતંત્રમાં અને સત્તાના માળખામાં જે ભૂકંપ આવ્યો તેમાંથી હજી આ દેશ બહાર નીકળી શક્યો નથી.

# શી જિનપિંગના દિલ્હી પ્રવાસ પહેલા ભારત તેમના કટ્ટર હરીફની કરશે યજમાની

નવી દિલ્હી

ભારતના રાજદ્વારી અને કૂટનીતિક સંબંધો આજે કેટલા મજબૂત અને સચોટ બન્યા છે, તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, બ્રિક્સ (BRICS) સમિટ પહેલા ભારત એક એવા દેશની યજમાની કરવા જઈ રહ્યું છે, જેને ચીન બિલકુલ પસંદ નથી કરતું. જાપાનના વડાપ્રધાન સનાએ તાકાઈચી (Sanae Takaichi) જુલાઈ મહિનામાં ભારતની મુલાકાતે આવવાના છે. 1 થી 3 જુલાઈ દરમિયાન પ્રસ્તાવિત આ તેમની પ્રથમ સત્તાવાર ભારત મુલાકાત છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની આ મુલાકાતમાં સુરક્ષા, ક્રિટિકલ મિનરલ્સ, સંરક્ષણ સહયોગ, વેપાર અને વ્યૂહાત્મક કનેક્ટિવિટી જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થશે. ચીનના રાષ્ટ્રપતિના આગમન પહેલા જાપાનની મુલાકાત આ પ્રવાસ એટલા માટે વધુ ચર્ચામાં છે, કારણ કે, તે BRICS સમિટ માટે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના ભારત આગમન ના ઠીક પહેલા યોજાઈ રહ્યો છે. જાપાન એક એવો દેશ છે, જે લાંબા સમયથી પ્રાદેશિક સ્તરે ચીનની આક્રમક નીતિઓનો મજબૂતાઈથી સામનો



કરી રહ્યો છે, અને તે હંમેશા ભારતનો વ્યૂહાત્મક ભાગીદાર રહ્યો છે. ભારત અને જાપાન બંને 'ક્વાડ' (QUAD)ના સભ્ય છે, જે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીનની વિસ્તારવાદી નીતિઓને સંતુલિત કરવાનું કામ કરે છે. ભૂતકાળમાં એવું ઘણી વાર જોવા મળ્યું છે કે, જ્યારે પણ ભારત-ચીન વચ્ચે કોઈ મોટી બેઠક થવાની હોય, ત્યારે ચીન સરહદ (LAC) પર તણાવ વધારે છે, અથવા ભારતના પડોશી દેશોને ઉશ્કેરે છે. હવે ભારત કૂટનીતિક રીતે વળતો પ્રહાર કરી રહ્યું છે. બ્રિક્સ સમિટ પહેલા જાપાનના વડાપ્રધાનને આમંત્રિત કરીને ભારત બેઈજિંગને સ્પષ્ટ સંદેશ આપી રહ્યું છે કે, તે પોતાની વિદેશ નીતિ માત્ર કોઈ એક દેશ પર કેન્દ્રિત રાખશે નહીં. સપ્લાય ચેઈન, સેમિકન્ડક્ટર અને ડિફેન્સ ક્ષેત્રે ચીન પરની નિર્ભરતા ઘટાડવા માટે ભારત જાપાન જેવી લોકશાહી શક્તિઓને પ્રાથમિકતા આપી રહ્યું છે.



પાક્કો ગુજરાત

બુધવાર | 24 જૂન 2026 | અમદાવાદ

### તંત્ર અને કોન્ટ્રાક્ટરની ગંભીર લાપરવાહી

# સ્ટેચ્યુ ઓફ યુનિટી જતા મુખ્ય માર્ગ પર 'મોતના ઢગલા'! : અકસ્માત થશે તો જવાબદાર કોણ.??



ડભોઈ

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને જોડતા ડભોઈના મુખ્ય માર્ગ પર તંત્ર અને કોન્ટ્રાક્ટરની ગંભીર લાપરવાહી સામે આવી છે. આ વ્યસ્ત રોડ પર હાલ કાંસો લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે, જે અંતર્ગત કોન્ટ્રાક્ટર દ્વારા ખોદકામ કરીને રોડની વચ્ચોવચ જ માટીના મોટા-મોટા ઢગલા કરી દેવામાં આવ્યા છે. આ ઘોર બેદરકારીના કારણે દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓ અને સ્થાનિક વાહનચાલકોના જીવ અધ્ધર થઈ ગયા છે.

નિયમ મુજબ રોડ પર જ્યારે પણ આવું મોટું કામ ચાલતું હોય ત્યારે વાહનચાલકોની સુરક્ષા માટે ચેતવણી દર્શાવતા સાઈન બોર્ડ, રાત્રે ચમકે તેવા રેડિયમ સ્ટીકરો અથવા લાલ કલરની સેફ્ટી લાઈટો (બેરિકેડ્સ) મૂકવી અનિવાર્ય છે. જોકે, આ સ્થળે કોન્ટ્રાક્ટર દ્વારા આવી કોઈ જ તકેદારી રાખવામાં આવી નથી. રાત્રિના અંધારામાં દૂરથી આ માટીના ઢગલા બિલકુલ દેખાતા નથી, જેના કારણે ગમે ત્યારે મોટો અને જીવલેણ અકસ્માત થવાની પૂરેપૂરી સંભાવના સેવાઈ રહી છે. સ્થાનિકો રોષે ભરાઈને સવાલ પૂછી રહ્યા છે કે જો અહીં કોઈ મોટી દુર્ઘટના ઘટશે અને કોઈ માસૂમનો જીવ જશે, તો તેનો જવાબદાર કોણ?

સ્ટેચ્યુ ઓફ યુનિટી એ વૈશ્વિક પ્રવાસન સ્થળ હોવાથી આ માર્ગ પર ચોવીસ કલાક વીઆઈપી (VIP) મૂવમેન્ટ સહિત હજારો પ્રવાસીઓની ગાડીઓ પૂરપાટ ઝડપે દોડતી હોય છે. અજાણ્યા વાહનચાલકો કે જેઓ આ રોડની સ્થિતિથી વાકેફ નથી, તેમના માટે આ માર્ગ હાલ 'મોતનું ખુલ્લું આમંત્રણ' સાબિત થઈ રહ્યો છે.

તંત્રની આ નિષ્કાળજી વૈશ્વિક ફલક પર ભારત અને ગુજરાત પ્રવાસનની છબી પણ ખરડી રહી છે.

સરકારી બાબુઓ અને મલાઈદાર કોન્ટ્રાક્ટરોની એસી કેબિનમાં બેસવાની નીતિના કારણે નિર્દોષ પ્રજાને ભોગવવાનો વારો આવ્યો છે. જનતામાં અત્યારે ભારે આક્રોશ છે કે આખરે જવાબદાર અધિકારીઓ ક્યારે જાગશે? શું તંત્ર કોઈ મોટી હોનારત થાય તેની રાહ જોઈ રહ્યું છે?

# વિશ્વવિખ્યાત લોકગાયક ગોપાલ સાધુએ દીકરીને સરકારી શાળામાં અપાવ્યો પ્રવેશ

### વિરમગામ તાલુકાની ખુડદ પે સેન્ટર શાળામાં દીકરી રાજેશ્રીના પ્રવેશથી સરકારી શિક્ષણ પ્રત્યે વિશ્વાસનો સંદેશ આપ્યો

વિરમગામ, વંદના નીલકંઠ વાસુકિયા

વિરમગામ તાલુકાના વિશ્વવિખ્યાત લોકગાયક ગોપાલ સાધુએ પોતાની દીકરીને સરકારી શાળામાં પ્રવેશ અપાવી સમાજ સમક્ષ પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે જાણીતી હસ્તીઓ પોતાના બાળકોને ખાનગી શાળાઓમાં અભ્યાસ કરાવે છે, પરંતુ ગોપાલ સાધુએ પોતાની દીકરી રાજેશ્રીને ખુડદ ગામની સરકારી પ્રાથમિક શાળામાં દાખલ કરી સરકારી શિક્ષણ વ્યવસ્થા પ્રત્યે વિશ્વાસ વ્યક્ત કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રેરણાદાયી વિચારોને અનુસરી શરૂ થયેલા 'શાળા પ્રવેશોત્સવ - કન્યા કેળવણી મહોત્સવ'ની 24મી શ્રેણીનો રાજ્યવ્યાપી પ્રારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડનગરની



ઐતિહાસિક બી.એન. હાઈસ્કૂલથી કરાવ્યો છે. "ભૂલકાંઓને ઉજ્જવળ ભવિષ્ય માટે આવકાર, શાળાઓમાં પ્રવેશોત્સવનો હર્ષ અપાર" સૂત્રને સાકાર કરવા રાજ્યભરની શાળાઓમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ અંતર્ગત અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાની ખુડદ પે સેન્ટર પ્રાથમિક શાળામાં પણ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ખ્યાતનામ લોકડાયરા કલાકાર ગોપાલ સાધુ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ખાસ વાત એ રહી કે ગોપાલ સાધુએ પોતે જે શાળામાં અભ્યાસ કર્યો હતો, એ જ શાળામાં પોતાની દીકરી રાજેશ્રીને પ્રવેશ અપાવ્યો. આ પ્રસંગે તેમણે સરકારી શાળાની ગુણવત્તા અને શિક્ષણ પ્રત્યેનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ગોપાલ સાધુના આ પગલાને કારણે સરકારી શાળાઓ પ્રત્યે વાલીઓનો વિશ્વાસ વધુ મજબૂત બનશે અને અન્ય લોકો પણ સરકારી શિક્ષણ તરફ પ્રેરિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# જુગારના રંગમાં ભંગ પડ્યો : રાયપુર ગામમાં સાત જુગારીઓ સંકજામાં, 59 હજારનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર

ગાંધીનગરના રાયપુર ગામે રામાપીર વાસમાં આવેલી પાણીની ટાંકી નજીકની ખુલ્લી જગ્યામાં ડભોડા પોલીસે પૂર્વ બાતમીના આધારે દરોડો પાડી પત્તા વડે હારજીતનો જુગાર રમતા સાત શખ્સોને રંગેહાથ ઝડપી લઈ રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ. 59,200નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર ડભોડા પોલીસ મથકના પીઆઈ અનિલ ચૌહાણની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી.તે દરમિયાન રાયપુર ગ્રામ પંચાયત નજીક પહોંચતા બાતમી મળી હતી કે ગામના રામાપીરવાસમાં પાણીની ટાંકી પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો એકઠા થઈને પોતાના અંગત ફાયદા માટે પૈસાપાનાનો જુગાર રમી રહ્યા છે.

આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા



સાત શખસો ગોળ કુંડાળું વળીને પત્તાની બાજી માંડીને બેઠેલા નજરે પડ્યા હતા. અચાનક પોલીસના કાફલાને સામે આવતો જોઈને જુગારીઓમાં અફરાતફરી મચી ગઈ હતી અને તેઓ પોતાના હાથમાં રહેલા ગંજીપાના વચ્ચે ફેંકીને ભાગવાનો પ્રયાસ કરવા લાગ્યા હતા. જોકે પોલીસે તમામ સાત શખ્સોને ચારેય તરફથી ઘેરીને સ્થળ પર જ દબોચી લીધા હતા.

### રવિ ઉર્ફે ઠાકોરનું નામ ખુલતા શોધખોળ, 3.82 લાખનો મુદ્દામાલ જપ્ત,

# જેતપુર તાલુકા પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે દિલીપ ઉર્ફે દિલુને લાખોના દારૂના ચપલા સાથે ઝડપી લીધો

જેતપુર, સુરેશ ભાલીયા

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં નશાબંધીની પ્રવૃત્તિઓ ડામવા માટે પોલીસ સતત કાર્યરત છે. ત્યારે જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનની ટીમે પ્રોહિબિશન વિરુદ્ધ મોટી કાર્યવાહી હાથ ધરીને વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે.

રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી નિર્લીપ્ત રાય, રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષકશ્રી વિજયસિંહ ગુર્જર તથા જેતપુર વિભાગના નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.એ.ડોડીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ 'Zero Tolerance to prohibition & gambling' ની નીતિ પર કામ કરી રહી છે. આ સૂચનાના ભાગરૂપે જેતપુર તાલુકા પોલીસ



સ્ટેશનના પી.આઈ. એમ.એલ. આહિર અને તેમનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો.

દરમિયાન, પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે જેતપુરના ખીરસરા રોડ પર આવેલ ગાલોલીયા નદીના પુલ પાસે એક ઈસમ ગેરકાયદેસર રીતે દારૂનો જથ્થો લઈને ઉભો છે. આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડતા દિલીપભાઈ ઉર્ફે દિલુ કાળુભાઈ વાળા (રહે. ભોજાધાર, જેતપુર) ને ઝડપી લીધો હતો.

મુદ્દામાલ અને તપાસ પોલીસે સ્થળ પરથી ભારતીય બનાવટની 'RITZ RESERVE SUPERIOR GRAIN WHISKY' લખેલી ૧૮૦ એમ.એલ.ના માપની કુલ ૨૦૭૨ પ્લાસ્ટિકની બોટલ (ચપલા) જપ્ત કરી હતી, જેની કુલ કિંમત રૂપિયા ૩,૫૨,૨૪૦ થાય છે. દારૂ ઉપરાંત એક મોટરસાયકલ અને એક મોબાઈલ ફોન મળીને પોલીસે કુલ રૂપિયા ૩,૮૨,૨૪૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ કેસમાં રવિ ઉર્ફે ઠાકોર મેરામભાઈ મરતોલીયાનું નામ પણ ખુલ્યું છે, જેને પકડવા પોલીસે આગળની તજવીજ હાથ ધરી છે.

# દહેગામ-બાયડ રોડ પર SMCનો મોટો દારૂનો જથ્થો ઝડપાયો : બિયર અને હેરિયર કાર જપ્ત

ગાંધીનગર

સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) એ દહેગામ-બાયડ રોડ પર મોટી કાર્યવાહી કરીને 12.95 લાખથી વધુનો વિદેશી દારૂ, બિયર અને હેરાફેરીમાં વપરાયેલી કાર જપ્ત કરી છે. આ કાર્યવાહીમાં રાજસ્થાનથી ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહેલો દારૂનો જંગી જથ્થો પકડાયો હતો.

SMCની ટીમે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડજોદરા ગામ નજીક મળેલી ચોક્કસ બાતમીના આધારે એક સફેદ રંગની હેરિયર કારનો ફિલ્મી ઢબે પીછો કર્યો હતો. બાતમી હતી કે GJ-18-BP-6609 નંબરની આ કારમાં રાજસ્થાનમાંથી મોટી માત્રામાં દારૂ ભરી દહેગામ તરફ લાવવામાં આવી રહ્યો છે.

પોલીસના ઈશારા અવગણીને કારચાલકે વધુ ઝડપે કાર દોડાવી હતી. જોકે, SMCની ટીમે પીછો કરીને બાયડ-દહેગામ રોડ પર મેશ્વો નદીના બ્રિજ નજીક કારને આડી ગાડી મૂકી રોકી હતી. કારચાલક ભાગવાનો પ્રયાસ કરતો હતો પરંતુ પોલીસ કર્મચારીઓએ તેને ઝડપી લીધો હતો. પકડાયેલ આરોપીએ પોતાનું નામ મુકેશકુમાર પન્નાલાલ કલાલ (ઉં.40) જણાવ્યું હતું. તે મૂળ રાજસ્થાનના સલુમ્બર જિલ્લાના તલાવલી ગામનો રહેવાસી અને હાલ અમદાવાદના ઘાટલોડિયામાં રહેતો હોવાનું બહાર આવ્યું હતું. પૂછપરછ દરમિયાન તેણે રાજસ્થાનમાંથી દારૂનો જથ્થો લાવી ગુજરાતમાં સપ્લાય કરવા માટે લાવ્યો હોવાની કબૂલાત આપી હતી. પંચોની હાજરીમાં હેરિયર કારની તપાસ કરતાં કપડાંની નીચે છુપાવેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂ (IMFL) અને બિયરનો જંગી જથ્થો મળી આવ્યો હતો. મુદ્દામાલમાં કિંગફિશર સુપર સ્ટ્રોંગ બિયર, બુડવાઈઝર મેગ્નમ, ટ્યુબોર્ગ, મેજિક મોમેન્ટ, સ્ટેગ ડિલક્સ, સ્મિર્નોફ વોડકા, જૉની વોકર રેડ લેબલ, સિગ્રામ્સ બ્લેન્ડર્સ પ્રાઈડ અને અન્ય બ્રાન્ડનો સમાવેશ થતો હતો. પોલીસે કુલ 1,250 બોટલ અને ટીનનો જથ્થો કબજે કર્યો હતો, જેની કિંમત અંદાજે 2,95,874 નોંધવામાં આવી છે.

# આંકલાવ તાલુકાની પી એમ શ્રી ભેટાસી મુખ્ય પ્રાથમિક શાળા ખાતે બાળકોને શાળા પ્રવેશ કરાવતા અન્ન અને પુરવઠા મંત્રી રમણ સોલંકી

### શિક્ષણએ જીવનને ઉન્નત અને સુખમય બનાવવાનું શ્રેષ્ઠ માધ્યમ : કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી

આણંદ, અરવિંદસિંહ પઢિયાર

આણંદ જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત પી એમ શ્રી ભેંટાસી મુખ્ય પ્રાથમિક શાળા ખાતે ગુજરાત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકીની વિશેષ ઉપસ્થિતિમાં 'કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રી એ બાલવાટિકા અને ધોરણ-૧ માં પ્રવેશ મેળવતા નાના ભૂલકાઓને કુમકુમ તિલક કરી શાળા પરિવારમાં આવકાર્યા હતા. આ કાર્યક્રમમાં આંગણવાડીમાં ૨૮ અને બાલવાટિકા માં ૩૩ બાળકોને પ્રવેશ કરાવાયો હતો.

આ પ્રસંગે મંત્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૩માં દેશના યશસ્વી વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ શિક્ષણનું સ્તર સુધારવા, ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા અને કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાના ઉમદા હેતુથી શાળા પ્રવેશોત્સવની



શરૂઆત કરાવી હતી. આજે વર્ષ ૨૦૨૬માં આ અભિયાનના ૨૩ વર્ષ પૂર્ણ થવાના અવસરે શાળાઓમાં દીકરીઓની સંખ્યા અને શિક્ષણમાં તેમનું યોગદાન નોંધપાત્ર રીતે વધ્યું છે. ભેટાસી શાળાના આંકડાનો ઉલ્લેખ કરતા તેમણે ગર્વભેર જણાવ્યું કે, શાળાના કુલ ૫૨૫ વિદ્યાર્થીઓમાંથી ૨૭૬ દીકરીઓ અભ્યાસ કરી રહી છે, જે આ અભિયાનની સફળતા દર્શાવે છે.મંત્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશની 14,500 શાળાઓને 'પી એમ શ્રી' શાળા તરીકે વિકસાવવાનો સંકલ્પ કર્યો છે. આંકલાવ તાલુકા માટે ગૌરવની વાત છે કે તાલુકાને ૪ પીએમ શ્રી શાળાઓ મળી છે, જે પૈકીની એક ભેટાસી શાળા છે. આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને ભણવા માટે સરકાર તરફથી વિશેષ સુવિધાઓ, પૂરતા શિક્ષકો, શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રવાસ માટે વિશેષ જોગવાઈઓ પૂરી પાડવામાં આવી રહી છે. મંત્રીએ વધુમાં કહ્યું કે, શિક્ષણ એ માણસમાં રહેલી આંતરિક શક્તિઓને ઉજાગર કરવાનું માધ્યમ છે. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ત્રણ મુખ્ય બાબતો - બાળકનું નામાંકન, નિયમિત હાજરી અને ગુણવત્તાસભર શિક્ષણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સરકારે પુસ્તકો, ડ્રેસ, ફી માફી અને શિષ્યવૃત્તિ જેવી તમામ ભૌતિક સુવિધાઓની જવાબદારી પૂર્ણ કરી છે, ત્યારે હવે વાલીઓ અને શિક્ષકોએ સાથે મળીને બાળકના ભવિષ્યના નિર્માણ માટે પોતાની ફરજ નિભાવવી પડશે.

### તાલુકા પોલીસે દારૂ, કાર, મોબાઈલ સહિત કુલ રૂપિયા 21 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો

# જેતપુરમાં ફિલ્મી ઢબે દારૂ ભરેલી ક્રેટા કાર પકડાઈ : રૂપિયા 11 લાખના ઈંગ્લીશ દારૂ સાથે રાજસ્થાનના બે શખ્સોની ધરપકડ

જેતપુર, સુરેશ ભાલીયા

જેતપુર તાલુકા પોલીસે પ્રોહિબિશન અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા માટે હાથ ધરેલી ઝુંબેશ અંતર્ગત એક મોટી સફળતા મેળવી છે. પોલીસને મળેલી બાતમીના આધારે, તાલુકાના ખીરસરા રોડ પર આવેલા ગાલોલીયા નદીના પુલ પાસેથી પોલીસે ઈંગ્લિશ દારૂના જંગી જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પાડ્યા છે.

રાજકોટ રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લીપ્ત રાય, રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર અને જેતપુર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક આર.એ.ડોડીયાના માર્ગદર્શન હેઠળ,



જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના પી. આઈ. એમ. એલ. આહિર તથા તેમનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. તે દરમિયાન એ.એસ.આઈ. ભુરાભાઈ માલીવાડ, પો. હેડ કોન્સ. મનેશભાઈ જોગરાદિયા તથા પો. કોન્સ. પ્રદ્યુમનસિંહ વાઘેલા અને ઝવેરભાઈ સારલાને ખાનગી બાતમી મળી હતી કે, અમરનગર તરફથી એક હ્યુન્ડાઈ ક્રેટા કાર (રજી. નં. GJ-27-EH-9632) માં વિદેશી દારૂ ભરીને જેતપુર તરફ આવી રહી છે.

આ બાતમીના આધારે પોલીસે ખીરસરા રોડ પર આવેલ ગાલોલિયા નદીના પુલ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન શંકાસ્પદ કાર આવતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, કારના ચાલકે પકડાઈ જવાની બીકે યુ-ટર્ન લઈને ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસની ટીમે સમયસૂચકતા વાપરી કારને ચારે બાજુથી કોર્ડન કરી લીધી હતી અને તેને અટકાવી દીધી હતી.

પોલીસે કારની તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટની પરપ્રાંતિય ઈંગ્લિશ દારૂની ૧૮૦ એમ.એલ. માપની કુલ ૩,૪૦૮ બોટલ મળી આવી હતી, જેની કિંમત રૂા. ૧૧,૦૬,૪૦૦/- થાય છે. દારૂ ઉપરાંત પોલીસે રૂા. ૧૦,૦૦,૦૦૦/- ની કિંમતની હ્યુન્ડાઈ ક્રેટા કાર અને રૂા. ૫,૦૦૦/- નો મોબાઈલ ફોન જપ્ત કરી, કુલ રૂા. ૨૧,૧૧,૪૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસે સ્થળ પરથી બે આરોપીઓની અટકાયત કરી છે, જેમાં હનુમાનારામ સુજાનારામ ખીચ્ચર અને મનોહરલાલ હડમાનારામ સાહુંનો સમાવેશ થાય છે.

### રાજપીપળા સેશન્સ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો!

# વનકર્મી પર હુમલા કેસમાં MLA ચૈતર વસાવાને 7 વર્ષની સખત કેદ

**ધારાસભ્ય ચૈતર વસાવાના પત્ની સહિત કુલ 9 આરોપીઓને કોર્ટે દોષિત જાહેર કર્યા : જેલની સજાની સાથે રૂપિયા 96 હજારનો દંડ ફટકાર્યો, ધારાસભ્ય પદ પણ જોખમમાં!**

નર્મદા/રાજપીપળા

ગુજરાતના રાજકારણ અને આદિવાસી બેલ્ટમાંથી આ સમયના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. વન વિભાગના કર્મચારી (વનકર્મી) પર હુમલો કરવા, હવામાં ફાયરિંગ કરવા અને ધમકી આપવાના ચકચારી કેસમાં ડેડિયાપાડાના લોકપ્રિય આદિવાસી ધારાસભ્ય (MLA) ચૈતર વસાવાને રાજપીપળા સેશન્સ કોર્ટે દોષિત જાહેર કરીને ૭ વર્ષની સખત જેલની સજા ફટકારી છે. કોર્ટના આ ઐતિહાસિક ચુકાદાથી સમગ્ર રાજ્યના રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે.

રાજપીપળા સેશન્સ કોર્ટે લાંબી કાનૂની પ્રક્રિયા અને બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આ ચુકાદો આપ્યો છે. કોર્ટે માત્ર ધારાસભ્ય ચૈતર વસાવા જ નહીં, પરંતુ તેમના પત્ની શંકુતલાબેન વસાવા સહિત આ કેસમાં સંડોવાયેલા તમામ ૯ આરોપીઓને ગુનેગાર ઠેરવ્યા છે. કોર્ટે





તમામ દોષિતોને ૭ વર્ષની કેદની સજાની સાથે કુલ રૂપિયા ૯૬,૦૦૦ નો આકરો દંડ પણ ફટકાર્યો છે.

આ વિવાદ વન વિભાગની જમીન અને ખેડૂતોના પ્રશ્નોને લઈને શરૂ થયો હતો. વન વિભાગના કર્મચારીઓએ ડેડિયાપાડા વિસ્તારમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી, જેનો વિરોધ કરવા માટે ધારાસભ્ય ચૈતર વસાવા અને તેમના સમર્થકોએ વનકર્મીઓને પોતાના ઘરે બોલાવ્યા હોવાનો આક્ષેપ હતો. આરોપ મુજબ, ત્યાં વનકર્મીઓ સાથે ઉગ્ર બોલાચાલી બાદ મારપીટ કરવામાં આવી હતી અને ડરાવવા માટે હવામાં ફાયરિંગ પણ કરવામાં આવ્યું હતું. આ મામલે વન વિભાગ દ્વારા સરકારી કર્મચારી પર હુમલો અને ફરજમાં રુકાવટ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

કાયદાકીય નિયમો અનુસાર, જો કોઈ લોકપ્રતિનિધિ (ધારાસભ્ય કે સંસદસભ્ય) ને અદાલત દ્વારા ૨ વર્ષ કે તેથી વધુ સમયની સજા ફટકારવામાં આવે, તો તેમનું સભ્યપદ તાત્કાલિક ધોરણે રદ થવા પાત્ર બને છે. રાજપીપળા કોર્ટે ચૈતર વસાવાને ૭ વર્ષની સજા ફટકારી હોવાથી હવે તેમનું ધારાસભ્ય પદ પણ જોખમમાં મુકાયું છે.

# પતિએ સસરા પાસે 1 કરોડ રોકડા અને 3 લાખનો પગાર માંગ્યો, પત્નીએ નોંધાવી ફરિયાદ

### યુવતીના લગ્ન એપ્રિલ 2022માં સોલામાં રહેતા સચિન વિનોદકુમાર અખાણી સાથે થયા હતા, લગ્નના શરૂઆતના ચાર મહિના સુધી બધું બરાબર ચાલ્યા બાદ, સાસુ અને પતિએ ઘરકામ જેવી નાની-નાની બાબતોમાં ઝઘડા શરૂ કર્યા હતા

અમદાવાદ

અમદાવાદના થલતેજ વિસ્તારમાં રહેતી 29 વર્ષીય પરિણીતાએ પોતાના પતિ અને સાસરિયાંઓ વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ તેમજ દહેજની માંગણી કર્યાની પોલીસ ફરિયાદ નોંધાવી છે. લગ્નના થોડા જ મહિનાઓમાં ઘરકામ બાબતે શરૂ થયેલા ઝઘડાઓએ મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું. સાસરિયાંઓએ પરિણીતાના પિતા પાસે નવું મકાન અથવા મકાન પેટે 1 કરોડ રૂપિયા રોકડા તેમજ પિતાની કંપનીમાં પતિને દર મહિને 3 લાખ રૂપિયાનો પગાર આપવાની માંગ કરી હતી. આ ઉપરાંત, પરિણીતાના 105 તોલા સોનાના દાગીના પરત આપવાનો ઈનકાર કરી તેને ઘરમાંથી કાઢી મૂકતાં આખરે સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. મળતી માહિતી મુજબ, 29 વર્ષીય પરિણીતા હાલ થલતેજમાં પોતાના પિયરે રહે છે અને ઘરેથી જ એક કંપનીનું એકાઉન્ટ્સ સંભાળી નોકરી કરે છે. આ યુવતીના લગ્ન એપ્રિલ 2022માં સોલા વિસ્તારમાં રહેતા સચિન વિનોદકુમાર અખાણી સાથે થયા હતા. લગ્નના શરૂઆતના ચાર મહિના સુધી બધું બરાબર ચાલ્યા બાદ, સાસુ અને પતિએ ઘરકામ જેવી નાની-નાની બાબતોમાં ઝઘડા શરૂ કર્યા હતા. પતિ સચિને પરિણીતા સાથે મારઝૂડ પણ કરી હતી. આ સાથે જ સાસુ અલ્કાબેન, સસરા વિનોદકુમાર અને નણંદ ભૂમિએ પણ પતિનો પક્ષ લઈને પરિણીતા તેમજ તેના માતા-પિતા વિશે અપશબ્દો બોલી સતત માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. પરિણીતાએ કરેલી પોલીસ ફરિયાદ અનુસાર, 13 સપ્ટેમ્બર 2023ના રોજ જ્યારે પરિણીતાના પિતા સામાજિક મિટિંગ અર્થે આવ્યા ત્યારે સાસરિયાઓએ તેમની સાથે પણ ગેરવર્તન કર્યું હતું. પરિણીતા જ્યારે પિતાને મળવા ઘરની બહાર ગઈ, ત્યારે પતિ સચિને ફ્લેટનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. ત્યારબાદ પતિ અને સાસુ-સસરાએ શરત મૂકી હતી કે, 'જો તારા પિતા નવું મકાન અપાવે અથવા તેના પેટે 1 કરોડ રૂપિયા રોકડા આપે, અને તને તેમની કંપનીમાં નોકરી પર રાખી દર મહિને 3 લાખ રૂપિયા પગાર ચૂકવે તો જ અમે તને ઘરમાં રાખીશું.'

પતિ સચિને પરિણીતા સાથે સંતાન પેદા ન કરવાની પણ ધમકી આપી હતી. આ સિવાય, પિયર અને સાસરી પક્ષ તરફથી મળેલા કુલ 105 તોલા સોનાના દાગીના પણ સાસરિયાઓએ પરત આપવાનો ઈનકાર કરી દીધો હતો. ગઈકાલે એટલે કે 22 જૂનના રોજ જ્યારે પરિણીતા પોતાના દાગીના લેવા સાસરીમાં ગઈ, ત્યારે તેને ઘરમાં પ્રવેશવા દીધી ન હતી અને બહારથી જ કાઢી મૂકવામાં આવી હતી. સાસરિયાં તરફથી સતત માનસિક ત્રાસ મળતા કંટાળીને પરિણીતાએ પોલીસમાં ફરિયાદ કરી છે.



### ત્રણ દિવસમાં ભારતીય બોક્સ ઓફિસ પર પ્રદર્શન

# બોક્સ ઓફિસ પર સામંથા રૂથ પ્રભુનો દબદબો: ‘મા એન્તી બંગારમ’ ફિલ્મે ઓપનિંગ વીકેન્ડમાં મચાવી ધૂમ

મુંબઇ

સાઉથ સિનેમાની સુપરસ્ટાર સામંથા રૂથ પ્રભુની મોસ્ટ અવેટેડ ફિલ્મ “મા એન્તી બંગારમ” (Maa Enti Bangaram) હાલ બોક્સ ઓફિસ પર કમાણીના નવા રેકોર્ડ સર્જી રહી છે. આ સ્ત્રી-કેન્દ્રિત ફિલ્મમાં સામંથાનો એક્શનથી ભરપૂર અવતાર દર્શકોને ખુબ પસંદ આવી રહ્યો છે. ચાહકો અને વિવેચકો તરફથી મળી રહેલી વ્યાપક પ્રશંસાના કારણે ફિલ્મે તેના પ્રથમ ત્રણ દિવસના ઓપનિંગ વીકેન્ડમાં જબરદસ્ત કલેક્શન કર્યું છે. ત્રીજા દિવસે કમાણી 10 કરોડને પાર અહેવાલ મુજબ, ફિલ્મે રવિવારે તેના ત્રીજા દિવસે થિયેટરોમાં મજબૂત પકડ જાળવી રાખી હતી. દેશભરના આશરે 2965 શોમાંથી ફિલ્મે 10.10 કરોડ રૂપિયાનું શાનદાર કલેક્શન કર્યું હતું. રવિવારે ફિલ્મની ઓક્યુપન્સી 53.4% જેટલી ઊંચી નોંધાઈ હતી. ભાષાવર કમાણીની વાત કરીએ તો, ફિલ્મે તમિલ વર્ઝનમાં આશરે 6 મિલિયન રૂપિયા અને તેલુગુ વર્ઝનમાં 9.50 કરોડ રૂપિયાની કમાણી કરી છે. ફિલ્મે ભારતીય બજારમાં અત્યાર સુધીમાં કુલ 23.10 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું છે. ‘મા એન્તી બંગારમ’ ફિલ્મે તેના રિલીઝના પહેલા દિવસે 5.35 કરોડ રૂપિયા અને બીજા દિવસે 7.65 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. ત્રણ દિવસના આ શાનદાર પ્રદર્શન બાદ ફિલ્મનું ભારતમાં કુલ ગ્રોસ કલેક્શન 26.69 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. ભારત ઉપરાંત વિદેશી બજારોમાં પણ સામંથાનો જાદુ જોવા મળી રહ્યો છે. ફિલ્મે ત્રીજા દિવસે ઓવરસીઝ માર્કેટમાંથી 4 કરોડ રૂપિયાની કમાણી કરી છે, જેની સાથે ફિલ્મનું કુલ ઓવરસીઝ કલેક્શન 15.10 કરોડ રૂપિયા થઈ ગયું છે. ભારત અને વિદેશની કમાણીના આંકડા ભેગા મળીને, ‘મા એન્તી બંગારમ’ ફિલ્મનું કુલ વિશ્વવ્યાપી ગ્રોસ કલેક્શન માત્ર 3 દિવસમાં 41.79 કરોડ રૂપિયાના આંકડાને વટાવી ગયું છે.

વર્ષ 2026 ની ટોપ 5 ટોલીવુડ ફિલ્મોમાં સ્થાન આ જોરદાર કમાણી સાથે, આ ફિલ્મ વર્ષ 2026 ની પ્રથમ 3 દિવસમાં સૌથી વધુ કમાણી કરનારી ટોલીવુડ ફિલ્મોની યાદીમાં 5મા ક્રમે પહોંચી ગઈ છે. આ યાદીમાં 125.5 કરોડ સાથે ‘પેદ્દી’ પ્રથમ, 108 કરોડ સાથે ‘ધ રાજા સાબ’ બીજા, 79.85 કરોડ સાથે ‘મન શંકર વારા પ્રસાદ ગરુ’ ત્રીજા અને 52.85 કરોડ સાથે ‘ઉસ્તાદ ભગત સિંહ’ ચોથા ક્રમે છે. જ્યારે ઓપનિંગ વીકેન્ડ કલેક્શનના મામલામાં આ ફિલ્મ છઠ્ઠા નંબર પર ટ્રેન્ડ કરી રહી છે. ચાહકો અને વિવેચકો તરફથી મળી રહેલી વ્યાપક પ્રશંસાના કારણે ફિલ્મે તેના પ્રથમ ત્રણ દિવસના ઓપનિંગ વીકેન્ડમાં જબરદસ્ત કલેક્શન કર્યું છે.

**ભારત અને વિદેશની કમાણીના આંકડા ભેગા મળીને, ‘મા એન્તી બંગારમ’ ફિલ્મનું કુલ વિશ્વવ્યાપી ગ્રોસ કલેક્શન માત્ર 3 દિવસમાં 41.79 કરોડ રૂપિયાના આંકડાને વટાવી ગયું છે.**

# હુમા કુરેશીની એક્શન-થ્રિલર ‘ડૂ ડાઇ ડૂ’નું દમદાર ટ્રેલર રિલીઝ

## 'બાહુબલી' ફિલ્મના બન્ને ભાગે દમદાર સફળતા મેળવી છે. માત્ર ભારત જ નહીં વર્લ્ડવાઇડ જોરદાર કલેક્શન કરતા ફિલ્મની સફળતા પુરવાર થઇ

મુંબઇ

બોલિવૂડ અભિનેત્રી હુમા કુરેશીની આગામી એક્શન-ડ્રામા અને થ્રિલર ફિલ્મ ‘ડૂ ડાઈ ડૂ’ (Do Die Do) નું શાનદાર ટ્રેલર રિલીઝ થઈ ગયું છે, જેણે દર્શકોમાં ભારે ઉત્સુકતા જગાવી છે. ફિલ્મમાં હુમા કુરેશીનો લુક અને તેનું પાત્ર એટલું અનોખું છે કે જે ચાહકોને ચોક્કસ આશ્ચર્યચકિત કરી દેશે. આ ફિલ્મમાં જાણીતા કલાકાર ચંકી પાંડે પણ પોતાની પરંપરાગત કોમિક ઈમેજથી હટીને તદ્દન અલગ અને ગંભીર ભૂમિકામાં જોવા મળી રહ્યા છે.

વાણી અને શ્રવણ શક્તિ વગરની ‘દેશી હિટ વુમન’

ફિલ્મના ટ્રેલરમાં હુમા કુરેશી એક સામાન્ય દેશી મહિલાના લુકમાં જોવા મળે છે, જે સાદા કપડાં પહેરે છે અને હાથમાં છત્રી લઈને ફરે છે. પરંતુ આ સાદગી પાછળ એક ખતરનાક શૂટર છુપાયેલી છે. ફિલ્મમાં હુમાનું પાત્ર ન તો બોલી શકે છે અને ન તો સાંભળી શકે છે, તેમ છતાં તે માત્ર એક જ ગોળીથી કોઈપણ દુશ્મનને ખતમ કરવાની ક્ષમતા ધરાવે છે. ટ્રેલરમાં તે ક્રૂરતાપૂર્વક અનેક લોકોની હત્યા કરતી જોવા મળે છે, જેના કારણે ફિલ્મની વાર્તા રહસ્યમય બની ગઈ છે. હુમા કુરેશીના કથિત બોયફ્રેન્ડ રચિત સિંહ પણ આ ફિલ્મમાં એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. ટ્રેલર અનુસાર, રચિત એક સરદારના પાત્રમાં છે, જે હુમાના પાત્ર ‘બેબી’ ના પ્રેમમાં પડે છે. વાર્તામાં વળાંક ત્યારે આવે છે જ્યારે ‘બેબી’ નું આ ભયાનક સત્ય તેની સામે ખુલે છે.

હુમાનું આ પાત્ર આખરે આટલી હત્યાઓ કેમ કરી રહ્યું છે? તેવા અનેક પ્રશ્નોના જવાબો ફિલ્મની રિલીઝ બાદ જ સામે આવશે. નચિકેત સામંત દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં હુમા કુરેશી અને રચિત સિંહ ઉપરાંત સીમા પાહવા, ચંકી પાંડે અને સિકંદર ખેર જેવા દિગ્ગજ કલાકારો મુખ્ય ભૂમિકામાં છે. ખાસ વાત એ છે કે આ ફિલ્મનું નિર્માણ હુમા કુરેશીના ભાઈ અને અભિનેતા સાકિબ સલીમે કર્યું છે. સસ્પેન્સ અને એક્શનથી ભરપૂર આ ફિલ્મ આગામી ૩ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે સંપૂર્ણ તૈયાર છે.



# ‘અબજો લૂંટાવી દો, તો પણ ઇન્ટીમેસીનો હક નથી મળતો’ પ્રણિત મોરેના જોક્સ પર ભડકી ઉર્ફી જાવેદ

## આવા કૉમેડિયન્સે પોતાની ટીમમાં વધુ મહિલાઓને હાયર કરવી જોઇએ જે તેમને સાચો રસ્તો બતાવી શકે

મુંબઇ

બિગ બોસ 19 (Bigg Boss 19) ના કન્ટેસ્ટન્ટ અને કૉમેડિયન પ્રણિત મોરેના વાયરલ ‘370 બિરયાની’ વાળા કમેન્ટ પર શરૂ થયેલો વિવાદ સોશિયલ મીડિયા પર હજુ પણ જોરદાર ચર્ચાનો વિષય બનેલો છે. આ સંવેદનશીલ મુદ્દા પર ટીવી પર્સનાલિટી અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ઉર્ફી જાવેદે (Urfi Javed) પણ પોતાની પ્રતિક્રિયા અત્યંત બેબાક અને આકરા અંદાજમાં આપી છે. ઉર્ફી જાવેદે સવાલ ઉઠાવ્યો છે કે કોઈ પણ જાતના વાંધા વગર આવા અપમાનજનક કન્ટેન્ટને પબ્લિશ કરવાની મંજૂરી કેવી રીતે મળી શકે? તેણે સ્પષ્ટ શબ્દોમાં ભારપૂર્વક કહ્યું કે કોઈ પણ મહિલા પાછળ પૈસા ખર્ચ કરવાથી તમને તેની સાથે ઇંટીમેસી (શારીરિક સંબંધ) નો કોઈ જ હક મળી જતો નથી. એક ઈન્ટરવ્યુમાં ઉર્ફી જાવેદે આ પ્રકારની ટિપ્પણીઓને અત્યંત અપમાનજનક, વાહિયાત અને ખોટી ગણાવી છે. તેણે મહિલાઓની સહમતિ (Consent) ના મહત્વ પર ભાર મૂક્યો અને એ તમામ મહિલાઓની દિલથી પ્રશંસા કરી જેમણે આ કૉમેડિયન વિરુદ્ધ ખુલ્લેઆમ અવાજ ઉઠાવ્યો છે અને તેને સોશિયલ મીડિયા પર આડે હાથ લીધો છે. ઈન્ટરવ્યુ દરમિયાન જ્યારે ઉર્ફી જાવેદને આ વાયરલ વિવાદ અંગે પોતાનો અભિપ્રાય આપવા માટે કહેવામાં આવ્યું, ત્યારે તેણે ગુસ્સો વ્યક્ત કરતા કહ્યું કે, “મહિલા ટીમમેટ્સની કેમ સલાહ ન લીધી: “મારો કહેવાનો મતલબ એ છે કે શું આ કૉમેડિયન્સની ટીમમાં કોઈ મહિલાઓ નથી હોતી? તેમને કોણ સમજાવશે કે ભાઈ, જ્યારે તમે આ માણસની વાતો સાંભળો છો, ત્યારે એક મહિલા તરીકે અને એક પુરુષ તરીકે પણ તમને અંદરથી લાગશે કે આ શું બકવાસ બોલી રહ્યો છે? શું આ બધું યોગ્ય છે? આ માણસની આસપાસ એવી કોઈ સ્ત્રી નથી જે તેને કહી શકે કે ‘ભાઈ, આ બરાબર નથી, તું આ વીડિયો સોશિયલ મીડિયા પર બહાર ન લાવી શકે.’ આ ખરેખર અપમાનજનક છે.” ઉર્ફી ઉમેર્યું કે આવા કૉમેડિયન્સે પોતાની ટીમમાં વધુ મહિલાઓને હાયર કરવી જોઈએ જે તેમને સાચો રસ્તો બતાવી શકે. મને ખૂબ ગમ્યું કે સ્ત્રીઓ આ બાબતે તેને સૌશિયલ મીડિયા પર મોઢાતોડ જવાબ આપી રહી છે. તમે કોઈ છોકરી પાછળ 3 લાખ ખર્ચો કે 3 કરોડ ખર્ચો, તો પણ તમને તેની સાથે સેક્સ કરવાનો કોઈ અધિકાર મળતો નથી. દુનિયાની કોઈ પણ વસ્તુ તમને શારીરિક સંબંધનો હક આપી શકતી નથી.





# નવાઝુદ્દીન સાથે ઈન્ટિમેટ સીનમાં અસહજ થઈ ગઈ હતી અભિનેત્રી

## ફિલ્મ 'બાબુમોશાય બંદૂકબાઝ'ના શૂટિંગ દરમિયાન સેટ પર પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ હતી કે ચિત્રાંગદાએ આખરે આ પ્રોજેક્ટને અધવચ્ચે જ અલવિદા કહી દીધું હતું

મુંબઇ


બોલિવૂડની ગ્લેમરસ અભિનેત્રીઓમાંની એક ચિત્રાંગદા સિંહે પોતાની કારકિર્દીમાં અનેક યાદગાર ભૂમિકાઓ ભજવી છે. જોકે, તેની કરિયરમાં એક ફિલ્મ એવી પણ રહી છે, જેનો અનુભવ તેના માટે અત્યંત કડવો અને માનસિક રીતે પરેશાન કરનારો સાબિત થયો હતો. ફિલ્મ 'બાબુમોશાય બંદૂકબાઝ'ના શૂટિંગ દરમિયાન સેટ પર પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ હતી કે ચિત્રાંગદાએ આખરે આ પ્રોજેક્ટને અધવચ્ચે જ અલવિદા કહી દીધું હતું. અભિનેત્રીએ ડિરેક્ટર કુશાન નંદી પર જબરદસ્તીથી ઈન્ટિમેટ સીન કરાવવા અને અપમાનજનક વર્તન કરવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો.

સેટ પર ડિરેક્ટરે કરી હતી બદતમીઝી ચિત્રાંગદા સિંહ સાથે બનેલી આ આખી ઘટનાનો ઉલ્લેખ એક પોડકાસ્ટમાં કર્યો હતો. સેટ પર ડિરેક્ટરે અભિનેત્રી સાથે કરેલી ગેરવર્તણૂક અંગે વિગતો આ પોડકાસ્ટમાં કરવામાં આવી હતી. પોડકાસ્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, ચિત્રાંગદા ફિલ્મ 'બંદૂકબાઝ'માં નવાઝુદ્દીન સિદ્દીકી સાથે શૂટિંગ કરી રહી હતી. સ્ક્રિપ્ટ મુજબ તેણે નવાઝ સાથે એક બેડ સીન અને કિસિંગ સીન શૂટ કરવાનો હતો. ચિત્રાંગદા પોતે એક ખૂબ જ બોલ્ડ અને મેચ્યોર અભિનેત્રી છે, તે સિંગલ મધર છે અને દુનિયાથી સારી રીતે વાકેફ છે. આમ છતાં, તે સીન એટલો અસહજ કરી મૂકનારો હશે કે તે તેને શૂટ કરી શકી નહોતી. આ વિશે વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, ‘વારંવારના પ્રયાસો છતાં સીન ઓકે ન થતાં ડિરેક્ટર કુશાન નંદી પોતાનો પિત્તો ગુમાવી બેઠા હતા. તેમણે સેટ પર હાજર તમામ લોકોની સામે બૂમો પાડતા અત્યંત વાંધાજનક શબ્દોમાં કહ્યું, ’અરે ચાલ, હીરો ઉપર ચઢી જા.’ આ પ્રકારની ભાષા અને અપમાનજનક વર્તન સાંભળીને ચિત્રાંગદા સ્તબ્ધ થઈ ગઈ હતી અને તેણે તાત્કાલિક શૂટિંગ બંધ કરીને ફિલ્મ છોડવાનો નિર્ણય કરી લીધો હતો. આ વિવાદ અંગે ચિત્રાંગદા સિંહે પણ ભૂતકાળમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં સત્તાવાર ખુલાસો કર્યો હતો. તેના જણાવ્યા અનુસાર, નવાઝુદ્દીન અને તેની વચ્ચેના ઈન્ટિમેટ સીન્સ પહેલેથી જ યોગ્ય રીતે શૂટ થઈ ચૂક્યા હતા. તેમ છતાં ડિરેક્ટર કુશાન નંદી સંતુષ્ટ નહોતા.

# દિલજીત દોસાંઝના લાઇવ કોન્સર્ટમાં સુરક્ષામાં મોટી ચૂક: ખાલિસ્તાની સમર્થક સ્ટેજ પર ચઢ્યો

સાન ફ્રાન્સિસકો

પંજાબી સિનેમાથી બોલિવૂડ અને હવે ગ્લોબલ મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં ધૂમ મચાવી રહેલા સુપરસ્ટાર ગાયક-અભિનેતા દિલજીત દોસાંઝના અમેરિકાના સાન ફ્રાન્સિસ્કો ખાતે યોજાયેલા લાઈવ કોન્સર્ટમાં સુરક્ષાની એક મોટી ખામી સામે આવી છે. હજારો ચાહકોની હાજરીમાં જ્યારે દિલજીત સ્ટેજ પર પરફોર્મ કરી રહ્યો હતો, ત્યારે અચાનક એક ખાલિસ્તાની પ્રદર્શનકારી સુરક્ષા કોર્ડન તોડીને સીધો સ્ટેજ પર ચઢી ગયો હતો. આ ઘટનાને પગલે કાર્યક્રમમાં થોડીવાર માટે ભારે અફરાતફરી મચી ગઈ હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયો અનુસાર, દિલજીત જ્યારે ગીત ગાવામાં વ્યસ્ત હતો ત્યારે આ ખાલિસ્તાની સમર્થક હાથમાં ધ્વજ લઈને સ્ટેજ પર દોડી આવ્યો હતો અને દિલજીતની બિલકુલ નજીક જઈને નાચવા લાગ્યો હતો. દિલજીત શરૂઆતમાં આ અણધારી ઘટનાથી થોડો આશ્ચર્યચકિત થઈ ગયો હતો, પરંતુ તેણે અત્યંત સમજદારીપૂર્વક પરિસ્થિતિ સંભાળી હતી. દિલજીતે આ ઘટનાની પોતાના પર કોઈ અસર થવા દીધી નહોતી અને પરફોર્મન્સ અટકાવ્યા વગર ગીત ગાવાનું ચાલુ રાખ્યું હતું. ત્યારબાદ સ્થાનિક પોલીસે તાત્કાલિક





એક્શન લઈને તે વ્યક્તિને સ્ટેજ પરથી પકડી કસ્ટડીમાં લીધો હતો.

નોંધનીય છે કે આ ઘટના એવા સમયે બની છે જ્યારે દિલજીત દોસાંઝને કેટલાક કટ્ટરપંથી જૂથો દ્વારા પહેલાથી જ ધમકીઓ મળી રહી હતી. જોકે, દિલજીતે લાઈવ કોન્સર્ટ ચાલુ રાખીને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તે આવી ધમકીઓથી ડરવાનો નથી. વર્ષ 2026 માં દિલજીત દોસાંઝની ફિલ્મ “મૈં વાપસ આઉંગા” રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં નસીરુદ્દીન શાહ, રજત કપૂર, શર્વરી વાઘ અને વેદાંગ રૈના જેવા કલાકારો હતા. જોકે, પ્રશંસા મળવા છતાં તે બોક્સ ઓફિસ પર ખાસ કમાણી કરી શકી નહોતી. અગાઉ, ઓટીટી (OTT) પર આવેલી તેની ફિલ્મ “અમર સિંહ ચમકીલા” ને જોરદાર પ્રતિસાદ મળ્યો હતો.

પાક્કો ગુજરાત
બુધવાર | 24 જૂન 2026 | અમદાવાદ

## સ્પોર્ટ્સ

### 13.50 કરોડમાં કુલદીપ લખનઉમાં સામેલ, બંને ટીમો વચ્ચે ટ્રેડ થયો

# 27 કરોડનો પંત 15 કરોડમાં દિલ્હી કેપિટલ્સમાં પાછો ફર્યો

વોશિંગ્ટન

IPL ઈતિહાસના સૌથી મોંઘા ખેલાડી રિષભ પંતની દિલ્હી કેપિટલ્સ (DC)માં વાપસી થઈ ગઈ છે, જ્યારે સ્પિનર કુલદીપ યાદવ હવે લખનઉ સુપર જાયન્ટ્સ (LSG) માટે રમશે. બંને ટીમો વચ્ચે આ ટ્રેડ થયો છે. આ IPL પછી પંતે લખનઉની કેપ્ટનશીપ છોડી દીધી હતી.

લખનઉએ IPL 2025ના ઓક્શનમાં પંતને રેકોર્ડ 27 કરોડ રૂપિયામાં ખરીદ્યા હતા, જે IPL ઈતિહાસની સૌથી મોટી બોલી હતી. હવે ટ્રેડ પછી તે 15 કરોડ રૂપિયાની ફી પર દિલ્હી સાથે જોડાયો છે. જ્યારે, કુલદીપ યાદવ 13.50 કરોડ રૂપિયાની પોતાની વર્તમાન ફી પર લખનઉમાં સામેલ થયો છે. પંત ફરી એકવાર તે જ ફ્રેન્ચાઈઝીનો ભાગ બની ગયો છે, જ્યાં તેણે 2016થી 2024 ની વચ્ચે પોતાની કારકિર્દીની 9 સીઝન વિતાવી હતી. દિલ્હી કેપિટલ્સ માટે પંતે અત્યાર સુધી કુલ 111 મેચ રમી છે. 5 સીઝન પછી દિલ્હી કેપિટલ્સથી અલગ થયો કુલદીપ યાદવ આ ટ્રેડમાં કુલદીપ દિલ્હી કેપિટલ્સનો સાથ છોડીને લખનઉ સુપર જાયન્ટ્સમાં સામેલ થઈ ગયો છે. કુલદીપનો દિલ્હી સાથે 5 સીઝનનો એક અત્યંત સફળ પ્રવાસ રહ્યો છે, જે હવે આ ટ્રેડ સાથે સમાપ્ત થઈ ગયો છે. કુલદીપ વર્ષ 2022માં દિલ્હીની ફ્રેન્ચાઈઝી સાથે જોડાયો હતો. ત્યારથી અત્યાર સુધી તેમણે ટીમ માટે 65 મેચોમાં 72 વિકેટ પોતાના નામે કરી છે. આ બદલાવ કુલદીપ માટે પણ એક રીતે ઘર વાપસી જેવો હશે. તેણે ઘરેલું ક્રિકેટ ઉત્તર પ્રદેશથી રમ્યું છે, જ્યારે પંત દિલ્હીના ખેલાડી રહ્યો છે. રિષભ પંતની દિલ્હી કેપિટલ્સમાં આ વાપસીને અસલી 'ઘરવાપસી' કહેવી બિલકુલ ખોટી નહીં ગણાય. વર્ષ 2016થી 2024 સુધી પંતે



દિલ્હી કેપિટલ્સ માટે સતત 111 મેચ રમી હતી અને તે આ ફ્રેન્ચાઈઝીના ઈતિહાસમાં સૌથી વધુ મેચ રમનારો ખેલાડી બન્યો હતો. આ લાંબા ગાળા દરમિયાન તે ટીમનો કેપ્ટન પણ રહ્યો હતો અને દિલ્હીને પોતાના દમ પર ઘણી યાદગાર મેચો જીતાડી હતી. નોંધનીય છે કે આઈપીએલ 2025ના મેગા ઓક્શનમાં લખનૌ સુપર જાયન્ટ્સે રિષભ પંત પર 27 કરોડ રૂપિયાની ઐતિહાસિક બોલી લગાવીને પોતાની ટીમમાં સામેલ કર્યો હતો. આ બોલી આઈપીએલ ઈતિહાસની સૌથી મોટી બોલી સાબિત થઈ હતી. જોકે, લખનૌ સુપર જાયન્ટ્સ સાથે રિષભ પંતની આ સફર માત્ર બે સિઝન સુધી જ સીમિત રહી છે. હવે આ ખાસ ટ્રેડ ડીલના માધ્યમથી પંત 15 કરોડ રૂપિયાની વાર્ષિક ફી પર ફરીથી પોતાની જૂની ટીમ દિલ્હી કેપિટલ્સમાં પરત આવી ગયો છે. બીજી તરફ, ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવનો દિલ્હી કેપિટલ્સ સાથેનો શાનદાર પ્રવાસ હવે સત્તાવાર રીતે પૂરો થઈ ગયો છે. વર્ષ 2022માં દિલ્હીની ટીમ સાથે જોડાયા બાદ તેણે પાંચ સિઝનમાં કુલ 65 મેચ રમીને 72 મહત્વપૂર્ણ વિકેટો ઝડપી હતી અને પોતાની જાતને ટીમના સૌથી ભરોસાપાત્ર મેચ-વિનર બોલર તરીકે સ્થાપિત કર્યો હતો.

## ટીમ ઈન્ડિયાની જર્સી પર પોતાનું નામ જોઈ ભાવુક થયો 15 વર્ષનો વૈભવ સૂર્યવંશી

મુંબઈ

ભારતીય ક્રિકેટના નવા સિતારા વૈભવ સૂર્યવંશી માટે આખરે એ ઐતિહાસિક પળ આવી જ ગઈ છે, જેનું સપનું તેણે નાનપણથી જોયું હતું. આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતીય T20 ટીમમાં પ્રથમ વખત પસંદ કરાયેલા આ 15 વર્ષીય ધમાકેદાર બેટરે જ્યારે ટીમ ઈન્ડિયાની સત્તાવાર જર્સી પર પોતાનું નામ જોયું, ત્યારે તે પોતાના આંસુ રોકી શક્યો નહોતો અને અત્યંત ભાવુક થઈ ગયો હતો. બીસીસીઆઈ દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરાયેલા એક ખાસ વીડિયોમાં વૈભવ સૂર્યવંશીએ પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. વૈભવે જણાવ્યું કે ક્રિકેટ રમવાની શરૂઆત જ તેણે એક દિવસ ભારતની બ્લુ જર્સી પહેરવાના સપના સાથે કરી હતી અને હવે જ્યારે એ સપનું હકીકત બન્યું છે, ત્યારે તેને પોતાની આંખો પર વિશ્વાસ નથી આવી રહ્યો. યુવા બેટ્સમેને વીડિયોમાં જણાવ્યું હતું કે, આ અનુભવને શબ્દોમાં વર્ણવવો ઘણો મુશ્કેલ છે. જે વસ્તુ માટે મેં ક્રિકેટના પહેલા જ દિવસથી બેટ પકડ્યું હતું, ક્રિકેટ ગ્રાઉન્ડ પર જઈને કલાકો સુધી પ્રેક્ટિસ કરી હતી, તે સપનું આજે પૂરું થયું છે. મારી કરિયરનું જે સૌથી મુખ્ય પગથિયું હતું, તે આજે કમ્પ્લીટ થયું છે. હું આ ખુશીને શબ્દોમાં વિસ્તારથી કહી શકું તેમ નથી, આ બધું મને એક સપના જેવું જ લાગી રહ્યું છે. વૈભવે વધુમાં કહ્યું કે, ટી-શર્ટ જોતાં જ હું એટલો ખુશ થઈ ગયો કે બસ સતત સ્માઈલ કરી રહ્યો હતો. ક્યારેક એવું બને છે કે જે વસ્તુ વિશે તમે વિચાર્યું પણ ન હોય તે તમારી સાથે થઈ જાય છે. એવી પરિસ્થિતિમાં તમે તુરંત કોઈ રિએક્શન આપી શકતા નથી.

### વર્લ્ડકપ 2026માં સૌથી વધુ 10 વિકેટ લીધી

## શ્રી ચરણી પહેલી વખત નંબર-1 વુમન્સ T-20 બોલર બની

લોર્ડ્સ

21 વર્ષીય ભારતીય સ્પિનર શ્રી ચરણી વુમન્સ ટી-20 ઈન્ટરનેશનલ બોલિંગ રેન્કિંગમાં નંબર-1 પર પહોંચી ગઈ છે. તેણે ઈંગ્લેન્ડની સ્પિનર લિન્સી સ્મિથને પાછળ છોડીને પ્રથમ સ્થાન મેળવ્યું છે. શ્રી ચરણીને વુમન્સ T-20 વર્લ્ડકપ 2026માં શાનદાર પ્રદર્શનનો ફાયદો મળ્યો છે. તે હાલમાં ટુર્નામેન્ટમાં સૌથી વધુ વિકેટ લેનારી બોલર છે. તેણે 3 મેચમાં 10 વિકેટ લીધી છે. જ્યારે, 6 વિકેટ લેનારી દીપ્તિ શર્મા બોલિંગ રેન્કિંગમાં 8મા સ્થાને છે. બેટિંગ રેન્કિંગમાં સ્મૃતિ મંધાના ટોપ-5માં યથાવત છે. તેણે આ વર્લ્ડકપમાં પાકિસ્તાન અને નેધરલેન્ડ સામે અડધી સદી ફટકારી છે. આ ઉપરાંત શેફાલી વર્મા 6ઠ્ઠા અને કેપ્ટન હરમનપ્રીત કૌર 10મા સ્થાને છે. ડાબા હાથની સ્પિનર ચરણીએ ગયા વર્ષે 28 જૂને ઈંગ્લેન્ડ સામે પ્રથમ T-20 મેચ રમી હતી. તેણે અત્યાર




સુધી 23 મેચમાં 38 વિકેટ લીધી છે. શ્રેષ્ઠ પ્રદર્શન 12 રનમાં 4 વિકેટ છે. આ વર્લ્ડ કપમાં ચરણીનું શાનદાર પ્રદર્શન ચાલુ છે. તેણે અત્યાર સુધી 3 મેચમાં 10 વિકેટ લીધી છે. લીડ્સમાં નેધરલેન્ડ્સ સામે 4 વિકેટ લીધા બાદ તેણે માન્ચેસ્ટરમાં સાઉથ આફ્રિકા સામે પણ 3 વિકેટ ઝડપી હતી. પૂર્વ નંબર-1 બોલર લિન્સી સ્મિથ ત્રીજા સ્થાને પહોંચી ઈંગ્લેન્ડની ઓફ સ્પિનર ચાર્લી ડીન 3 મેચમાં 5 વિકેટ લઈને બીજા સ્થાને પહોંચી ગઈ છે. જ્યારે પૂર્વ નંબર-1 બોલર લિન્સી સ્મિથ ત્રીજા સ્થાને સરકી ગઈ છે.

ઈંગ્લેન્ડની જ સ્ટાર સ્પિનર સોફી એક્લેસ્ટન ચાર સ્થાનની છ લાંગ લગાવીને ચોથા નંબર પર પહોંચી ગઈ છે. વેસ્ટ ઈન્ડિઝની કેપ્ટન હેલી મેથ્યુઝ 9 સ્થાન ઉપર ચઢીને 11મા, ઓસ્ટ્રેલિયાની ફાસ્ટ બોલર કિમ ગાર્થ 25 સ્થાનની છલાંગ લગાવીને 20મા અને પાકિસ્તાનની કેપ્ટન ફાતિમા સના 10 સ્થાન ઉપર ચઢીને 25મા નંબર પર પહોંચી ગઈ છે.

# મેસીના ફૂટબોલ વર્લ્ડકપમાં સૌથી વધુ 18 ગોલ

### જર્મનીના ક્લોઝાનો રેકોર્ડ તોડ્યો; આર્જેન્ટિનાએ ઓસ્ટ્રિયાને 2-0થી હરાવ્યું, નોકઆઉટમાં પહોંચ્યું

લંડન

આર્જેન્ટિનાના કેપ્ટન લિયોનેલ મેસી ફૂટબોલ વર્લ્ડ કપમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બની ગયા છે. ઓસ્ટ્રિયા સામે મેસીએ પોતાનો 17મો ગોલ કરીને જર્મનીના મિરોસ્લાવ ક્લોઝા (16 ગોલ)નો રેકોર્ડ તોડ્યો અને પછી મેચના અંતમાં વધુ એક ગોલ કરીને તેને 18 સુધી પહોંચાડી દીધો.

મેસીએ ડલાસ સ્ટેડિયમમાં 39મી મિનિટે ફિલ્ડ ગોલ કરીને ઈતિહાસ રચ્યો. ત્યારબાદ ઈન્જરી ટાઈમ (95મી મિનિટ)માં તેણે બીજો ગોલ કરીને આર્જેન્ટિનાની 2-0થી જીત પાકી કરી દીધી. આ જીત સાથે વર્તમાન ચેમ્પિયન આર્જેન્ટિનાએ રાઉન્ડ ઓફ-32માં પણ સ્થાન બનાવી લીધું.

38 વર્ષીય મેસીએ છેલ્લી મેચમાં અલ્જીરિયા સામે હેટ્રિક નોંધાવી હતી. વર્તમાન ટુર્નામેન્ટમાં તેના સૌથી વધુ 5



ગોલ થઈ ગયા છે. મેસી પછી 3 ગોલ સાથે જર્મનીના ડેનિઝ ઉંડાવ છે. મેસી પાસે નવમી મિનિટે જ રેકોર્ડ બનાવવાની તક હતી. લોટારો માર્ટિનેઝ પર ઓસ્ટ્રિયન ડિફેન્ડરો દ્વારા ફાઉલ કર્યા બાદ આર્જેન્ટિનાને પેનલ્ટી મળી, પરંતુ મેસી શોટને પોસ્ટની બહાર મારી બેઠા. આ સાથે જ તે વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ ત્રણ પેનલ્ટી ચૂકી જનાર પ્રથમ ખેલાડી પણ બન્યા. આ પહેલા ઘાનાના અસામોઆ ગ્યાને બે પેનલ્ટી ચૂકી હતી. પેનલ્ટી ચૂકી ગયા બાદ 18મી મિનિટે મેસીને વધુ એક તક મળી, પરંતુ ઓસ્ટ્રિયન ડિફેન્ડરોએ શોટ બ્લોક કરી દીધો.

ઓસ્ટ્રિયાના ગોલકીપર ડેવિડ અલાબાએ પણ એક તકે ગોલલાઈન પાસે શાનદાર બચાવ કર્યો. 39મી મિનિટે આર્જેન્ટિનાના થિયાગો અલ્માડાએ ડાબી બાજુ ફાકુંડો મેડિનાને પાસ આપ્યો. મેડિનાએ બોક્સની ધાર પર ઉભેલા મેસી સુધી બોલ પહોંચાડ્યો અને કેપ્ટને શાનદાર લેફ્ટ ફૂટેડ શોટ મારીને બોલને નીચલા ખૂણામાં પહોંચાડી દીધો. આ મેસીનો વર્લ્ડ કપમાં 17મો ગોલ હતો, જેની સાથે તેણે મિરોસ્લાવ ક્લોઝાને પાછળ છોડીને સૌથી વધુ ગોલ કરવાનો રેકોર્ડ પોતાના નામે કરી લીધો. ઈન્જરી ટાઈમમાં બીજો ગોલ મેચની 95મી મિનિટે આર્જેન્ટિનાએ કાઉન્ટર એટેક કર્યો. સ્ટ્રાઈકર જુલિયન અલ્વારેઝનો શોટ બચી ગયો, પરંતુ રિબાઉન્ડ પર મેસીએ બે ડિફેન્ડરોની વચ્ચેથી બોલ ગોલમાં પહોંચાડી દીધો. 90+5મી મિનિટે આવેલો આ ગોલ તેનો મેચનો બીજો અને ટૂર્નામેન્ટનો પાંચમો ગોલ હતો. મેસીએ પાંચ દિવસ પહેલા અલ્જીરિયા સામે આર્જેન્ટિનાની 3-0ની જીતમાં હેટ્રિક ફટકારી હતી. તેણે 17મી, 60મી અને 76મી મિનિટે ગોલ કર્યા હતા. આ વર્લ્ડ કપમાં તેની કારકિર્દીની પ્રથમ હેટ્રિક હતી. આ સાથે તે વર્લ્ડ કપમાં હેટ્રિક નોંધાવનાર સૌથી વૃદ્ધ ખેલાડી બન્યો હતો. તેણે 2018ના વર્લ્ડ કપમાં 33 વર્ષની ઉંમરે હેટ્રિક નોંધાવનાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો રેકોર્ડ તોડ્યો હતો. મેસ્સીના નામે હવે 11 આંતરરાષ્ટ્રીય હેટ્રિક છે.

## બિઝનેસ

### હેકર્સે એપલ-ટેસ્લાની સિક્રેટ ડિઝાઇન અને 2 લાખ ફાઈલો ચોરી

# ટાટા ઈલેક્ટ્રોનિક્સનો ડેટા ડાર્ક વેબ પર લીક

મુંબઈ

ટાટા ગ્રુપની કંપની ટાટા ઈલેક્ટ્રોનિક્સનો ડેટા ડાર્ક વેબ પર લીક થઈ ગયો છે. આ સાયબર એટેકમાં હેકર્સે ડાર્ક વેબ પર કંપનીની 2 લાખથી વધુ સિક્રેટ ફાઈલો લીક કરી દીધી છે.

આમાં ટાટાના બે સૌથી મોટા ક્લાયન્ટ્સ- એપલ અને ટેસ્લાના કમ્પોનન્ટ ડિઝાઈન, સ્પેસિફિકેશન પેપર્સ અને સિક્રેટ ડોક્યુમેન્ટ્સ સામેલ છે. જોકે, ટાટા ઈલેક્ટ્રોનિક્સે સ્પષ્ટ કર્યું છે કે આ ઘટનાથી તેમના બિઝનેસ ઓપરેશન્સ પર કોઈ અસર પડી નથી અને તમામ કામ સામાન્ય રીતે ચાલી રહ્યા છે. સાયબર સિક્યોરિટી રિસર્ચર્સ અનુસાર, 'વર્લ્ડ લીક્સ' નામના રેન્સમવેર ગ્રુપે ટાટા ઈલેક્ટ્રોનિક્સના સિસ્ટમમાંથી ચોરાયેલો ડેટા ડાર્ક વેબ પર પોસ્ટ કર્યો છે.

આ ગ્રુપે પહેલા નાઈકીના સિસ્ટમ પર સાયબર એટેકનો દાવો કર્યો હતો.




ડાર્ક નેટ પર પબ્લિશ કરવામાં આવેલી વેબસાઈટ અનુસાર, આ લીકમાં કુલ 630 ગીગાબાઈટ (GB)નો ડેટા સામેલ છે, જેમાં 2 લાખથી વધુ ફાઈલો અને ફોલ્ડર્સ છે. એપલ અને ટેસ્લાના 'ટ્રેડ સિક્રેટ્સ' લીક થયા લીક થયેલા ડેટાબેઝમાં એપલના ઘણા ફોલ્ડર્સ મળ્યા છે, જેમાંથી કેટલાકનું નામ 'com.apple.factorydata' છે અને કેટલાકમાં મટીરીયલ સ્પેસિફિકેશનની માહિતી છે. આ ઉપરાંત, એક 52 પાનાનો દસ્તાવેજ પણ મળ્યો છે, જેમાં આઈફોનના સર્કિટ બોર્ડ કમ્પોનન્ટ્સના ક્વોલિટી ઈન્સ્પેક્શન સ્ટાન્ડર્ડ્સની વિગત છે. જ્યારે ટેસ્લાના પાર્ટ્સ સાથે સંકળાયેલું એક ફોલ્ડર 'NV36 Chargeport Controller - North America' નામથી મળ્યું છે, જે ટેસ્લાની અપગ્રેડેડ મોડેલ Y SUVનું માનવામાં આવી રહ્યું છે. ટેસ્લાનો વર્ષ 2023નો એક અન્ય દસ્તાવેજ મળ્યો છે જેના પર 'ટ્રેડ સિક્રેટ' લખેલું છે, આ તેની રીવેમ્પ્ડ મોડેલ 3 સિડાન (પ્રોજેક્ટ હાઈલેન્ડ)નો એસેમ્બલી દસ્તાવેજ છે. ભારતીય સાયબર સિક્યોરિટી રિસર્ચર રાજશેખર રાજહરિયાએ આ ફાઈલોની સમીક્ષા કર્યા પછી જણાવ્યું કે આ ડેટા ડાર્ક વેબ પર માત્ર ડિઝાઈન જ નહીં, પરંતુ ઘણા વર્ષોના ઈમેઈલ, ઈવેન્ટ લોગ્સ અને વિદેશી નાગરિકો સહિત ટાટાના કર્મચારીઓના પાસપોર્ટની કોપીઓ પણ ઉપલબ્ધ છે. અન્ય રિસર્ચર રાકેશ કૃષ્ણન અનુસાર, આ ડેટા ડાર્ક વેબ પર ઓછામાં ઓછો 10 જૂનથી જ ઉપલબ્ધ છે. ટાટાને મળી રેન્સમ ડિમાન્ડ, એપલ કરી રહ્યું છે તપાસ આ મામલા સાથે જોડાયેલા એક સૂત્રએ જણાવ્યું કે આ સાયબર હુમલા પછી ટાટા ઈલેક્ટ્રોનિક્સને ખંડણી માટે પણ કોલ કે મેસેજ મળ્યો છે. એપલ આ ડેટા બ્રીચની તપાસ કરી રહ્યું છે અને તેનું સંપૂર્ણ એનાલિસિસ કરવામાં આવી રહ્યું છે.

### સોનું ઓલ ટાઈમ હાઈથી ₹31,333 નો ઘટાડો

# ચાંદી 10 હજાર સસ્તી થઈ, આ મહિને ₹36,015 ઘટી, સોનું ₹2,522 ઘટ્યું

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે 23 જૂને ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદી 10,566 ઘટીને 2.27 લાખ પર આવી ગઈ છે, જે સોમવારે 2.37 લાખ પર હતી. જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનું 2,522 ઘટીને 1.45 લાખ પર આવી ગયું છે. આ પહેલા 22 જૂને તે 1.47 લાખ પર હતું. સોનું આ મહિને 10,748 અને ચાંદી 36,015 સસ્તી થઈ છે. 1 જૂને સોનું 1.56 લાખ/10 ગ્રામ અને ચાંદી 3.63 લાખ/કિલો હતી. પરિવહન અને સુરક્ષા: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં બળતણ અને સુરક્ષા ખર્ચ ઉમેરાય છે, જેના કારણે અંતર વધવા પર ભાવ વધે છે. ખરીદીનો જથ્થો: દક્ષિણ ભારતમાં વધુ વપરાશ (લગભગ 40%) ને કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ ડિસ્કાઉન્ટનો લાભ મર્યાદિત રહે




છે. સ્થાનિક જ્વેલરી એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માગ-પુરવઠાના આધારે ભાવ નક્કી કરે છે. જૂનો સ્ટોક અને ખરીદ કિંમત: જ્વેલર્સનો ખરીદ ભાવ નક્કી કરે છે કે તેઓ ગ્રાહકોને કેટલી કિંમતમાં વેચશે. ઓલ ટાઈમ હાઈથી 1.59 લાખ રૂપિયા ઘટી ચાંદી આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ સોનાના ભાવ 1.33 લાખ રૂપિયા હતા, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયાના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા હતા. ત્યારથી અત્યાર સુધી સોનું 31,333 રૂપિયા સસ્તું થઈ ગયું છે. જ્યારે, ચાંદીની કિંમત 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા હતી, જે 29 જાન્યુઆરીએ 3.86 લાખ રૂપિયાની ઓલ ટાઈમ હાઈ સ્તરે પહોંચી ગઈ હતી. ત્યારથી અત્યાર સુધી 145 દિવસમાં ચાંદી 1.59 લાખ રૂપિયા સસ્તી થઈ ગઈ છે. સોના-ચાંદી પર આયાત શુલ્ક 6% થી વધીને 15% થયું કેન્દ્ર સરકારે સોના અને ચાંદીની આયાત પર લાગતી ડ્યુટી 6% થી વધારીને 15% કરી દીધી છે. સરકારનો હેતુ વિદેશી ખરીદી ઘટાડવાનો અને દેશના વિદેશી મુદ્રા ભંડાર પર પડી રહેલા દબાણને ઓછું કરવાનો છે. અમેરિકા-ઈરાન યુદ્ધ વચ્ચે સરકારે આ નિર્ણય લીધો છે.

### LPG સિલિન્ડરના ભાવમાં થઈ શકે છે ફેરફાર

# 1 જુલાઈથી બદલાઈ જશે આ 5 મોટા નિયમો

**UIDAI(યુનિક આઈડેન્ટિફિકેશન ઑથોરિટી ઑફ ઈન્ડિયા) દ્વારા એક નવું નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. આ નિયમ મુજબ જો તમારી ઈમેઈલ આઈડી આધાર કાર્ડ સાથે લિંક અથવા અપડેટ થયેલી નથી, તો 1 જુલાઈથી તમે તેને બિલકુલ ફ્રીમાં અપડેટ કરાવી શકશો**

મુંબઈ

જૂન મહિનો પૂરો થવાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે અને ટૂંક સમયમાં જુલાઈ 2026ની શરૂઆત થઈ જશે. દર મહિનાની જેમ આ વખતે પણ પહેલી જુલાઈથી દેશમાં કેટલાક મહત્ત્વના નાણાકીય ફેરફારો થવા જઈ રહ્યાં છે, જેની સીધી અસર સામાન્ય નાગરિકોના બજેટ પર પડશે. આમાંથી કેટલાક ફેરફારો લોકોને રાહત આપનારા છે, તો કેટલાક નિયમો ખિસ્સા પર બોજ વધારી શકે છે. ચાલો જાણીએ કે 1 જુલાઈથી કયા 5 મોટા ફેરફારો થવા જઈ રહ્યા છે. પહેલો ફેરફાર: આધાર કાર્ડમાં ઈમેઈલ આઈડી અપડેટ કરાવવું બનશે મફત UIDAI(યુનિક આઈડેન્ટિફિકેશન ઑથોરિટી ઑફ ઈન્ડિયા) દ્વારા એક નવું નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. આ નિયમ મુજબ જો તમારી ઈમેઈલ આઈડી આધાર કાર્ડ સાથે લિંક અથવા અપડેટ થયેલી નથી, તો 1 જુલાઈથી તમે તેને બિલકુલ ફ્રીમાં અપડેટ કરાવી શકશો. UIDAI આ ફ્રી સુવિધા માટે જુલાઈથી ડિસેમ્બર સુધી એટલે કે પૂરા 6 મહિનાનો સમય આપી રહ્યું છે. અગાઉ આ અપડેટ કરાવવા માટે 75 રૂપિયાની ફી ચૂકવવી પડતી હતી. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવને કારણે છેલ્લા કેટલાક સમયથી એલપીજી(LPG)ના ભાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. જૂન મહિનામાં પણ કોમર્શિયલ એલપીજી




સિલિન્ડરના ભાવમાં 53.50 રૂપિયાનો વધારો ઝીંકાયો હતો. હાલ દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમત 3113.50 રૂપિયા છે. જો કે, જૂનમાં રાંધણ ગેસ(ઘરગથ્થુ સિલિન્ડર)ના ભાવમાં કોઈ ફેરફાર થયો નહોતો, પરંતુ 1 જુલાઈએ ફરી નવી કિંમતો જાહેર થઈ શકે છે. ત્રીજો ફેરફાર: ATF, CNG અને PNGના દરોમાં ફેરફાર

એલપીજી ઉપરાંત દર મહિનાની પહેલી તારીખે એટીએફ(એવિએશન ટર્બાઈન ફ્યુઅલ - વિમાનનું ઈંધણ), સીએનજી(CNG) અને પીએનજી(PNG)ના ભાવમાં પણ ફેરફાર થતો રહે છે. સરકાર હાલમાં એલપીજીના બદલે પીએનજીના વપરાશને પ્રોત્સાહન આપવા માટે કડક વલણ અપનાવી રહી છે. જૂન મહિનામાં સીએનજી અને એટીએફ બંનેના ભાવ વધ્યા હતા, જેથી 1 જુલાઈથી આ તમામ ઈંધણોની કિંમતમાં નવો બદલાવ જોવા મળી શકે છે. HDFC બૅન્કના ક્રેડિટ કાર્ડ યુઝર્સ માટે પણ જુલાઈથી નિયમો બદલાઈ રહ્યા છે. બૅન્કના પ્રીમિયમ 'રેગૅલિયા ગોલ્ડ ક્રેડિટ કાર્ડ' (Regalia Gold Credit Card) પર મળનારી ફ્રી ડોમેસ્ટિક ઍરપૉર્ટ લાઉન્જની સુવિધાનો લાભ ચાલુ રાખવા માટે હવે નવી ખર્ચ મર્યાદા નક્કી કરવામાં આવી છે. સુધારેલી પોલિસી અનુસાર, ગ્રાહકોએ આગામી ક્વાર્ટરમાં (ત્રિમાસિક ગાળામાં) ફ્રી લાઉન્જનો લાભ લેવો હશે, તો તેમણે અગાઉના ક્વાર્ટરમાં ક્રેડિટ કાર્ડથી ઓછામાં ઓછા 60,000 રૂપિયાનો ખર્ચ કરવો ફરજિયાત રહેશે. લાઉન્જનો વપરાશ વધવાના કારણે બૅન્કે આ સુવિધા કડક બનાવી છે, જેનાથી મુખ્યત્વે પ્રવાસ કરનારા ગ્રાહકો પ્રભાવિત થશે. જુલાઈ 2026ના મહિનામાં ગુજરાતમાં જાહેર રજાઓને કારણે બૅન્કિંગ કામકાજ પર ખાસ મોટી અસર જોવા નહીં મળે. ગુજરાત સરકાર અને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા(RBI)ના સત્તાવાર કેલેન્ડર અનુસાર, જુલાઈ મહિનામાં ગુજરાતમાં કોઈ મોટી પ્રાદેશિક કે રાષ્ટ્રીય જાહેર રજા નથી.

# સેન્સેક્સ 893 પોઈન્ટ ઘટીને 76,200 પર બંધ

- **નિફ્ટી પણ 278 પોઈન્ટ ઘટ્યો; મેટલ-આઈટી શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી**

મુંબઈ

સેન્સેક્સ આજે એટલે કે મંગળવાર, 23 જૂને 893 પોઈન્ટના ઘટાડા સાથે 76,200ના સ્તરે બંધ થયો. નિફ્ટીમાં પણ 278 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 23,824 પર બંધ થયો. આજના કારોબારમાં IT અને મેટલ શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી. જ્યારે બ્લોક ડીલ દ્વારા પ્રમોટરની 2,149 કરોડની હિસ્સેદારી વેચાયા બાદ વેદાંતાનો શેર 8% ઘટીને બંધ થયો. કોર્ડેલિયા ક્રુઝ ચલાવતી કંપનીનો IPO આજથી ખુલ્યો ભારતમાં 'કોર્ડેલિયા ક્રુઝ' બ્રાન્ડ નામથી દરિયાઈ ક્રુઝનું સંચાલન કરતી કંપની વોટરવેઝ લેઝર ટુરિઝમ લિમિટેડનો IPO આજે એટલે કે મંગળવાર, 23 જૂનથી સબસ્ક્રિપ્શન માટે ખુલી ગયો છે. બપોરે 12:00 વાગ્યા સુધીમાં, નિફ્ટી 50 138 પોઈન્ટ અથવા 0.57 ટકા ઘટીને 23,964.90 પર ટ્રેડ થઈ રહ્યો હતો. દરમિયાન, સેન્સેક્સ 433.78 પોઈન્ટ અથવા 0.56 ટકા ઘટીને 76,660.29 ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. ત્યારે બપોરે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાનમાં બંધ થયા. સેન્સેક્સ 893 પોઈન્ટના ઘટાડા સાથે 76,200 અંકે બંધ થયો જ્યારે નિફ્ટી 278 પોઈન્ટના ઘટાડા સાથે 23,824.10 અંકે બંધ થયો. નિફ્ટી 50 ઈન્ડેક્સમાં ઈન્ફોસિસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) અને હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ ટોચના ઘટાડાવાળા શેરબજારોમાં સામેલ હતા. વ્યાપક બજારમાં, નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 0.10 ટકાના ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ 0.19 ટકાનો વધારો નોંધાવી રહ્યો હતો. મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો નબળા બજારનું વ્યાપક ચિત્ર પણ નબળું રહ્યું. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સમાં 0.88 ટકા અને નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સમાં 0.58 ટકાનો ઘટાડો નોંધવામાં આવ્યો હતો.

# શહેરની શાળાઓમાં પ્રવેશોત્સવ : અધિકારીઓ મોડા પહોંચતા વિદ્યાર્થીઓએ ગેટ પર 45 મિનિટ રાહ જોઇ..!





અમદાવાદ

અમદાવાદ શહેર અને જિલ્લામાં ત્રિદિવસીય કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ 2026 ની ભવ્ય શરૂઆત થઈ ચૂકી છે. આજથી 25 જૂન સુધી ચાલનારા આ મહોત્સવ અંતર્ગત બાલવાટિકા, ધોરણ 1 અને ધોરણ 9માં પ્રવેશ મેળવતા કુલ 65,458 બાળકોને ઉત્સાહભેર શાળા પ્રવેશ કરાવવામાં આવશે. અમદાવાદની કૂલ 775 શાળાઓમાં આયોજિત આ કાર્યક્રમોમાં મંત્રીઓથી લઈને IAS અને IPS અધિકારીઓ હાજર રહ્યા હતા. જોકે, આ ઉત્સવ વચ્ચે કડવો અનુભવ પણ સામે આવ્યો છે, જ્યાં કેટલાક અધિકારીઓ શાળાએ મોડા પહોંચતા નાના ભૂલકાંઓએ ગેટ પર સ્વાગત માટે 45 મિનિટથી વધુ સમય સુધી રાહ જોવી પડી હતી. આ સાથે જ સરકારી શાળાઓના શૈક્ષણિક સ્તરને સુધારવા માટે ગ્રેડેશન અંગે પણ ઉચ્ચ સ્તરેથી કડક આદેશો આપવામાં આવ્યા છે. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત આ પ્રવેશોત્સવ દરમિયાન સરકારી બાલવાટિકામાં 16,401, ધોરણ 1માં 16,777, ધોરણ 9માં 19,911 અને ધોરણ 11માં 14,470 બાળકોને પ્રવેશ અપાશે. શાળાઓમાં દીપ પ્રાગટ્ય, પ્રાર્થના, વૃક્ષારોપણ, અને દિવ્યાંગ બાળકોના પ્રવેશ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ ઉપરાંત NMMS, PSE, SSE, CET અને જ્ઞાન સાધના પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરી તેમને વિદ્યાલક્ષ્મી બોન્ડ, શૈક્ષણિક કિટ અને ગણવેશ સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળામાં 6થી 14 વર્ષના તમામ બાળકોનું 100 ટકા નામાંકન થાય તે માટે ખાસ કમિટી પણ કાર્યરત કરાઈ છે. બીજી તરફ, શીલજ ગામમાં આવેલી શીલજ પ્રાથમિક શાળામાં એક વિવાદાસ્પદ દૃશ્ય જોવા મળ્યું હતું. અહીં IAS મુકેશ કુમાર આવવાના હોવાથી વિદ્યાર્થીઓને સવારે 8 વાગ્યે જ સ્વાગત માટે ગેટ પર ઊભા રાખી દેવાયા હતા. પરંતુ અધિકારી અંદાજે 45 મિનિટ મોડા પડતાં ગરમીમાં બાળકો થાકીને નીચે બેસી ગયા હતા. જે બાદ અધિકારી આવ્યા ત્યારે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ બાળકોને શાળાઓમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. મુકેશ કુમાર દ્વારા શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ની બેઠક યોજાઈ હતી. જેમાં શાળાનો શૈક્ષણિક ગ્રેડ અગાઉ 'A' હતો તે ઘટીને 'B' થઈ જતાં અધિક સચિવ મુકેશ કુમારે ભારે ચિંતા અને નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે આ ગ્રેડ કેમ ઘટ્યો તેના ચોક્કસ કારણો સાથેનો રિપોર્ટ રજૂ કરવા પ્રિન્સિપાલને કડક સૂચના આપી છે. આ સાથે જ જે વિદ્યાર્થીઓ શાળાએ નિયમિત નથી આવતા તેમના વાલીઓનું શિક્ષકો દ્વારા ખાસ કાઉન્સેલિંગ કરવા અને શાળાને ફરી 'A' ગ્રેડમાં લાવવા માટે તાકીદ કરી છે.

### અમદાવાદમાં 'લોહીના સોદાગરો'નો પર્દાફાશ

# માનવતા શરમાઈ : સલાઇન વૉટર ભેળવીને વેચાતું હતું નકલી બ્લડ પ્લાઝમા

## મોતનો સામાન વેચતી ટોળકીના 4 નરાધમો જેલભેગા : 1,140 નકલી પ્લાઝમા બેગ જપ્ત

અમદાવાદ

પૈસાની લાલચમાં માણસ કેટલો અંધ બની શકે છે તેનો વધુ એક કમકમાટીભર્યો અને ચોંકાવનારો કિસ્સો અમદાવાદમાંથી સામે આવ્યો છે. જે લોહી અને પ્લાઝમા દર્દીઓને નવજીવન આપવા માટે વપરાય છે, તેમાં પણ કાળી કમાણી કરવાનું પાપ આચરી રહેલા 'લોહીના સોદાગરો' પર અમદાવાદ ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ ત્રાટકીને એક બહુ મોટા આંતરરાજ્ય કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. અસલી બ્લડ પ્લાઝમામાં સલાઈન વોટર (નર્સિંગમાં વપરાતું પાણી) ભેળવીને નકલી પ્લાઝમા વેચતા રેકેટના ૪ આરોપીઓને પોલીસે ઝડપી લીધા છે.

મળતી ઘાતક વિગતો મુજબ, આ નરાધમો છેલ્લા ૬ મહિનાથી દર્દીઓના જીવ સાથે સીધા ચેડાં કરી રહ્યા હતા. ગંભીર બીમારીઓ કે અકસ્માત વખતે જીવન-મરણના જોકા ખાતા દર્દીઓ માટે પ્લાઝમા અમૃત સમાન હોય છે, પરંતુ આ હેવાનો અસલી પ્લાઝમામાં સામાન્ય સલાઈન વોટર ભેળવીને તેના વોલ્યુમ (જથ્થો) વધારી દેતા હતા. આ નકલી અને ભેળસેળયુક્ત પ્લાઝમાની બેગ્સ



તૈયાર કરી તેને ઊંચા ભાવે પાડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં સપ્લાય કરવામાં આવતી હતી.

ચોક્કસ બાતમીના આધારે ગ્રામ્ય SOG ની ટીમે દરોડો પાડીને ઘટનાસ્થળેથી અધધધ ૧,૧૪૦ જેટલી નકલી પ્લાઝમા બેગ જપ્ત કરી લીધી છે, જેની બજાર કિંમત આશરે રૂપિયા ૧૧ લાખ જેટલી થવા જાય છે. કાળબજારમાં આ નરાધમો આ નકલી માલ વેચીને લાખો રૂપિયાની કમાણી કરી ચૂક્યા છે. પોલીસે હાલ ચારેય આરોપીઓની ધરપકડ કરીને તેમની કડક પૂછપરછ શરૂ કરી દીધી છે.

આ મામલો સામે આવ્યા બાદ હવે આરોગ્ય વિભાગ અને પોલીસ તંત્ર પણ હરકતમાં આવ્યું છે. પોલીસ હવે એ દિશામાં ઊંડી તપાસ કરી રહી છે કે:

આ નકલી પ્લાઝમા ગુજરાત અને મહારાષ્ટ્રની કઈ-કઈ હોસ્પિટલો કે બ્લડ બેંકોમાં સપ્લાય કરવામાં આવ્યું હતું?

આ કાળા કારોબારમાં હોસ્પિટલના કોઈ મોટા તબીબો કે વહીવટદારો સામેલ છે કે કેમ?

છેલ્લા ૬ મહિનામાં કેટલા માસૂમ દર્દીઓને આ નકલી પ્લાઝમા ચડાવી દેવાયું અને કેટલા લોકોના જીવ આના કારણે જોખમમાં મુકાયા?

'પાક્કો ગુજરાત' નો સણસણતો સવાલ: જે દેશમાં લોહીનું દાન મહાદાન ગણાય છે, ત્યાં હોસ્પિટલના ખાટલે પડેલા લાચાર દર્દીઓના લોહીનો વેપાર કરનારા આ હેવાનોને કાયદો શું એવી સજા આપશે જે ભવિષ્ય માટે દાખલારૂપ બને? એસી ચેમ્બરમાં બેસીને ડ્રગ્સ અને લાયસન્સની પરવાનગી આપતા તંત્રના નાક નીચે ૬-૬ મહિના સુધી મોતનો આ સામાન વેચાતો રહ્યો, ત્યારે જવાબદાર અધિકારીઓ કેમ ઘસઘસાટ ઊંઘતા રહ્યા? 'પાક્કો ગુજરાત' આ કૌભાંડના મૂળ સુધી પહોંચીને જનતા સામે સત્ય ઉજાગર કરતું રહેશે.

### અમદાવાદમાં હાઈપ્રોફાઈલ ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ

# વાસણાની હોટલમાંથી લાખોનું MD ડ્રગ્સ ઝડપાયું, ઝોન-7 LCBનો સપાટો!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં યુવાધનને બરબાદ કરતા નશાના કારોબાર સામે અમદાવાદ પોલીસે લાલ આંખ કરી છે. વાસણા પોલીસ સ્ટેશનની હદમાં આવેલી એક હોટલમાંથી લાખો રૂપિયાની કિંમતનું ભારે માત્રામાં એમ.ડી. (MD) ડ્રગ્સ ઝડપાતા સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ છે. ઝોન-૭ એલ.સી.બી. (LCB) ની ટીમે બાતમીના આધારે સપાટો બોલાવીને મધ્યપ્રદેશના એક શાતિર ડ્રગ પેડલરને મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી લીધો છે.

ઝોન-૭ એલ.સી.બી.ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે વાસણા વિસ્તારની એક હોટલમાં ડ્રગ્સની મોટી ડીલ થવાની છે. પોલીસે મોડી રાત્રે



હોટલમાં દરોડો પાડીને તપાસ હાથ ધરતા હોટલના રૂમમાંથી ૧૯૪ ગ્રામ અને ૭૮૦ મિલિગ્રામ જેટલું ઘાતક એમ.ડી. ડ્રગ્સ મળી આવ્યું હતું. આ આંતરરાષ્ટ્રીય બજારમાં જપ્ત કરાયેલા ડ્રગ્સની કિંમત આશરે ૫.૮૪ લાખ રૂપિયા જેટલી આંકવામાં આવી રહી છે.

પોલીસે ઘટનાસ્થળેથી ડ્રગ્સની હેરાફેરી કરવા આવેલા સાબિર શેખ નામના મધ્યપ્રદેશના શખ્સની વિધિવત ધરપકડ કરી લીધી છે. આરોપીની તલાશી લેતા ડ્રગ્સ વેચાણના કાળા કારોબારના ૨.૩૭ લાખ રૂપિયા રોકડા પણ મળી આવ્યા હતા. પોલીસે ડ્રગ્સ, રોકડ રકમ અને અન્ય સામગ્રી મળીને કુલ ૮.૨૬ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આ ડ્રગ્સના નેટવર્ક પાછળ ઈમરાન પઠાણ નામનો મોટો માથું સંકળાયેલો છે. આ કૌભાંડનો મુખ્ય આરોપી ઈમરાન પઠાણ હાલ પોલીસને થાપ આપીને ફરાર થઈ જવામાં સફળ રહ્યો છે.

# લખનૌ અગ્નિકાંડના પડઘા અમદાવાદમાં : કોચિંગ ક્લાસ અને ઇન્સ્ટિટ્યૂટોમાં 'મોતનો સામાન' શોધવા ફાયર બ્રિગેડની ઘાતક રેડ!

## વસ્ત્રાપુરના 'અમોર ડિઝાઇન ઇન્સ્ટિટ્યૂટ'માં ચેકિંગ દરમિયાન મોટો ભાંડાફોડ : એક્સ્ટિંગ્વિશર એક્સપાયર, એક્ઝિટ બ્લોક અને સીડીઓમાં આડશ

અમદાવાદ

જ્યાં સુધી દેશના કોઈ ખૂણે માસૂમ બાળકો અગ્નિની જ્વાળાઓમાં હોમાઈ ન જાય, ત્યાં સુધી અમદાવાદનું નકામું તંત્ર જાગતું નથી, એ વાત ફરી એકવાર સાબિત થઈ છે. ઉત્તર પ્રદેશના લખનૌમાં સર્જાયેલા ભયાનક અગ્નિકાંડના ઘેરા પડઘા છેક અમદાવાદમાં પડ્યા છે. લખનૌની દુર્ઘટના બાદ સફાળા જાગેલા અમદાવાદ ફાયર વિભાગે શહેરના કોચિંગ ક્લાસો અને શૈક્ષણિક સંસ્થાઓમાં સપાટો બોલાવવાનું શરૂ કર્યું છે. પરંતુ વસ્ત્રાપુર જેવા પોશ વિસ્તારમાં જે વાસ્તવિકતા સામે આવી છે, તે વાલીઓના કાળજા ધ્રુજાવી દે તેવી છે. ફાયર વિભાગની ટીમે આજે વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા જાણીતા 'અમોર ડિઝાઇન ઇન્સ્ટિટ્યૂટ' (Amor Design Institute) માં ઓચિંતું ચેકિંગ હાથ ધર્યું હતું. બહારથી ચળકતી અને લાખોની ફી વસૂલતી આ સંસ્થાની અંદર જ્યારે ફાયર ઓફિસરો પહોંચ્યા, ત્યારે




ત્યાં વિદ્યાર્થીઓની સુરક્ષા રામભરોસે હોવાનું સામે આવ્યું હતું. તપાસ દરમિયાન આખી સંસ્થામાં કાયદાના લીરેલીરા ઉડેલા જોવા મળ્યા હતા અને અનેક ગંભીર ક્ષતિઓ ઝડપાઈ હતી. એક્સપાયરી ડેટના ભરોસે જિંદગી: આગ ઓલવવા માટે જે ફાયર એક્સ્ટિંગ્વિશર (બાટલા) રાખવામાં આવ્યા હતા, તે ક્યારનાય એક્સપાયર થઈ ચૂક્યા હતા! એટલે કે જો આગ લાગે તો આ બાટલા માત્ર શો-પીસ બનીને રહી જાય. એક્ઝિટ પોઈન્ટમાં ઘોર બેદરકારી: કટોકટીના સમયે વિદ્યાર્થીઓને બહાર નીકળવા માટેનો જે 'એક્ઝિટ પોઈન્ટ' હોવો જોઈએ, તેમાં ગંભીર ખામીઓ અને ક્ષતિઓ જોવા મળી હતી. સીડીઓમાં મોતના અવરોધો: ઈમરજન્સીમાં ભાગવા માટેની સીડીઓ (Staircase) માં મોટો સામાન ખડકીને ઓબ્સ્ટ્રેક્શન (આડશ) ઊભી કરાઈ હતી. જો ભાગદોડ થાય તો વિદ્યાર્થીઓ સીડી પર જ કચડાઈ જાય તેવી ગંભીર સ્થિતિ હતી.


'પાક્કો ગુજરાત' નો સણસણતો સવાલ: સુરતનો તક્ષશિલા કાંડ હજુ ગુજરાત ભૂલ્યું નથી, છતાં અમદાવાદના કોચિંગ ક્લાસ સંચાલકો માસૂમ વિદ્યાર્થીઓના જીવના જોખમે માત્ર મલાઈ તારવવામાં મસ્ત છે. લાખો રૂપિયાની ફી ખંખેરતા આ સંચાલકોને બાળકોની સુરક્ષા માટે બે પૈસા ખર્ચવામાં કેમ મોત આવે છે? અને સૌથી મોટો સવાલ એ મ્યુનિસિપલ કોર્પોરેશનના બાબુઓને છે કે, જ્યાં સુધી લખનૌ કે અન્ય કોઈ શહેરમાં લાશોના ઢગલા ન થાય ત્યાં સુધી તમારા એસી કેબિનના દરવાજા કેમ ખુલતા નથી?

# નિવૃત DySPના પુત્રના આગોતરા જામીન મંજૂર : અમદાવાદમાં બનાવ સમયે બોલાચાલી સિવાય તેનો કોઈ રોલ ન હોવાની રજૂઆત

અમદાવાદ

અમદાવાદના સેટેલાઈટ પોલીસ મથકે થોડા દિવસ પૂર્વે નિવૃત ડીવાયએસપી અને તેના પરિવારજનો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. જે મામલે ત્રણ આરોપીઓ જેલમાં છે. આ કેસમાં નિવૃત ડીવાયએસપીના બીજા પુત્રની પણ ધરપકડ થવાની આશંકા હોય તેના માતા દ્વારા અમદાવાદ સિટી સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરવામાં આવી હતી. જે કોર્ટે મંજૂરી રાખી છે.

નિવૃત ડીવાયએસપી અને તેમના એક પુત્ર અને પુત્રી સામે જમીન તકરારની બાબતમાં BNS તેમજ આર્મ્સ એક્ટ હેઠળ ગુન્હો નોંધાયો હતો. આ ત્રણેય આરોપીઓ હાલ જેલમાં છે. આ કેસમાં નિવૃત Dyspના બીજા પુત્રની ધરપકડની આશંકા હોવાથી તેની માતા દ્વારા અમદાવાદ સીટી સેશન્સ કોર્ટમાં પુત્રની આગોતરા જામીન અરજી મૂકવામાં આવી હતી. જેને કોર્ટે મંજૂર રાખી





છે. અરજદારના વકીલ અજ્જ.એચ. મૂર્જાનીએ કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે અરજદારની ભૂમિકા માત્ર ઘટનાસ્થળે હાજર રહેવા અને મૌખિક બોલાચાલી કરવા પૂરતી જ મર્યાદિત હતી. તેમની સામે કોઈ ચોક્કસ વ્યક્તિને ગાળો આપવાનો કે કાવતરાનો કોઈ સ્પષ્ટ આક્ષેપ નથી. અરજદારના પિતા એવા નિવૃત Dysp દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે.

# વસ્ત્રાલ તળાવ ગાર્ડનમાં અસંખ્ય માછલીઓના મોત : AMCની બેદરકારીના કારણે સ્થિતિ સર્જાઈ

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા વસ્ત્રાલ તળાવ ગાર્ડનમાં અસંખ્ય માછલીઓના મોતનો બનાવ સામે આવ્યો છે. તળાવમાં મોટી સંખ્યામાં મૃત માછલીઓ જોવા મળતા સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની બેદરકારીના કારણે આ સ્થિતિ સર્જાઈ છે. તળાવમાં ઓક્સિજન જાળવી રાખવા માટે આશરે 6 ઓક્સિજન મશીનો ઉપલબ્ધ હોવા છતાં એક પણ મશીન ચાલુ ન હોવાનું જણાવાઈ રહ્યું છે. જેના કારણે પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટતા માછલીઓના મોત થયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે આ ઓક્સિજન મશીનો માટે AMC દ્વારા કોન્ટ્રાક્ટરને ભાડું પણ ચૂકવવામાં આવે



છે છતાં મશીનો કાર્યરત કેમ ન હતા તે અંગે અનેક સવાલો ઉભા થયા છે.

અગાઉ પણ સાબરમતી નદીમાં ઓક્સિજનની અછત અને પાણીની સ્થિતિને કારણે મોટી સંખ્યામાં માછલીઓના મોતની ઘટના સામે આવી હતી. ત્યારે પણ તંત્રની કામગીરી પર સવાલો ઊભા થયા હતા. હાલ વસ્ત્રાલ તળાવ ગાર્ડનની ઘટનાને લઈને સ્થાનિકો જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી અને તળાવની યોગ્ય દેખરેખની માંગ કરી રહ્યા છે.

> **અગાઉ પણ સાબરમતી નદીમાં ઓક્સિજનની અછત અને પાણીની સ્થિતિને કારણે મોટી સંખ્યામાં માછલીઓના મોતની ઘટના સામે આવી હતી**

વસ્ત્રાલ તળાવમાં માછલીઓના મોત બાદ AMCની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. ઓક્સિજન મશીનો બંધ હોવાના આક્ષેપ પણ કરવામાં આવી રહ્યો છે.

વસ્ત્રાલ તળાવમાં માછલીઓના મોત મામલે પૂર્વ ઝોનના એડિશનલ સિટી ઈજનેર રાખીબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ગટરના પાણી વસ્ત્રાલ તળાવમાં આવ્યા નથી.

પાણીના શુદ્ધ કરવા માટેના એરેટર બંધ હોય તેના કારણે માછલીઓ મરી ગઈ હોવાની શક્યતા છે, જ્યારે પૂર્વ ઝોનના ડેપ્યુટી હેલ્થ ઓફિસર ડો. દક્ષાબેન મૈત્રકે કહ્યું હતું કે અમારા તમામ એરેટર ચાલુ છે અને સ્ટાફ તેમજ કોન્ટ્રાક્ટર પણ ત્યાં હાજર છે. ગટરના પાણીના કારણે મૃત્યુ થયા હોવાનું જણાઈ આવે છે.

### અમદાવાદ ગ્રામ્ય એલસીબીની મોટી કાર્યવાહી

# ટેંકરમાંથી કેમિકલ ચોરી કરતી ગેંગના બે સાગરીતો મુદ્દામાલ સાથે ઝડપાયા

અમદાવાદ

ઔદ્યોગિક વિસ્તારો અને હાઈવે પરથી પસાર થતા ટેંકરોમાંથી કિંમતી તેમજ જ્વલનશીલ કેમિકલની ચોરી કરતી સક્રિય ગેંગનો અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ પર્દાફાશ કર્યો છે. એલસીબીની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને ટેંકરમાંથી જ્વલનશીલ પદાર્થોની ચોરી કરતી ટોળકીના બે સાગરીતોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી ચોરીનો મોટો મુદ્દામાલ પણ રિકવર કર્યો છે. ગુજરાત પોલીસ અને રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી દ્વારા હાઈવે પર થતી ગુનાખોરી અને કેમિકલ માફિયાઓ સામે કડક પગલાં ભરવાની મળેલી સૂચના બાદ અમદાવાદ ગ્રામ્ય પોલીસ એક્શન મોડમાં આવી છે. મુખ્યમંત્રી કાર્યાલય (CMO Gujarat) ની ઝીરો ટોલરન્સ નીતિ હેઠળ હાઈવે પેટ્રોલિંગ અને ગુપ્ત બાતમીદારોનું નેટવર્ક મજબૂત કરવામાં આવ્યું હતું, જેના ભાગરૂપે એલસીબીને આ મોટી સફળતા મળી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, આ ગેંગ હાઈવે પર હોટેલો કે અવાવરૂ જગ્યાએ ઉભા રહેતા કેમિકલ અને ઓઈલના ટેંકરોને નિશાન બનાવતી હતી. ડ્રાઈવરોની મિલીભગતથી અથવા નજર ચૂકવીને ટેંકરના સીલ તોડી જ્વલનશીલ પદાર્થો ચોરી લેવામાં આવતા હતા, જે બાદમાં સસ્તા ભાવે કાળાબજારમાં વેચી દેવાતા હતા. આ પ્રકારના જ્વલનશીલ પદાર્થોની ગેરકાયદે હેરાફેરી ગમે ત્યારે મોટી આગ કે અકસ્માત સર્જી શકે તેમ હતી.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI